# ઉ...ઘ...ડ...તે પા...ને

ચૈત્ર મહિનાની શાશ્વતી ઓળીના મંગલ દિવસો પરિપૂર્ણ થયા, તે રીતે 'કલ્યાણ' નો આ અંક વાચકોનાં કરકમળમાં મૂકાશે તે દરમ્યાન અક્ષય તૃતીયા–વૈશાખી ત્રીજના પારણાનો સુઅવસર પણ વ્યતીત થઈ ગયો હશે! ચૈત્ર તથા વૈશાખના દિવસોમાં જૈન સમાજનાં આંગણે અનેક પર્વ દિવસો તથા મંગલિક પ્રસંગો આવે છે. ચૈત્ર મહિનાની શાશ્વતી ઓળીના દિવસો, એટલે જૈનશાસનમાં પરમ આલંબનરૂપ શ્રી નવપદ ભગવંતની આરાધનાનો અણુમોલ અવસર. જૈનશાસનમાં ધર્મની આરાધના માટેનાં તો અનેક આલંબનો, યોગો પરમજ્ઞાની મહાપુરુષોએ ફરમાવ્યાં છે, તેમાં શ્રી નવપદ ભગવંતની આરાધના આત્માની શુધ્ધિ, ચિત્તની નિર્મળતા તથા કાયા અને ઇન્દ્રિયના દમન માટે અનુપમ આલંબનરૂપ છે.

આ દિવસોમાં ઋતુ ઉષ્ણ હોય, ખોરાકના અસંયમના કારણે રોગો થવાનો પૂરેપૂરો સંભવ હોય તેમજ શરીરની જઠરાગ્નિ સ્હેજે મંદ હોય, એટલે આયંબિલનો તપ આ ઋતુમાં અનેકરીતે ઉપકારક બને છે. માટે જ ચૈત્ર તથા આસો મહિનાના દિવસોમાં જૈન-શાસનમાં આયંબિલ તપનું વિધાન કરેલું છે. શ્રી નવપદ ભગવંતની આરાધના, ઉપાસના ને તેમનું ધ્યાન, સ્મરણ, ઇત્યાદિ ખરેખર જીવનમાં મંગલરૂપ છે. જૈન સમાજમાં શ્રદ્ધાનો સુમધુર દીપક ઝળહળી રહ્યો છે, તેના પ્રતીકરૂપે આજે પણ ઉષ્ણતા–ગરમીના દિવસોમાં જૈન-સમાજના આબાળવૃદ્ધ નર–નારીઓ આયંબિલ તપની આરાધના કરી, શ્રીપાલ મહારાજાનાં ચરિત્રમાંથી શ્રદ્ધા, સમર્પણ તથા સદ્‌ભાવના અમૃતની પ્રેરણા પ્રાપ્ત કરે છે, શ્રી નવપદ ભગવંતની આરધનાના આ દિવસો, આપણને શ્રીપાલ મહારાજા તથા મદના સુંદરીનાં જીવનનું મંગલ દર્શન કરાવે છે. તે બન્ને મહા ભાગ્યશાળીઓનાં જીવનમાં ધર્મ પ્રત્યે, શુભાશુભ કર્મની ફીલોસોફી પ્રત્યે તથા ધર્માચરણ પ્રત્યે કેટ–કેટલી શ્રદ્ધા હતી? કેવી નિર્મળ આસ્થા હતી? તથા કેટ–કેટલો ધર્મ માટે સમર્પણ ભાવ હતો! તે બધું આ મંગલ દિવસોની આરાધના સમજાવે છે.

ચૈત્ર સુદિ ત્રયોદશીનો પરમકલ્યાણકારી કલ્યાણક દિવસ વર્તમાન શાસનના અધિપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવના જન્મ કલ્યાણકનો મહામંગલકારી એ દિવસઃ ભ. શ્રી મહાવીરદેવ જેવી વિશ્વવંદ્ય વિભૂતિનાં જીવન તેજને આવા દિવસોમાં યાદ કરી, તેઓશ્રીની આરાધનાને કોટિ–કોટિ અભિવાદન કરવાનો એ સુંદર દિવસઃ વર્તમાન કાળે આપણે ત્યાગ, વૈરાગ્ય, તપ, ક્ષમા, સંયમ તથા સાત્ત્વિકતાના એ મહાવીરદેવે ચિંધ્યા માર્ગેથી જે રીતે ખસતા ગયા છીએ, તે બધુ આવા મંગલકારી દિવસે યાદ કરી, તે મહાવિભૂતિનાં જીવનમાંથી આ ઉત્તમોત્તમ સદ્‌ગુણોને આપણે સહુ અપનાવવા સજાગ બનીએ તો કેવું સારૂં!

ને વૈશાખ સુદિ તૃતીયાનો અક્ષય દિવસઃ ભ. શ્રી ઋષભદેવ પ્રભુએ જે બાર મહિના ઉપરની ઘોર તપશ્ચર્યા કરી, તે તપશ્ચર્યાનું પારણું શ્રેયાંસકુમારનાં વરદહસ્તે થયું, ત્યારથી જૈનસમાજમાં ચતુર્વિધ સંઘમાં વર્ષીતપની શરૂઆત થઇ. બાર-બાર મહિના ઉપરના એકાંતરા ઉપવાસના તપસ્વીઓના તપની નિર્વિઘ્ન પૂર્ણાહુતિનો આ આનંદદાયી દિવસ કેટ-કેટલો ઉમંગ, ઉત્સાહ તથા ઉલ્લાસની ઉર્મિઓ મહાભાગ્યશાલી તપસ્વીઓનાં હૃદય સરોવરોમાં ઉછળતી હશે? અનેક આત્માઓ શ્રી સિદ્ધગિરિજીની છત્રછાયામાં પારણું કરીને પણ તે પાવનકારી તીર્થાધિરાજની છત્રછાયામાં તપની પ્રેરણા પ્રાપ્ત કરતા હશે! ધન્ય દિવસ! ધન્ય ઘડિ પળ!

જૈનશાસન જયવંતુ વર્તે છે, ને જૈનશાસનના તપધર્મ પ્રત્યેની અપૂર્વ શ્રદ્ધા જયવંતી વર્તે છે, તે આ દિવસોમાં આપણને જોવા-જાણવા મળે છે. 'કલ્યાણ' આ બધા શુભ પ્રસંગો પર, મહામંગલકારી અવસર પર, શ્રી જિનશાસનના શ્રદ્ધા, તપ, ત્યાગ, તથા ક્ષમા, ઔદાર્ય ઇત્યાદિ આરાધનાના અંગોની આરાધના કરનાર ચતુર્વિધ સંઘને અંતરના કોટિ-કોટિ અભિનંદન અર્પે છે. જે ઇચ્છે છે કે જૈનશાસનના સનાતન મંગલ માર્ગની સેવા કરવાના તેના અભિલાષને તથા તેની મહત્વાકાંક્ષાઓને સફળ કરવા શાસનદેવ સામર્થ્ય આપે!

★


## શ્રી શત્રુંજય તીર્થપટ

અમો શત્રુંજય આદિ કોઇ પણ તિર્થના પટો ઉંચી જાતના કેનવાસ પર પાકા રંગથી પાણીથી ધોઇ શકાય તેવા, સાચા સોનાના વરખવાળા, રચનાત્મક અને દર્શનીય પટો બનાવીએ છીએ.

વિશેષ માહિતી અને ભાવ તથા સાઇઝ માટે આજે જ લખો : જુના અને જાણીતા

**હરિભાઈ ભીખાભાઈ પેઈન્ટર**

**શત્રુંજય પટ બનાવનાર**

તળાવમાં, પાલીતાણા (સૌરાષ્ટ્ર)

### શ્રી જિનપ્રતિમાના લેપ માટે

**વિખ્યાત કલાકાર**

પ્રતિમાજીના ખંડિત થએલ અંગ, મસાલાથી બનાવીને **પ્રભુને સુંદર ચકચકિત મનોહર મજબૂત લેપ** કરી આપનાર.

મુંબઇ, સૌરાષ્ટ્ર, મારવાડ, કચ્છ, વાગડ, તેમજ મહારાષ્ટ્ર અને દક્ષિણભારતમાં પ્રતિમાજીને લેપ કરી સંતોષપત્રો મળેલા છે. જૈનશાસન સમ્રાટ્ આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાનુસાર લેપ કરી આપનાર.

**પેઇન્ટર શામજી ઝવેરભાઇ** તથા

**,, ઝવેરભાઇ ગોવીંદ**

ઠે૦ જગુમીસ્ત્રીની શેરી—પાલીતાણા

વર્ષ : ૧૯ ⊙ અંક : ૩

# કલ્યાણ

વૈશાખ ⊙ ૨૦૧૮

## આજનું કર્તવ્ય!

વૈદ્યરાજ શ્રી મોહનલાલ ધામી.

ભૂતકાળનાં મીઠાં સ્મરણો કોઇવાર પ્રેરક બનતાં હોય છે તો કોઈવાર દાહક બનતાં હોય છે.

આજે છેલ્લા ચૌદ વર્ષથી ઉત્તરોત્તર વધી રહેલી મોંઘવારીના લીધે મધ્યવિત્ત સમાજજીવનની ભારે અવદશા બેઠી છે અને એ વર્ગનાં ભૂતકાળનાં સ્મરણો આજે પ્રેરક બનવાને બદલે દાહક બની રહ્યાં છે.

સ્વરાજ યુગ પહેલાં સારી પૃથ્વી પર છેલ્લા વિશ્વયુદ્ધની એક છાયા ફરી વળી હતી અને છાયા પહેલાં આપણા દેશમાં માનવીને ખાવા-પીવાના સાધનોમાં ભારે આનંદ હતો.

દૂધ ચોકખું મળતું હતું....ગામડાંઓમાં તો દૂધ વેંચવું એ નાનપ ગણાતી હતી.

ઘી ચોકખું મળતું હતું....રૂપિયાનું ત્રણશેર.

ગાંઠીયા બે આને શેર, ભજીયાં એક આને શેર, મોતીયા લાડવા બે આને શેર, પેંડા બે આને શેર....અને આ બધાં દ્રવ્યો સારાં મળતા હતાં.

અનાજ પણ એટલું જ સસ્તું હતું. માનવી પાસે અઢળક ધન નહોતું પણ જીવવાના વિશુદ્ધ દ્રવ્યોની ખોટ ન હોતી.

આ બધાં ભૂતકાળનાં મીઠાં સ્મરણો છે અને આ સ્મરણો વચ્ચે જે લોકો રહ્યા હશે તે લોકોને આ સ્મરણો પ્રેરણા આપવાના બદલે દાહ જ કરતાં હશે!

પરંતુ આજનો પ્રશ્ન આવા સ્મરણો યાદ કરવાથી કોઇ કાળે પતે એવો છે નહિં.... કારણકે કાગળની ગતિ એટલી ઝડપી હોય છે કે ગઇ પળ કોઈ કાળે પાછી લાવી શકાતી નથી....અને આજની વિચિત્ર અર્થરચનાનો સાણસો એટલો મજબુત છે કે લોકો ભૂતકાળ તરફ એક ડગલું પણ પાછા હટી શકે એમ નથી.

મોંઘવારી વધતી જાય છે, કરવેરા વધતા જાય છે, ભૌતિક સુખોની ભૂતાવળ વધતી જાય છે, સંકુચિત મનોવૃત્તિ વધતી જાય છે, ભેળસેળ અને અનૈતિક જીવનના આસ્વાદની લહેજત વધતી જાય છે....આમ આજે ઘણું ઘણું વધી રહ્યું છે....આ બધી વૃદ્ધિ જોઇને ભૂતકાળનાં મીઠાં સ્મરણો ખરેખર દાહક બનતાં હોય છે!

પરંતુ આ રીતે મીઠાં સ્મરણો યાદ કરવાથી આજનો સવાલ હલ કરી શકાતો નથી, બલ્કે એક ઘેરી નિરાશા ઉત્પન્ન થાય છે જે રાષ્ટ્રના ઘડતર માટે ભારે ભયંકર છે.

નિરાશા વચ્ચે આળોટતી જનતા કોઇપણ સંયોગોમાં ઉત્કર્ષ અને આબાદીની પ્રતિષ્ઠા કરી શકતી નથી.

બબ્બે પંચવર્ષિય યોજનાઓ ખતમ થઇ હોવા છતાં અને ત્રીજી યોજના શરૂ થઇ હોવા છતાં જનતાના પ્રાણુમાં પેસી ગયેલી નિરાશાને એક પળ માટે પણ અળગી કરી શકાઇ નથી એ એક ખુલ્લી હકિકત છે....કારણકે આમ જનતાને આ બધી યોજનાઓ પ્રત્યે કોઈ પ્રકારની તાલાવેલી છે નહિં.

આમ આ નિરાશા એજ જો આ દેશનું જીવતર બની જશે તો આપણી આવતી કાલ ઘણી જ બદતર હશે.

તો પછી કરવું શું ?

આના બે માર્ગો છે. એક છે લોકશાહી માર્ગ, જે પક્ષ સ્થિર અર્થતંત્ર અને ઉત્સાહ-પ્રેરક જીવનબળ આપી શકે એવા પક્ષને સત્તા પર લાવવો. પરંતુ આવું નજદીકના ભવિષ્યમાં બનવું અસંભવિત છે. કારણ કે દેશપર એનો એ પક્ષ સત્તા સ્થાને આવ્યો છે અને દેશ-વાસીઓમાં કોને સત્તા સોંપવી? એ પક્ષ પ્રત્યે લગભગ બેદરકારી છે.

અને બીજો માર્ગ છે જનતાએ પોતે પોતાના નિર્માણનો પુરુષાર્થ કરવો.

આ કામ કઠણ હોવા છતાં સહેલાઇથી કરી શકાય તેવું છે. લોકોએ ભૌતિક સુખોની પરંપરામાંથી મુકિત મેળવવી જોઇએ. આ મુકિત કોઇપણ રાજસત્તા આપી શકે એમ નથી....લોકો પોતે જ સમજીને મેળવી શકે છે.

લોકોએ દરેક પ્રકારના વધુ પડતા અને ખોટા ખર્ચ પર કડક અંકુશ મૂકવો જોઈએ. આ કામ પણ સત્તાથી થઈ શકે એવું નથી.... લોકો પોતે જ અમલમાં મૂકી શકે છે.

જનતાએ પોતાનો સમય ભૂતકાળના સ્મરણો પાછળ ન ગુમાવતાં....સારી. અને હિતકારી વસ્તુ પુનઃ કેમ પ્રાપ્ત કરવી એ વિચાર પાછળ રોકવો જોઈએ. કારણ કે ઉત્તમ વસ્તુ યાદ કરવાથી પ્રાપ્ત થતી નથી....પ્રયત્ન કરવાથી જ પ્રાપ્ત થાય છે.

લોકોએ એક વાત બરાબર સમજી લેવી જોઈએ કે અનીતિથી પ્રાપ્ત થતું ધન બે પળ માટે બાદશાહીનાં સ્વપ્ન દર્શાવે છે, પરંતુ સ્થિર સુખ કદી આપતું નથી અને અસ્થિર સુખો તો માનવીને એકાએક ધરતી પર પટકી પાડતાં હોય છે. આવાં અસ્થિર સુખોનો મોહ જતો કરી જીવનનો પાયો નીતિ અને ધર્મના આદર્શ પર રચાય એવો ભગીરથ પુરુષાર્થ કરવો જોઇએ. આ કામ કોઇ પણ સરકાર કદી કરી શકે નહિ....કારણ કે સરકારો કેવળ અસ્થિર સુખનાં જ માળખાંનાં ચિત્રો નિહાળતી હોય છે! સરકારોનો માપદંડ નૈતિક નથી હોતો પણ ભૌતિક હોય છે....કેટલી આવક વધી એનો જ એ વિચાર કરે છે....જનતાનું નૈતિક સ્તર કેટલું નીચું ઉતરી ગયું છે એ વિચારવાની એને કોઇ ગરજ હોતી નથી

જનતા પોતે ધારે તો ભૂતકાળનાં મીઠાં સ્મરણોને નવા સ્વરૂપે પુનઃ સજીવન કરી શકે છે.

પણ આ કામ વાતો કે ચર્ચાઓથી નથી બનતું....કેવળ પુરુષાર્થ પ્રયત્નથી જ બને છે.

અને આજનું આ એક જ કર્તવ્ય છે. આપણે આ કર્તવ્ય ભૂલી જઇશું તો આપણા જીવ-નને આવરી રહેલો અંધકાર આવતી કાલે આપણી માનવતાને અને આપણા સંસ્કારોને ગળી જશે.

# ચમત્કારોની દુનિયામાં

**શ્રી કાંતિલાલ મોહનલાલ ત્રિવેદી-અમદાવાદ**

આજકાલ ઠેરઠેર ચમત્કારોની વાતો બહુ સંભળાય છે, કેટલીક વખતે કોઇ સરલ હૃદયના ધર્માત્માને કે પૂર્વના સંબંધવાળા આત્માને દેવ સહાય કરે ને કાંઈક ન સંભવી શકે તેવા પ્રસંગો નજર સમક્ષ આવે તે સંભવિત છે. પણ વારે-તહેવારે અમે તેવા માણસો ચમત્કારના બહાને લોકોને ઠગતા નજરે પડે છે, આ કારણે એવા ચમત્કારોના પ્રસંગે બુદ્ધિ, વિવેકશક્તિ તથા સમજણનો સદુપયોગ કરવાપૂર્વક વ્યવહારમાં રહેવું. આ હકીકત આ લેખમાં રજૂ થાય છે; લેખક શ્રી ત્રિવેદી, બ્રાહ્મણ હોવા છતાં જૈનધર્મ પ્રત્યે શ્રધ્ધા ધરાવે છે. જૈનધર્મની તેઓ આરધના કરે છે. પૂ. સાધુ મહારાજશ્રીના સમાગમથી તેઓ ધર્મના અનુષ્ઠાનો આચરે છે. 'કલ્યાણ'ના તેઓ પ્રચારક તથા પ્રશંસક છે 'કલ્યાણ'ના ચિરપરિચિત લેખક છે. 'કલ્યાણ' માટે મોકલેલા આ લેખનો પ્રથમ હપ્તો અહિં પ્રસિદ્ધ થાય છે; બાકીનો ભાગ આગામી અંકે પ્રસિધ્ધ થશે.

આપણે જે વસ્તુને સમજી શકતા નથી અને બુદ્ધિથી જે વસ્તુ બનવી શકય ન દેખાતી હોય ને શકય બનતી જોવામાં આવે ત્યારે આપણે તેને ચમત્કારના નામથી ઓળખીએ છીએ. લોકોમાં કહેવત છે કે 'ચમત્કાર ત્યાં નમસ્કાર' એ ન્યાયે ચમત્કારના નામે કેટલાક ધર્મનો ફેલાવો કરે છે, કેટલાક પૈસા પેદા કરે છે, અને એવું ઘણું બધું ચમત્કારના નામે કરી શકાય છે ને ભણેલા ગણેલા પણ યથાશકિત મુંડાય છે. દા. ત. દરેક ધર્મમાં ચમત્કારિક બનાવોની નોંધ હોય છે, પણ જૈનધર્મ ચમત્કારોને ગૌણ સ્વરૂપ આપે છે જ્યારે કેટલાકો તેને પ્રાધાન્ય આપે છે. ખેર એ તો ગમે તે હોય પણ એટલી વાત ચોક્કસ છે કે ચમત્કારને નામે કોઇપણ પગલું ભરતાં પહેલાં ખૂબજ વિચાર કરવો જરૂરી છે. એ બાબતની વધુ ચર્ચા કર્યા વિના એનો સાર મેં રજુ કરેલી વાતોમાંથીજ મળી રહેશે.

૧. ચમત્કારની દુનિયાનો પ્રથમ અનુભવ મને એ રીતે થયેલો કે એક રાહદારીના પણ મનુષ્યોની ઓછી અવર-જવરના માર્ગે એક ફકીર મળ્યો. તેણે મને ઉભો રાખ્યો. શરૂઆતમાં થોડી આડી અવળી મીઠી વાતો કરીને મને કહેવા લાગ્યો કે, 'દેખ બેટા ગંગામૈયા તેરે ઉપર બહોત પ્રસન્ન હે તેરા ભલા હોને વાલા હે વાસ્તે તેરી જેબમેં (ગજવામાં) જીતના પેસા હોવે વો સબ હમકું દે દે.

આટલું બોલીને તેણે હથેલીમાં અંગુઠો દબાવીને દૂધ કાઢયું. એના ચમત્કારથી નવાઇ પામીને મેં બધી મૂડી (સાત આના) તેના હાથમાં મૂકી દીધી જે લઇને તેણે ચાલતી પકડી પછી તો ગંગામૈયા મારા ઉપર પ્રસન્ન થયાં કે ના થયાં પણ મારા નાણાની તો કલાહ થઇ ગઈ એમ વખત જતાં મને સમજાઇ ગયું.

૨. કેટલીક વખત આવા ચમત્કારો કુદરતી રીતે દેવાધિષ્ઠિત પણ થાય છે. અમદાવાદ શહેરમાં શહેર યાત્રાના પ્રસંગે સાબરમતીના દહેરાસરમાં દીવાલના પત્થરો અને પ્રભુની મૂર્તિમાંથી અમી ઝર્યા કરતું હતું. દીવાલ ઉપર હાથ ફેરવીને લુછી નાખીએ કે તરતજ પાણીનાં બીંદુઓ ખૂબ જ ફૂટી નીકળતાં. આ દેવાધિષ્ઠિત કહેવાય.

૩. અમારા એક મિત્રની પુત્રીને નવરાત્રીના દિવસોમાં હાથમાંથી કંકુ નીકળતું અમોએ સ્પષ્ટ જોયેલું. આ બાબતમાં ખાત્રીથી એમ કહી શકાય કે એ બીના ખરેખર કોઇ પણ કારણસર આ મેલી વિદ્યાના બળે કુદરતી હતી એમાં મંત્ર તંત્ર કે કોઈ જાતની કારીગરીને સ્થાન નહોતું.

૪. અમદાવાદમાં કેટલાંક માણસો કમાવા માટે એક આખલો લઇને ફરે છે. એ આખલો આશ્ચર્યજનક રીતે માણસોને ઓળખી શકે છે. જે નીશાની બતાવી હોય તે નીશાનીવાળા માણસને સેંકડોના ટોળામાંથી પકડી શકે છે. આ બધું કદાચ સત્ય હોય છતાં જો કોઇ એમ માને કે આ આખલાની ભવિષ્યવાણી પણ સાચી પડતી હશે તો તે ભ્રમ છે. એ આખલાની ભવિષ્યવાણી ખોટી પડે છે અને એ ભવિષ્ય પૂછવા માટે આપેલાં નાણાં બરબાદ જાય છે એવો અમારો અનુભવ છે.

૫. રસ્તા ઉપર કેટલાક માણુસો મેસ્મેરીઝમના પ્રયોગો કરે છે, તેઓ એક છોકરાને સુવાડી તેની આંખો બાંધીને ખૂબ કપડાં ઓઢાડે છે, એ છોકરો રસ્તા ઉપર જતી ઘોડાગાડી, મોટરો વગેરેના નંબરો કહી આપીને જનતાને આશ્ચર્યમુગ્ધ કર્યા બાદ તાવીજ વગેરે એ નામે વેચે છે, ઘણા ખરીદે છે. કહેવાની ભાગ્યે જ જરૂર રહે છે કે એ તાવીજ તો પૈસા પડાવાનો કીમીયો હોય છે. એ લોકો એવી રીતે નંબરો કહી શકે છે, પણ તમારી મુઠ્ઠીમાં તમે કઇ ચીજ અથવા કેટલા સીક્કા કઈ સાલના રાખ્યા છે તે નહિ કહી શકે. એનો અર્થ એ થયો કે ખેલ કરનારો માણુસ જે વસ્તુ જોઇ શકે છે તે વસ્તુનો પ્રશ્ન ગૂઢ ભાષામાં પેલા સુતેલા છોકરાને પૂછે છે, અથવા સમજાવો દે છે એટલે જ પેલો છોકરો તમારા સવાલનો સાચો જવાબ આપી શકે છે, નહિ તો તમને મળેલો જવાબ ખોટો જ હોય. ખાત્રી કરી લેજો. એના જ અનુસંધાનમાં બીજો દાખલો આપું.

એક પ્રદર્શનમાં માણુસનું ડોકું તમારા સવાલનો જવાબ આપશે એવી જાહેરાત હતી. ફી માત્ર એક આનો હતી. કુતુહલથી અમે ગયા ખરા પણ ઉપર જણાવી તેવી બીના મારા ધ્યાનમાં હતી. એટલે અમારા સાથીદારે તો પોતાનું સાચું નામ પોતાની નોટબુકમાં લખ્યું ને પેલા ધડ વગરના મસ્તકને (અલબત્ત ધડ તો હતું પણ કારીગરી એવી કરેલી ધડ વગરનું મસ્તક દેખાય) એની કંપનીના માણુસે પ્રશ્ન કર્યો ને જવાબ સાચો મળ્યો. હવે મારો વારો આવ્યો એટલે મેં ખોટું નામ લખ્યું તો જવાબમાં પણ ખોટું લખેલું નામ જ બોલાયું. મેં તરતજ જાહેર કર્યું કે મારું નામ લખ્યા મુજબ નથી પણ કાંતિલાલ છે તો જવાબ મળ્યો કે તમે લખેલું છે તે છે કે નહિ? આનો અર્થ સ્પષ્ટ છે. જવાબ દેનાર વ્યક્તિ ચમત્કારિક નથી પણ પ્રશ્ન પૂછનાર વ્યક્તિ પોતાની સાંકેતિક ભાષામાં પેલાને સમજાવી દે છે માટે આ ચમત્કાર નથી પણ ચાલાકી છે; આવી ચાલાકીને ચમત્કાર માનીને લાંબી રકમ ખર્ચવા કદી તૈયાર થવું નહિ.

૬. આ ચમત્કારિક બનાવ ખાસ વિશ્વાસુ માણુસ પાસેથી સાંભળેલો હોવાથી વિશ્વાસપાત્ર ગણીને રજુ કરૂં છું. નેપાળનો એક જોષી આવેલો તે તમારા મનમાં રહેલો પ્રશ્ન કહી આપે. આ બનાવને આપણે ખૂબ જ ચમત્કારિક માનીએ એ દેખીતી વાત છે એટલે સારા પ્રતિષ્ઠિત અને સુખી માણસોએ ૧૦૦, ૨૦૦ ૫૦૦, એવી મોટી રકમો આપીને પોતાના ભવિષ્યના પ્રશ્નો પૂછી લીધા. એવી જ રીતે આ વાત કરનાર વ્યક્તિ પણ યથાશક્તિ ફી આપીને પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં જોષીએ જણાવેલું કે તમારૂં લગ્ન ૬ માસમાં થશે ને એક જ સગાઇમાં લગ્ન થશે. જ્યારે હકીકતમાં ભાઇના લગ્ન બાર મહિના બાદ થયેલાં ને તે પણ એક ઠેકાણેથી સગાઇ તોડયા બાદ જ. એટલે આમાંથી સમજવાનું એ છે કે વર્તમાન અને ભૂતકાળ બરાબર સાચો કહેનાર વ્યક્તિ ભવિષ્ય કાળ સાચો જ કહેશે અગર બીજી કોઇ બાબતો જેવી કે બજારની રૂખ, આંક ફરક, લોટરી, રેસ વિગેરેની પણ સચોટ આગાહી જ કરશે એમ માનીને મોટી રકમ ખર્ચવાનો વિચાર કદીપણ કરવો નહિ કારણ કે કોઇ સાધનાના બળે ભૂતકાળ કહી શકાય પણ ભાવિ નથી કહી શકાતું.

૭. મુંબઇમાં એક પ્રોફેસર છે જેમની ખૂબ જ મોટી જાહેરાતો એવા પ્રકારની આવે છે કે 'સીલબંધ કવરમાં પૂછેલા પ્રશ્નોના સાચા જવાબ મલશે!' આમાં એ બાબત ચોક્કસ છે કે કવર સીલબંધજ તમને પાછું મળે છે. એમાં કોઇ જાતની કરામત હોય છે એ વાત સાવ સાચી. જવાબ પણ તમારા પૂછેલા પ્રશ્નનોજ હોય છે, પણ એ જવાબ સાચો જ હોય છે એની કોઇ ગેરંટી એ પ્રોફેસરની જાહેરાતમાં હોતી નથી. અમારા એક મિત્રે પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં એમ જણાવેલું કે, બત્રીસમાં વર્ષે તમારાં લગ્ન થઇ જશે. આજે એ માણસને પચાસમું વર્ષ જાય છે પણ લગ્ન થયાં નથી અલબત્ત જે કવરમાં સવાલ પૂછેલો તે કવર એજ રીતે સીલબંધ પાછુ મળેલું એની સાથે પ્રોફેસરના પ્રત્યુત્તરવાળો બીજો પત્ર હતો. એ પ્રત્યુત્તર કેટલો સાચો હતો એ આપણે ઉપર જોઇ ગયા.

૮. થોડાં વર્ષો ઉપર અમદાવાદ, સુરત, મુંબઇ

વગેરે શહેરોમાં અમુક ભાઇ કે બ્હેનને સમાધિ આવે છે ત્યારે ભગવાન આવીને એ વ્યક્તિને પ્રસાદ આપી જાય છે. એ બાબત ખૂબ જ પ્રસિદ્ધ થયેલી એની સત્યતાનો અનુભવ કરવાનો પ્રસંગ મને મળી ગયેલો.

હકીકત એમ બની કે ઘણા અનુભવોથી હવે મને એ બાબતમાં ખાસ રસ નહોતો પણ મારા એક મિત્રે મને ખૂબ જ દબાણ કર્યું કે જોવામાં શું જાય છે! પૈસા આપવાના તો છે નહિ. હું પણ કંઈક નવું જોવા-જાણવાનું મળશે એમ સમજીને સંમત થયો. અમો બંને તે સ્થળે જઇ પહોંચ્યા ત્યારે પચાસેક માણસો ત્યાં બેઠેલા હતા અને સમાધિ હવે લગાવાની હતી. એટલે અમો પણ આતુરતાપૂર્વક એ સમાધિ લગાવનાર ડોશીમાની ખૂબ જ નજીક ગોઠવાયા. ધીમે ધીમે સમાધિની તૈયારી થવા લાગી. માજી ભગવાનની સન્મુખ ગોઠવાયાં. બધાં કપડાં ખૂબ જ ખંખેરી નાખ્યા ને તે પણ એવી રીતે કે કપડામાં કોઇ ઠેકાણે પ્રસાદ છૂપાવેલો નથી એની ખાત્રી થાય. એવી રીતે મને પણ એ બાબતની તો પાકી ખાત્રી થઇ કે કપડામાં તો છૂપાવેલું કાંઈ નથી. મારી ખૂબ જ બારીક નજર ત્યાં હતી. પણ હું કંઇ જ જોઇ શક્યો નહિ અને થોડા સમયમાં માજીએ ખોળામાંથી બદામ અને સાકર બધાને વહેંચી પણ ખરી ને મેં ખાધી પણ ખરી. અહીં સુધી તો મારે તેને ચમત્કાર માનવો પડ્યો પણ આ પ્રસાદી ભગવાન આપી જાય છે કે આપણે જેને સમજી શકવાની અશક્તિના કારણે ચમત્કાર કહીએ છીએ એનો પ્રતાપ છે એ નક્કી કરવાનો પ્રસંગ ઉપસ્થિત થયો.

પ્રસાદી વહેંચાયા બાદ દરેકને કહેવામાં આવ્યું કે જેને પ્રશ્ન પૂછવા હોય તે પૂછી શકે છે.

દરેકે એ કાર્ય પતાવ્યું પછી અમારો વારો આવ્યો. મેં એવો પ્રશ્ન વિચારી રાખ્યો હતો કે જવાબના સાચા ખોટાની ખાત્રી તરતજ થઇ જાય. જો ભગવાન પ્રસાદી આપી જતા હોય તો ખોટા પ્રશ્નને તરતજ ખોટા તરીકે જાહેર કરી દે. જો એમ ના બને તો માનવું કે પ્રસાદ ગમે તે રીતે આવે એની સાથે આપણને કંઇ નિસ્બત હોય નહિ, હું પ્રથમ જ જણાવી ગયો છું કે કુદરતી ચમત્કાર તો ભાગ્યે જ હોય છે બાકીના તો મનુષ્ય સર્જીત ચમત્કાર હોય છે માત્ર આપણી બુદ્ધિ તેનો ભેદ પારખી શકતી નથી તેથી જ આપણે તેને ચમત્કારની ઉપમા આપીએ છીએ.

આથી કરીને મેં પ્રશ્ન કર્યો કે, હે પ્રભુ, મારી પત્નિને ૭ બાળકો થયાં એમાંથી એકપણ બાળક ઉછર્યું નહિ. તેનું કારણ શું?

જવાબમાં માજીના દેહમાં રહેલા ભગવાને કહ્યું કે તમારી પત્નીને છાતીના અંદરના ભાગમાં ચાંદી છે માટે બાળકો જીવતાં નથી.

હકીકતમાં તો મારે એકેય સંતાન જ ન હતું. સીમંતનો જ પ્રસંગ આવ્યો ન હોતો ત્યાં આગળની વાત તો કરવાની જ ક્યાં રહી?

કામ પતાવી બન્ને મિત્રો નીકળી ગયા. રસ્તામાં પેલા ભાઇ મને કહેવા લાગ્યા કે, તમારા, ખોટા પ્રશ્નને ભગવાન ના પકડી શક્યા તો પછી પ્રસાદી ક્યાંથી આવી?'

મેં તેને ચમત્કારનો અર્થ ઉપર જણાવ્યો તે મુજબ આપ્યો ને વિશેષમાં કીધું કે તમેજ મને એક વખત કહેતા હતા કે મહોલ્લામાં ફરવા આવેલા એક હરીજન ગોરે હથેલીમાંથી કંકુ કાઢી બતાવેલું એવું જ આમાં સમજવાનું. આમાં કોઇ મેલી સાધના હોઇ શકે છે.

જો ખરેખર એ હરીજનગોરને માતાજી હાજરા-હજુર હોય ને એ માજીને ભગવાન પ્રત્યક્ષ થતા હોય તો લોખંડને હાથ અડાડીને સુવર્ણ બનાવી શકે. આંધળાને તરતજ દેખતો કરી શકે (અન્ય ધર્મોમાં ભગવાન કે માતાજી આવું કરી શકે છે આવી માન્યતા છે.) વગેરે ઘણું કરી શકે પણ આમાંનું કંઇ બનતું નથી માટે આવા ચમત્કારમાં શ્રદ્ધા રાખવી એટલે અક્કલને ગીરો મુકવા બરાબર છે. પેલા ભાઇને બરાબર સમજાઈ ગયું. હવે એ ભાઈ કદી ચમત્કારના નામે ગાંડા બનતા નથી. ને બીજાને બનવા દેતા નથી.

# શિક્ષણનો સાચો આદર્શ

પ્રવચનકાર : **પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ**

અવતરણકાર : **શ્રી કપૂરચંદભાઇ રણછોડદાસ વારૈયા પાલીતાણા**

પૂ. પાદ આચાર્યદેવશ્રીએ સિદ્ધક્ષેત્રની પુણ્ય ભૂમિપર તા. ૨૨-૩-૬૨ના દિવસે પાલીતાણા એજ્યુકેશન સોસાયટીના કાર્યકર્તાઓની વિનંતિથી આર્યસંસ્કૃતિ તથા શિક્ષણપર મનનીય અને ચિંતનસભર એક જાહેર પ્રવચન કન્યા-હાઇસ્કુલ સભાગૃહમાં આપ્યું હતું. જે મનનીય પ્રવચનનો હજારો ભાઈ-બહેનોએ લાભ લીધો હતો. પૂ. પાદ આચાર્યદેવશ્રીનાં એ જાહેર પ્રવચનનું સારભૂત અવતરણ પંડિત શ્રી કપૂરચંદભાઈ વારૈયા (મેનેજર શ્રી જૈન શ્રેયસ્કર મંડળ-પાલીતાણા શાખા)એ કર્યું હતું. 'કલ્યાણ' પ્રત્યેની આત્મીયતાથી પ્રેરાઈને તેઓએ અમારા પર એ અવતરણ મોકલાવ્યું છે. જે અમે અહિં 'કલ્યાણ'ના વિશાળ વાચક વર્ગ માટે પ્રસિદ્ધ કરીએ છીએ!

⊙

**આ** આપણું આર્યાવર્ત્ત કે જેને અનંત-જ્ઞાનીયોએ પુણ્યભૂમિ તરીકે ઓળખાવેલ છે. આત્માને પરમાત્મા થવાનું જે સામર્થ્ય, એનું ઉદ્‌ગમસ્થાન આર્યભૂમિ છે. એ આર્યભૂમિમાં આર્યસંસ્કૃતિનું ચિંતન કરનારા આ વિષમ કાળમાં જાગતા રહે એ આનંદનો વિષય છે. અન્યથા વર્ત્તમાનમાં તો એવી સ્થિતિ સર્જાઇ રહી છે, કે-આર્યસંસ્કૃતિ જેવી કોઇ ચીજ જ ન હોય એવું વાતાવરણ સર્જાઇ રહ્યું છે.

આપણી વાત શિક્ષણ અંગેની છે. શિક્ષણ કેવળ આલોકના જીવિત માટે સીમિત ન હોય. કારણ કે આ લોક આપણા સૌ માટે પરિમીત છે. આત્મા અનંતકાળ સુધી રહેવાનો છે. વર્ત્તમાનમાં આપણું જીવન આપણે રહીયે ત્યાં સુધીનું છે. આ જીવન ભાવિકાળ સુધારવા માટે છે. શિક્ષણના મૂળમાં એ વસ્તુ પડેલી છે.

બાળાઓને એક મોટા ભયમાંથી ઉગારી લેવાનું આ કાર્ય આ સંસ્થાએ કર્યું. સહશિક્ષણ એ સદાચારના મૂળમાં આગ ચાંપનાર છે. જેમ આ એક મહાઅનર્થમાંથી બચાવવાનું તમારા ધ્યાનમાં આવ્યું તેમ તમારા ધ્યાનમાં એ આવી જાય કે આજનું આપણું જીવન નાનકડું છે. જીવન અનંત છે. અનંત જીવનને સારું અને ઉજ્જવળ બનાવવા માટેનું આ જીવન છે. અનંત જીવનને સારું બનાવવા માટે શું કરવું જરૂરી છે? એ આજના પ્રોફેસરોને કે પ્રીન્સીપાલોને પૂછીએ તો તે શું કહે? એ અમારે જાણવું છે, પણ તેમની પાસે એનો જવાબ નથી.

ભૂતકાળમાં અમારે ત્યાં સાધુ બનતા તેમને ગ્રસ્થાહશ્રમનું કામ ન હતું. પણ તેવી શક્તિ ન હોય તેને વિજાતીયનો સંયોગ કરવો પડતો. પણ તે વખતે તેનું કૂળ, જાત વગેરે જોવાતું. અત્યારે એ જોવાતું નથી. અત્યારે તો કઇ ડીગ્રી છે? એ જોવાય છે. અને તેથી છોકરાઓ મા-બાપના મટતા જાય છે. આ અંગે અમારી પાસે મા-બાપોની ફરીયાદો આવે છે. ફરીયાદ આવતા અમે મા-બાપોને પૂછીયે છીએ કે, દીકરાઓને તો ઠીક પણ દીકરીઓને ડીગ્રી અપાવવાનો મોહ શા માટે? મા-બાપ કહે છે, કે-સામો પક્ષ ડીગ્રી માટે પહેલા પૂછે છે. પણ ખરી રીતે તો દીકરીઓને ડીગ્રી કોઇ કામની નથી.

આજે તો અમારો શિક્ષિત પણ બેકારીની બૂમ મારે છે. સારો ભણેલો પણ સત્તા માટે દોડતો ફરે છે. તમારા બધાની શું ઇચ્છા છે? તમારા હૈયાના ઉંડાણમાં શું બેઠું છે?

તમને એમ થાય છે? કે, આ શિક્ષણ દ્વારા સંતો પાકે, મહાસતીયો પાકે, ધર્મ માટે અને દેશ માટે પ્રાણ દેવા તૈયાર થાય એવા સેવકો પાકે. મરે ત્યારે એમના જીવનની સુવાસ ચારે બાજુ ફેલાતી હોય, એવા માનવો પેદા કરવા માટે આ સંસ્થાઓ છે ને?

હું કોણ? મારું શું? મારા માટે કરણીય શું? અકરણીય શું? એ વસ્તુ આ શિક્ષણદ્વારા ન સમજે તો તે ન ચાલે.

હું આત્મા છું. આ શરીર તો જેલ છે. અત્યારે તો આખો દેશ જેલ છે. અત્યારે તો શું બોલવું અને શું ન બોલવું એ પણ શિખવવા બીજેથી આવવાના છે. આ જાતનો આ યુગ આવી રહ્યો છે. આજે તમને લાગે છે, કે–દેશ ઉન્નત બની રહ્યો છે? દેશની પ્રજા ઉન્નત બની છે? એમ લાગે છે? દેશ સોનાથી મઢેલો હોય પણ માનવ આત્માને ભૂલતો જાય, પરલોક ભૂલતો જાય, તો એ સોને મઢેલો દેશ પણ શું કામનો?

દેશ આપણો? ગામ આપણું? ઘર આપણું? એમ આપણું આપણું કહેનારને પણ મૂકવું પડે છે. માટે હું એટલે આત્મા. આત્માને આ શરીર બંધન છે. આ શિક્ષણ પામેલો એવી રીતે જીવે કે એનું જીવવું કોઇને ભારે ન પડે. દેશના, કુળના, જાતિના ઉત્તમ આચારને એ કદી ન ભૂલે.

ધન, ભોગ કે સત્તા જેવી તુચ્છ વસ્તુ માટે ધર્મવાળાએ કદી કજીયો કર્યો નથી. જ્યારે આજે તો ધન, ભોગ અને સત્તાની ભૂખ જાગી છે.

શિક્ષણદાતાઓએ સાચા શિક્ષણદાતા બનવું હોય તો રાજકર્તાને કહેવું જોઇએ કે, તમારે અમારા શિક્ષણના પ્રશ્નમાં ડખલગીરી ન કરવી, પુસ્તકો પણ શિક્ષકવર્ગ પસંદ કરે તે હોવા જોઇએ, શિક્ષકવર્ગ પસંદ ન કરે તે ન ચલાવવા જોઇએ. આજે બાર–બાર મહિને પુસ્તકો ફર્યા કરે છે. અમારા સમયમાં તો દાદાનું પુસ્તક અમે ભણેલા. પુસ્તકમાં ડાઘ નહીં. એકે લીટી દોરેલી નહિ. આજે તો ચારે બાજુ ચીતરેલું હોય. શિક્ષક બોલે એ આજે લખવાનું, ત્યારે અહિં (હૈયામાં) શું પેસવાનું?

આજે તો પાઠ્યપુસ્તકોમાં પણ વેપાર ચાલે છે. આજના વેપારીને જોઈને તેની દયા આવે છે.

આજે તો બોલે છે કે–'ધર્મની વાત ન જોઇએ.' 'ધર્મની વાત દેશને બરબાદ કરવો હોય, તો કરો.' ભગવાને કહેલી વાત જે શિક્ષણ ભૂલાવે તે આ દેશની ભયંકર કમનસીબી છે.

ઇશ્વરને ન માને એ આ દેશનો નેતા ન થઇ શકે. વર્ષોથી પ્રજા જાગ્રત્ થઇ છે એમ કહેવાય છે પણ પ્રજા આજે બોલી શકતી નથી. અને સાચી વાત પચાવવા જેવું લોકોનું દીલ નથી.

આપણે એ નક્કી કરવું છે, કે–બાળકને કોઈ પૂછે, કે–'તમે કોણ?' તો કહે, કે–'આત્મા.' પછી ભલે શરીર, દેશ વગેરે બધું જાણે.

આજે તો પોતાની સારી જાત અને સારું કૂળ પણ બોલતાં શરમ આવે છે. જેમાં પરમાત્માનું નામ સાંભળવા મળે, અહિંસા–સંયમ અને તપના સંસ્કાર જેમાં મળે એવા જાતિ–કૂળ મળવા સહેલા છે? આપણા ભોગે બીજાને સુખી કરવાની ભાવના સહેલી છે? સાચા શિક્ષિતને થાય, કે–સંસારના સુખ જે તજી જાય એને અમારું માથું નમી જાય. ભણે એને સંસારી સુખની ભૂખ વધે કે ઘટે? ધનનો લોભ વધે યા ઘટે? ધન માટે પણ કોઇ અનીતિ કરે? ધન લઇને સારા કામ કરે એને સેવા કહેવાય? 'સેવા' શબ્દનો આજે ભયંકર વ્યભિચાર થઇ રહ્યો છે. ઘરમાં પાલક કોના? અને પોષક કોના? હાથ નીચેના કુટુંબ પરિવારના પોષક કહેવાઓ. પણ માતા–પિતાના તમે પોષક છો કે સેવક? જે માતા–પિતાનો સેવક હોય તે પરમાત્માનો સેવક ન હોય? સાધુ–પુરુષોનો સેવક ન હોય?

ખરી રીતે તો ભણીને નીકળેલા કહે કે–પૈસાની શું કિંમત છે? પસા વિના ચાલે એટલે લેવા પડે. પણ પૈસા વિના ચાલતું હોય તો ન લે.

અમે તો પૈસાનો ત્યાગ કર્યો છે. કોઈની પાસે અમારાથી રખાવાય પણ નહિ.

અમને ભણાવનાર મહેતાજી નાની પોતડી પહેરતા. ઉનાળામાં ભીનો ટૂવાલ ખભે રાખે, શીયાળામાં સૂકો ટૂવાલ રાખતા, કપાળમાં તિલક રાખતા. વિદ્યાર્થી નિશાળમાં આવે અને પગે લાગતો ભૂલે તો કહેતા, કે–માતા પિતાને પગે લાગી આવ્યો? 'ના' કહે તો કહે, કે–'જા ઘરે, પગે લાગીને આવ.' એમ ન કહે કે 'મને પગે કેમ ન લાગ્યો?'

વિદ્યાર્થી ઘરે જાય. મા-બાપ કહે, કે-'કેમ નિશાળેથી પાછો આવ્યો?' બાળક કહે, કે-'પગે લાગ્યા વિના ગયેલ એટલે માસ્તરે પગે લાગીને આવવાનું કહ્યું, એટલે પાછો આવ્યો.' પગે લાગીને પાછો નિશાળે જાય.

આજે તો માસ્તર કાંઇક કહે કે ઝગડો કરે. પહેલાં તો સ્કુલમાં શિક્ષક સામે બોલાય નહિ. આજે તો પરીક્ષકનો પણ ફજેતો કરે.

આજે આપણા દેશનું કલ્યાણ કરવાનું કહેનાર કેવી ભીખ માગે છે એ આપણે જોયું. ભીખ માગીને દેશનું કલ્યાણ કરવાની વાત કરે એ સમજાય તેવી વાત નથી.

આ આર્યદેશમાં જન્મીને છેવટે મરવું. એ મરવું એટલે શું? મરવું એટલે અહિં કરતાં સારા જીવનમાં જવું. એમ કરતાં થોડા જીવન એવા પસાર થાય કે ફરી મરવાનું થાય નહિ. શાશ્વત જીવન મળે. જેથી ફરીથી મરવાનું ન થાય.

બ્રહ્મચર્ય એટલે શું? બાળ બ્રહ્મચારીને જુઓ એટલે તમને પ્રેમ થાય ને? હૈયામાં એમ થાય ને? કે આપણે રહી ગયા? આવતા જીવનમાં બાળ બ્રહ્મચારી થવાનું મન થાય ને?

ધનનો ભૂખ્યો, ભૌતિક સુખનો ભૂખ્યો, સત્તાનો ભૂખ્યો કોઇને ફસાવે, પ્રપંચ કરે આ બધા ગુનાના કામ છે ને? સ્વયં ગુનેગાર જગતને બીન ગુનેગાર કેમ બનાવે?

ધનને માટે, ભોગને માટે, સત્તાને માટે ભીખ માગનારા આર્યદેશના માનવી હોય? એવાને કદાચ ધન, ભોગ કે સત્તા મળી જાય એ કોઇકના ભલા માટે હોય? આપણે સારા હોઇએ તો લોકો ઉંચકીને ઉચ્ચસ્થાને લઇ જાય અને કહે કે,-'અમારી સંભાળ લો.'

દશરથનો મોટામાં મોટો દીકરો રામ ને? કાયદેસર ગાદીનો વારસ હોવા છતાં તેને રાજગાદી જોઇતી નથી. આજે તો રખડેલાને પણ રાજગાદી જોઈએ છે.

આગળના સમયમાં અમારા દેશના મોટા મહારાજાઓએ અન્યાયી રાજાને ઉંચકીને ફેંકી દીધા છે, પણ તે રાજગાદી લેવા માટે નહિ, પણ તેની જગાએ તેના યોગ્ય દીકરાને રાજ્ય ઉપર બેસાર્યા.

ઓરમાન માએ પોતાના દીકરા માટે રાજ્યગાદી માગી તેની સામે ગાદીના વારસદારે વાંધો ન લીધો. તેના મૂળમાં શું હતું? રાજાએ પણ સંન્યાસી થવું જોઇએ. આ દેશના માનવી માત્રે સંન્યાસી થવું જોઈએ. કમનસીબે ન થાય, અશક્તિ હોય તો ન થાય એ બને, તો વાનપ્રસ્થ બને. તમે કેટલા બન્યા?

ઘરનો માલીક ઘરના બધા માણસોને ભેગા કરીને કહે કે 'ઘર વસવા જેવું નહિ.' ઘર-બાર બધું પોતાનું નથી. તમારી પાસે જે છે તે બધું તમારું છે? આ બધું શિક્ષણ બચ્ચાઓને મળે તે કદાચ ઘર માંડે તો ઘર પણ મજેના ચાલે. આજે તો તમારા ઘર એવા ચાલે છે કે એ ઘરમાં તમે જ રહી શકો. આજે ઘરમાં બૈરી ન માને, છોકરા ન માને, નોકર પણ ન માને. અવસરે નોકરને જે રીતે હાથ જોડે તે રીતે સાધુને પણ હાથ ન જોડે. આ આજની હાલત છે. છે. શાથી? ઉંધું શિક્ષણ મળે છે તેથી.

સાપથી આજીવિકા ચલાવનાર મદારીને પૂછજો. ઝેર નીચોવી નાંખેલા સાપને કેવી રીતે રાખે છે? કરંડીયામાં. કારણ કે-જાતનો ઝેરી છે ને? ભૂલથી કરડી બેસે તો જડીબુટ્ટીનો ઉપયોગ કરે.

ધન, ભોગ અને સત્તાની લાલસા જેવી બૂરી કોઇ ચીજ છે? એ ધન-ભોગ સારા હોઇ શકે? માણસને ખરાબ કર્યા હોય તો કોણે? એ બે અને સત્તાની લાલસાએ.

માટે કૈકેયીએ રાજ માગ્યું અને દશરથે આપ્યું. શા માટે? ભરત માટે રાજગાદી માંગી, એ ભરતને પણ દશરથ ઓળખતા. ભરતને રાજગાદી જોઇતી ન હતી એ પણ દશરથ જાણતા હતા. એ સમયે રાજાને કે રાજાના સંતાનોને રાજ્યની લાલસા ન હતી. આજે બધા ધનના, ભોગના અને સત્તાના લાલચુ બન્યા છે.

આ શિક્ષણ પાછળ તમારો એ હેતુ હોય, કે-આ લોક ગૌણ છે. જીવન અનંત છે. અનંત જીવનને સાર્થક કરવા આંખ સર્વત્યાગ ઉપર રહેવી જોઇએ.

આ જીવનમાં સર્વત્યાગ ન કરીએ તો આ જીવનનું કામ અધુરું રહ્યું મનાય. ડોકટર આવે અને પૂછે તો કહેવું કે–શરીરને રોગનું ઘર માનીએ છીએ. આ માનવજીવન પામ્યા પછી તેનું એક કામ –સર્વત્યાગ કર્યા સિવાય મરવું પડે છે. સર્વત્યાગ કર્યા વિના મરવું પડે તેનું જ દુઃખ તમને થવાનું ને? કે છોડવું પડે છે તેનું ?

સભા–છોડવું પડે છે એનું.

**ભલે ન છોડી શકે, પણ છોડવા જેવું માને એને અમે શિક્ષત માનીએ.**

આ શિક્ષણના મૂળમાં આ વસ્તુ છે ? ન હોય તો ઘાલજો, આ વસ્તુ તમારાં હૈયામાં હોય તો અમારી સહાનુભૂતી ન આવીયે તોય માનજો અને આ વસ્તુ તમારા હૈયામાં ન હોય તો અમે આવીયે છતાં અમારી સહાનુભૂતિ ન હોય. તમારા સંતાન ડીગ્રી લઇને આવે તો કહેજો કે, તારા મા–બાપ આ જનમનાં છીએ. આ જીવનમાં પણ જીવતાં સુધી સાથે રહીએ એમ પણ નથી. અનંત જીવનને સુધારજે.

છોકરો બાપને નોટીસ આપે એ પણ ભણેલો ને? નોટીસ લખી આપનાર પણ ભણેલાને? આ આર્યતા ખરી કે ? એટલે મારે તમને સલાહ આપવી છે કે, તમારે બધી વાતથી ચોંકવાનું છે. **આજે શિક્ષણ લેવા માટે મોકલવા એટલે માણસાઇથી મૂકાવવા.**

અમે બંગાળમાં હતા ત્યારે મચ્છી ખાનારા લોકો પણ પાપનો ભય સેવતા. આજે મચ્છી નહિં ખાનારા પણ મચ્છીનો ઉદ્યોગ કરી રહ્યા છે.

આ દેશમાં જન્મેલા આપણે આ જન્મ બગાડીને ન જઇએ એ સાવચેતી રાખજો. સાવચેતી રાખીને જીવજો. ધનપણ જાતિથી મેળવાય તો મજેનું.

શિક્ષણ કેવળ આ જીવન માટે નથી. પણ ભાવિ જીવન માટે છે. ભાવિ જીવન એટલું છે કે અનંત. ભાવિ જીવન સુધારવા માટે આપણા અંતરમાં ઇચ્છા છે ? જન્મ્યા એટલે મરવાનું નક્કી ૨–૫–૧૦ જીવન એવા પસાર થાય કે પછી જન્મ ન પામવો પડે. એ સંસ્કાર જીવતો થઇ જાય તો આ શિક્ષણ મજાનું. ભાષાજ્ઞાન પણ એ માટે જરૂરી છે.

આથી ધન મળી જાય પણ ભોગવવું એ પાપ. મોટા માણસો બૂમો મારે છે કે–દેશ ભૂખે મરે છે, પણ એમને કહીયે કે 'તમે કેમ ખાવ છો ?' પણ તેમનામાં દેવાની વૃત્તિ જ નથી. દેશ ભૂખે મરે ત્યાં સુધી ભીખબંધીનો કાયદો હોઇ શકે ? ભીખ ન માંગે તો શું કરે ? મરી જાય?

આજના આ યુગમાં, આજના શિક્ષણમાં જરાય તણાઇ જવા જેવું નથી. 'હું આત્મા છું, જે જન્મ લે તેને અવશ્ય મરવું પડે, એમ સમજી હું અજન્મા થાઉં' એવા સંસ્કાર કેળવે એ શિક્ષણનું મૂળ છે.

ભારત સરકાર દ્વારા રજીસ્ટર્ડ
આ કોઢની દવા હજારો માણસોએ વાપરી સંતોષ વ્યક્ત કરેલ છે.
**સફેદ દાગ :** મૂલ્ય રૂા. ૫–૦૦
માહિતી મફત મંગાવો. નકલથી સાવધાન!
**સૂચના :** પત્રવ્યવહાર હિંદી તથા અંગ્રેજીમાં કરવો.
**શ્રી વૈદ્ય કે. આર. બોરકર,**
૪૦૩, આયુર્વેદ ભવન,
મુ. પો. મગરૂલપીર. (જી. આકોલ મહારાષ્ટ્ર)

યક્ષરાટ્ ઇષ્ટપ્રાપ્તિ યંત્ર!
શ્રી ઘંટાકર્ણ મહાવીર
ત્રિરંગી ચિત્ર ૭½"×૧૦"
પોસ્ટેજ સાથે ૨૫ ન. પૈસા
કિંમત ૫૦ ન. પૈસા
આધિ–વ્યાધિ–ઉપાધિ
તાત્કાલિક દૂર કરવા જાતેજ
ચમત્કાર અનુભવી લો
શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
બુક સેલર્સ અને પબ્લીશર્સ
ગીકા સ્ટ્રીટ–ગોડીજી ચાલ–મુંબઇ ૨.

# રામાયણની રત્નપ્રભા

શ્રી પ્રિયદર્શન

### [ 'કલ્યાણ' માટે ખાસ ઐતિહાસિક ચાલુ વાર્તા ]

**પૂર્વ પરિચય :** દિગ્વિજય કરવાને નીકળેલ દશમુખ રાવણ દુર્લંઘપુરના રાજા નલકૂબરને જીતવા બિભીષણ તથા કુંભકર્ણને સૈન્ય સાથે મોકલે છે. દુર્લંઘપુરની ચોમેર આશાલી વિદ્યાના કારણે ભડ-ભડ અગ્નિજ્વાળાઓ સળગી રહી છે. દુર્લંઘપુર જીતવું કઠિન લાગતાં રાવણ ત્યાં આવે છે, તે મૂંઝાય છે; ત્યાં નલકૂબરની પટ્ટરાણી રાવણ પ્રત્યેના અનુરાગથી તેને વશ થાય છે ને વિદ્યા આપે છે. રાવણ નલકૂબરનો પરાભવ કરે છે. ને સદાચારપ્રિય રાવણ નલકૂબરની પટ્ટરાણી ઉપરંભાને સદ્‌બુદ્ધિ આપી, તેને આ કાર્યથી પાછી વાળે છે. બાદ રાવણ ઈંદ્ર વિદ્યાધરનો પરાજય કરે છે, ને તેને બાંધીને લંકામાં લાવે છે; સ્વમાન હણનારી શરતોથી ઈંદ્રને છોડે છે; બાદ ઈંદ્રને કઇ રીતે સંસારની અસારતા ભાસે છે? ને વૈરાગ્ય વાસિત બની તે કઈ રીતે દીક્ષા સ્વીકારવા સજ્જ થાય છે તે આ પ્રકરણમાં વિસ્તારથી હકીકત આવે છે. આ પ્રકરણની પૂર્ણાહુતિ બાદ પ્રસ્તુત ઐતિહાસિક કથાનો પ્રથમ ખંડ પૂર્ણ થાય છે. હવે પછી શ્રી હનુમાનજીના જીવન પ્રસંગોનો રોમાંચકારી પરિચય આ કથા તમને કરાવશે જે વાંચવાનું રખે ભૂલતા !

⊙

## ૧૭ : ઇન્દ્ર મુનીન્દ્ર બને છે.

શીલ અને સ્વમાન વેચીને પણ જીવવાની તીવ્ર લાલસામાં ફસાયેલા આજના યુગને કદાચ આ વાત નહિ જચે, પરંતુ એ ય યુગ હતો કે જે યુગમાં શીલની ખાતર પ્રાણોની આહૂતી અપાતી, સ્વમાનની ખાતર જીવનનાં બલિદાન અપાતાં !

પિતાએ ભલે રાવણના કારાગારમાંથી પોતાને મુક્ત કર્યો, પરંતુ મુક્ત થયા પછી પણ ઇન્દ્રના જીવને ચેન નથી પડતું. સ્વમાન હણાઇ ગયા પછી જીવવું એને મન મોતથી ય અધિક દુ:ખદાયી લાગ્યું.

રથનૂપુરમાં આવ્યા પછી ઇન્દ્ર નથી કોઈની સાથે હસતો કે નથી કોઇની સાથે ભળતો, નથી મેવા-મીઠાઇ ખાતો કે નથી બહાર ફરતો !

એ અરસામાં વનપાલકે આવીને ઇન્દ્રને વધામણી આપી.

'એક મહામુનિ ઉપવનમાં પધાર્યાં છે. ચન્દ્ર જેવા સૌમ્ય છે અને સૂર્ય જેવા તેજસ્વી છે !'

'એમનું નામ શું છે?'

'નિર્વાણસંગમ !'

'નામ સરસ છે ! નિર્વાણ સાથે જીવનો સંગમ કરી આપે તે નિર્વાણસંગમ !'

વનપાલકને પ્રીતિદાન દઇ રવાના કર્યો અને પોતે મહામુનિના દર્શન કરવાને જવા તૈયાર થયો. સાથે કોઇને લીધા વિના જ ઇન્દ્રે જવાનું વિચાર્યું કારણ કે વિશિષ્ટ જ્ઞાની મહાત્મા પાસેથી તેને પોતાના પ્રશ્નોનાં સમાધાન મેળવવાં હતાં.

તે ઉપવનમાં પહોંચ્યો. તેણે એક એકાંત સ્વચ્છ ભૂમિભાગમાં મહામુનિને જોયા. મુનિવરને જોઇને જ તે આનંદિત થઇ ગયો. મુનિના મુખ ઉપર અસંખ્ય ગુણો મૂર્તિમંત થયેલા હતા, અને તેમનું અપૂર્વ આત્મતેજ તેમની આંખોમાં ચમકી રહેલું હતું.

મહામુનિનાં ચરણોમાં વંદના કરી ઇન્દ્રે યોગ્ય આસન લીધું.

'ભગવંત. એક પ્રશ્ન પૂછવો છે, આપની રજા હોય તો પૂછું.' ઇન્દ્રે કહ્યું.

'રાજન્ ! પૂછી શકે છે...' નિર્વાણસંગમ મુનિએ કંઇક સ્મિત કરીને કહ્યું.

'મનુષ્ય સુખી થાય છે એની પાછળ કયું કારણ છે?'

'પૂર્વે ઉપાર્જેલું પુણ્યકર્મ.'

'મનુષ્ય દુ:ખી થાય છે એની પાછળ પણ કારણ હશે ને?'

'પૂર્વે ઉપાર્જેલું પાપકર્મ.'

'રાવણે મારી જે નાલેશી કરી તેમાં મારૂં પૂર્વે ઉપાર્જેલું પાપ-કર્મ કારણ હોય તો એ કર્મ મેં ક્યારે અને કેવી રીતે ઉપાર્જેલું તે કહેવા આપ કૃપા ન કરો?' બે હાથ જોડી મુનિવરની સહેજ નિકટમાં આવી ઇન્દ્રે કહ્યું.

પુષ્પોની સુવાસ મહેંકી રહી હતી. પંખીઓનો મધુર કલરવ અને સાધુઓના સ્વાધ્યાયના ધ્વનિ વચ્ચે મધુર સ્પર્ધા થઇ રહી હતી...મુનિભગવંતે ઇન્દ્રના રહસ્યપૂર્ણ ભૂતકાળ ઉપર મીટ માંડી મનની સમગ્ર વૃત્તિઓને એકાગ્ર બનાવી ઇન્દ્રની સમક્ષ વાત આરંભી :

અરિંજયપુર નામે નગર હતું.

જ્વલનસિંહ નામનો ત્યાં પરાક્રમી રાજા હતો.

વેગવતી નામે શીલસોહામણી રાણી હતી.

વેગવતીએ એક પુત્રીનો જન્મ આપ્યો. પુત્રીનું નામ પાડવામાં આવ્યું 'અહિલ્યા.' જેમ જેમ અહિલ્યા મોટી થતી ગઇ તેમ તેમ તેનું રૂપ ખીલતું ગયું. જ્યારે તે યૌવનમાં આવી ત્યારે તો એ રાજકુંવરી રૂપની મૂર્તિ જ દેખાવા લાગી.

જ્વલનસિંહ રાજાએ અહિલ્યાનો સ્વયંવર રચ્યો અને અનેક રાજાઓને તથા રાજકુમારોને આમંત્ર્યા. સ્વયંવરના દિવસે સેંકડો રાજાઓ તથા રાજકુમારો અરિંજયપુરમાં ઉતરી પડ્યા. તેમાં ચંન્દ્રાવર્ત-નગરનો રાજા આનન્દમાલી અને સૂર્યાવર્ત-નગરનો રાજા તડિત્પ્રભ પણ આવેલા.

આ બે રાજાઓ તો જાણે એમ સમજીને જ આવેલા કે 'રાજકુમારી મને જ વરશે....!' મોહની આ લીલા છે કે જીવને તે ઉંધી સમજમાં ભરમાવે છે અને અંતે દુઃખના ખાડામાં પટકે.

આહલ્યાએ બધા રાજાઓને જોયા....ચન્દ્રાવર્ત-નગરના રાજા આનંદમાલીના ગળામાં વરમાળા આરોપી. પરંતુ એ જોઇને સૂર્યાવર્તનો રાજા તડિત્પ્રભ સમસમી ઉઠ્યો.

'એ તડિત્પ્રભ એ જ તું !' મહામુનિએ ઇન્દ્રને વાતનું અનુસંધાન કરી આપતાં કહ્યું.

આનંદમાલી પ્રત્યે હૃદયમાં ઇર્ષ્યા....દ્વેષનું બીજ વાવી તડિત્પ્રભ ત્યાંથી પોતાના નગરમાં પહોંચ્યો. તેને કંઇ ચેન પડતું નથી. ક્યાંથી પડે જ્યાં સુધી હૃદયમાં ઇર્ષ્યાની આગ સળગતી રહે ત્યાં સુધી આત્મા ચેન અનુભવી શકે નહિ, બેચેન જ રહ્યા કરે. એ બેચેની લોહી અને માંસનુ ભક્ષણ કરનારી હોય છે! અર્થાત્ ઈર્ષ્યાળુ મનુષ્ય દિનપ્રતિદિન સુકાતો જતો હોય છે. એટલું જ નહિ બલ્કે ઇર્ષ્યાળુ મનુષ્યનું મન તો એટલું બધું ક્રૂર બનતું જાય છે કે જેની સીમા રહેતી નથી.

આનંદમાલી તો અહિલ્યાને લઇ પોતાના નગરમાં ગયો. ભોગસુખોમાં તેના દિવસો વીતવા લાગ્યા. પરંતુ જેમ જેમ વર્ષો વીતતાં ગયાં તેમ તેમ એનું ચિત્ત ભોગસુખોથી નિર્લેપ થતું ગયું.

માણસ શરીરે ખણે ક્યાં સુધી? જ્યાં સુધી ખણ જ આવતી હોય ત્યાં સુધી. તેમ જ્યાં સુધી વિકારોની ખણ જ હતી ત્યાં ધી આનંદમાલીએ ભોગસુખો ભોગવ્યા અને જ્યાં એ ખણ જ બંધ થઇ એટલે ભોગસુખોથી તે અળગો થઇ ગયો.

એક દિવસ તેણે અહિલ્યાને એકાંતમાં પોતાના મનોભાવથી વાકેફ કરી : 'મારૂં ચિત્ત હવે આ સંસારના કામભોગોમાં ચોંટતું નથી....' અહિલ્યા પર પોતાના શબ્દોની શી અસર પડે છે તે જોવા તેણે અહિલ્યાના મુખ સામે જોયું. પરંતુ એ સત્ત્વશીલ સન્નારીના મુખ પર કોઇ દુઃખ કે ગ્લાનિની અસર દેખાઇ નહિ.

'મને તો એમ થાય છે કે આ સંસારનો ત્યાગ કરી પરમાત્મા જિનેશ્વરદેવના ચારિત્રમાર્ગે ચાલ્યો જાઉં...તમે શું ઇચ્છો છો?'

'સ્વામી! તમારો મનોરથ શુભ છે, તમારી ભાવના ઉત્તમ છે... અને એ જ ક્ષત્રિય રાજાઓની પરંપરામાં ચાલી આવતી રીતિ છે! કે ભોગસુખોથી વિરક્ત બની જીવનનાં અવશિષ્ટ વર્ષો સાધુતામાં વીતાવવાં.'

'પણ તમને દુઃખ....'

'મને કદાચ દુઃખ થાય તો તે મારા સ્વાર્થનું સ્વામી! બાકી એ ય થાય એમ નથી કારણ કે મારૂં ચિત્ત પણ ભોગોમાંથી વિરક્ત બનતું જાય છે. અલબત્ તમારો દીર્ઘકાળનો સંયોગ તૂટે છે તેટલું

દુઃખ જરૂર છે. પરંતુ તમારા મહાન કાર્યમાં મારા એ દુઃખનો પથરો વચ્ચે નહિ નાંખુ. તમારા સંયમ માર્ગની આડે હું નહીં આવું....'

'ખરેખર તમે જિનશાસનના મર્મને ઓળખ્યો છે....દેવી?' આનંદમાલીના આનંદનો કોઈ પાર ન રહ્યો.

'તે છતાં હું હતભાગી છું કે તમારા માર્ગે હું આવી શકું એમ નથી....નાનાં બાળકોને મૂકી નીકળી શકવાનું મન ના પાડે છે....મોહ નડે છે. બાકી બાળકોને સંભાળનારૂં એમનું ભાગ્ય છે જ...'

બસ, આનંદમાલીનો માર્ગ સરળ થઈ ગયો. શુભ દિવસે અને શુભ મુહૂર્તે તેણે સંસારનો ત્યાગ કરી મોટાભાઇ કલ્યાણગુણધર મહામુનિ પાસે સંયમ સ્વીકાર્યું; સંયમ સ્વીકારી મોટાભાઇની સાથે ત્યાંથી વિહાર કરી ગયા.

નિર્વાણસંગમ મહામુનિ ઇન્દ્રને કહે છે.

'ઇન્દ્ર! આનંદમાલીએ દીક્ષા લઇને અપૂર્વ તપ, ત્યાગ અને જ્ઞાન ધ્યાન આદર્યાં. વિચરતા વિચરતા એક દિ' કલ્યાણગુણધર મુનિવરની સાથે આનંદમાલીમુનિ રથાવર્ત-પર્વત પર પધાર્યાં. ત્યાં તડિત્પ્રભે (તેં) આનંદમાલીમુનિને જોયા, જોતાં જ અહિલ્યાનો સ્વયંવર આંખ સામે તરવરી ઉઠયો. દ્વેષના...ક્રોધના તણખા આંખમાંથી ઝરવા લાગ્યા. તેનું ચિત્ત ધુંધવાઇ ઉઠયું. ધ્યાનદશામાં ઉભેલા આનંદમાલીમુનિ પાસે તે પહોંચ્યો. મહામુનિને દોરડાથી બાંધ્યા...મુનિ તો ન હાલે કે ન ચાલે! એ તો એમના ધ્યાનમાં લીન હતા! ઉશ્કેરાયેલા તડિત્પ્રભે મુનિને બાંધીને મારવા માંડયા...વૈર યાદ કરી કરીને મારવા માંડયા. મુનિ સમભાવે સહન કરતા હતા પરંતુ મોટાભાઇ કલ્યાણગુણધર શ્રમણપતિ તડિત્પ્રભની આ દુષ્ટતા જોઇને ધમધમી ઉઠયા.

કલ્યાણગુણધર મહામુનિની પાસે 'તેજોલેશ્યા'ની શક્તિ હતી. તેમણે તુરત જ તડિત્પ્રભ ઉપર તેજોલેશ્યા મૂકી. જેમ વિજળી ઝાડ પર પડે અને ઝાડ બળીને રાખ થઇ જાય!

તડિત્પ્રભની સાથે જ તેની પત્ની 'સત્યશ્રી' હતી. તડિત્પ્રભને સાધુની વિટંબણા ન કરવા માટે તેણે વારંવાર વિનવ્યો હતો પરંતુ તડિત્પ્રભ માન્યો ન હતો. જ્યાં તેજોલેશ્યા છૂટી અને તડિત્પ્રભના અંગમાં પ્રવેશી ત્યાં સત્યશ્રીએ કારમી ચીસ પાડી... ચોધાર આંસુ પાડતી તે કલ્યાણગુણધર મુનિનાં ચરણોમાં પડી....કાકલુદી કરવા લાગી...પોતાના પતિને તેજોલેશ્યાથી મુક્ત કરવા વિનવવા લાગી.

મુનિ તો કરુણાના સાગર! સત્યશ્રીનો કરુણ કલ્પાંત જોઇ તુરત જ તેજોલેશ્યા પાછી ખેંચી લીધી.

'હે ઇન્દ્ર! તું ત્યાં તેજોલેશ્યાનો ભોગ ન બન્યો. બચી ગયો. પરંતુ ત્યાં દારુણ કર્મો બાંધ્યાં. બસ, રાવણથી તારો જે પરાભવ થયો. તેનું આ કારણ છે.' નિર્વાણસંગમ મુનિએ ઇન્દ્રના પ્રશ્નનું સમાધાન પૂર્ણ કર્યું.

પા-અડધો કલાક મુનિની વિટંબણા...અને એનુ ફળ, રાવણના હાથે સારાયે જગત સમક્ષ મહાન નાલેશી! આ છે જીવસૃષ્ટિ પર કર્મોનું શાસન, આ છે જીવની અવળચંડાઇનું દારુણ પરિણામ!

'ઇન્દ્ર! બાંધેલાં કર્મો અવશ્ય ભોગવવાં પડે છે, આ ભવમાં બાંધેલાં કર્મો બીજા જ ભવમાં ઉદય આવે એવો કોઇ નિયમ નથી. લાંબાકાળે પણ ઉદયમાં આવે! તડિત્પ્રભના ભવ પછી તો વચ્ચે તેં બીજા ઘણા ભવો કર્યા...એ ભવોમાં પેલું બાંધેલું પાપકર્મ ઉદય ન આવ્યું...આ ભવમાં આવ્યું! વળી, આ નિયમ કેવળ તારા માટે નથી, ઇન્દ્રથી માંડી યાવદ્ કીડા માટે પણ આ જ સિદ્ધાન્ત છે.... સંસારની સ્થિતિ જ એવી છે.. જ્યાં સુધી આત્મા કર્મપરવશ છે ત્યાં સુધી આ સ્થિતિનો અંત આવે નહિ. માટે આ જીવનમાં જો કોઇ મહાન પુરુષાર્થ કરવા જેવો હોય તો તે કર્મોનાં બંધનો તોડવા માટે કરવાનો છે.'

ઇન્દ્રનું વજ્ર જેવું હૃદય ત્યારે કમળ જેવું કોમળ બની ગયું. પોતાના પૂર્વભવનું હૃદય દ્રાવક વર્ણન સાંભળીને ઇન્દ્રનો આત્મા કંપી ઉઠયો. બાહ્ય જગતમાંથી નીકળી તે આત્માના આંતરપ્રદેશમાં પ્રવેશ્યો. મહામુનિના શબ્દોએ રાગ-દ્વેષની પ્રબળ ગ્રંથીઓને ભેદી નાંખી. તેણે સારાયે જીવન દરમિયાન નહિ કરેલા સદ્વિચારો ત્યારે તેના મનમાં ઉઠવા લાગ્યા.

મહામુનિનાં ચરણોમાં વંદના કરી, અશ્રુભીની આંખે તે નગર તરફ વળ્યો. તેનું ચિત્ત પરસ્પર વિરોધી વિચારોમાં અટવાઇ ગયું. મુનિભગવંતની સચોટ દેશનાથી કર્તવ્યપરાયણ બનેલું ચિત્ત કહે છે.

'ઇન્દ્ર! હવે આત્માને કર્મોનાં બંધનોમાંથી મુક્ત કરવાનો સંગ્રામ ખેલી લે, એમાં જ તારું પરાક્રમ દાખવ...'

અનાદિકાલીન કુસંસ્કારોથી વાસિત બનેલું ચિત્ત કહે છે.

'ઇન્દ્ર! શું તું સાધુ થવાના મનોરથો કરે છે? રાવણથી એકવાર તારો પરાજય થયો એટલાથી હતાશ થઇ જાય છે? તારી કાયરતાને તું વૈરાગ્ય માની રહ્યો છે...અત્યારે તને સંસાર અસાર લાગે છે... પણ જ્યારે સિંહાસન પર આરુઢ હતો ત્યારે સંસાર કેવો લાગતો હતો?'

જિનેશ્વરભગવંતના જ્ઞાનથી પ્રકાશિત થયેલું ચિત્ત કહે છે.

'ઇન્દ્ર! રાવણે કરેલો તારો પરાજય એ તો દુષ્ટ-કર્મોએ પોતાની દુષ્ટતાનો એક નમુનો તને બતાવ્યો છે. એટલાથી જ ડાહ્યો માણસ સાવચેત બની જાય. વળી, માની લે કે ફરીથી તેં રાવણ પર વિજય મેળવ્યો, તે વિજય શું કાયમી છે? એ વિજય પણ કર્મોની જ ભેટ છે! કર્મોએ અપાવેલો પરાજય જેમ ભયાનક છે તેમ કર્મોએ અપાવેલો વિજય પણ ભયંકર છે! માટે તો વાલીરાજાએ વિજયને પણ ફગાવી દીધો હતો! રાવણનો પરાજય કરવો તે સરળ છે. કર્મોનો પરાજય કરવો તે જ દુષ્કર છે. દુષ્કર કાર્ય સિદ્ધ કરનાર મહાન પરાક્રમી ગણાય છે...'

ઇન્દ્રનાં ચિત્તમાં સાત્ત્વિક વિચારોનો વિજય થયો. તેણે જ્ઞાનદૃષ્ટિથી સમસ્ત સંસારને માપી લીધો. સંસારને પોતાની મલિન વૃત્તિઓને પોષવાનું સાધન બનાવ્યું તે સંસારને હવે પોતાની પવિત્ર વૃત્તિઓને પોષવાનું સાધન બનાવ્યું.

જે સંસારના વિષયોમાં તેણે નિત્યતાનો ખ્યાલ બાંધ્યો હતો તેમાં અનિત્યતાનું ભાન કર્યું. જે સંસારમાં શરણ-બુદ્ધિ હતી તેમાં નરી અશરણતા નિહાળી. જે સંસારના સગા-સંબંધીઓને મોહપરવશ બની પોતાના માન્યા હતા તેમાં અન્યત્વપણાનો-પારકાપણાનો ભાવ જાગૃત કર્યો. પોતાની જાતને રાગનાં બંધનમાં જકડીને 'હું તમારો છું....' એમ સંસારને જાતનું સમર્પણ કર્યું હતું, ત્યાં एगोऽहं નો પવિત્ર મંત્ર ગુંજતો કરી દીધો! જે જીવાત્માઓ પ્રત્યે દ્વેષનો અગ્નિ પ્રગટાવ્યો હતો તેમના પ્રત્યે શુભ મૈત્રી ભાવનું ઝરણું વહેતું કરી દીધું.

ઇન્દ્રે સંસારનો ત્યાગ કરવા દૃઢ સંકલ્પ કર્યો. પિતા સહસ્રારની અનુમતિ લેવા તે સહસ્રારના મહેલમાં પહોંચ્યો.

પ્રભાતનાં કાર્યોથી પરવારી સહસ્રાર શ્રી નવકાર મંત્રનું ધ્યાન ધરતા બેઠા હતા. ઇન્દ્રે જઇને પિતાનાં ચરણોમાં પ્રણામ કર્યાં. સહસ્રારે ઇન્દ્રના મસ્તકે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા.

'પિતાજી! એક અનુમતિ લેવા માટે આવ્યો છું.' પિતાની સમક્ષ વિનયપૂર્વક બેસીને ઇન્દ્રે વાતનો આરંભ કર્યો.

'શાની અનુમતિ ભાઈ?'

'સંસાર ત્યાગની.'

'હેં?' સહસ્રારની આંખે અંધારાં આવ્યાં.

'હવે સંસારમાં રહેવું વ્યર્થ છે.'

'પરંતુ રાવણની ગુલામીમાં કાયમ માટે ન રહેવું પડે તેવો ઉપાય હું શોધી રહ્યો છું. જરા ધીરજ ધર.'

'આપનો મારા પરનો અપાર સ્નેહ છે તેથી આપ મને સુખી કરવા આપનાથી શક્ય બધું જ કરશો પરંતુ હવે તો સુખમય સંસાર પરથી પણ મારું મન ઉઠી ગયું...સંસારનું સ્વરૂપ મેં જાણી લીધું છે...'

સહસ્રારનો અતિવૃદ્ધ દેહ ઇન્દ્રની વાતથી ધ્રૂજી ઉઠયો. પુત્રવિરહનું દુઃખ તેના માટે અસહ્ય હતું અને તેથી જ તે રાવણના દ્વારે જઈ પુત્રભિક્ષા માંગી લાવ્યો હતો. પરંતુ પુત્ર જ્યારે સંસાર ત્યાગના માર્ગે જવા તૈયાર થયો ત્યારે તે વાતનો ઇન્કાર કરવો તે પણ સહસ્રાર માટે અશક્ય હતું.

'પિતાજી! જ્ઞાની ગુરુદેવ નિર્વાણસંગમ મહા-મુનિએ મારી આંતરચક્ષુઓ ઉઘાડી નાંખી છે. મારા

પૂર્વજન્મોનો કરુણ ઇતિહાસ કહીને મારી રાગાંધતાને ....મારી સંસારરસિકતાને કચરી નાંખી છે. કદાચ આપ રાવણ પાસેથી મારી ગુલામી રદ કરાવી દેશો ....મને પુનઃ રાજ્યસિંહાસન પર સ્થાપિત કરશો તો પણ મારો અંતરાત્મ સંસારમાં નહિ ઠરે.'

જેમ જેમ ઇન્દ્રની વૈરાગ્યભરપૂર વાણી નિકળતી જાય છે તેમતેમ સહસ્રાર ગંભીર વિચાર સાગરમાં ડૂબતા જાય છે. જ્યારે જ્યારે પુત્રવિરહનું ચિત્ર આંખ સામે આવે છે ત્યારે ત્યારે તેમની આંખો આંસુભીની થઈ જાય છે.

'બેટા, શું કહું? તારો વિરહ મારાથી સહન થાય તેમ નથી...' સહસ્રારે ખેસના છેડાથી પોતાની આંખો લૂછી.

"છતાંય....મારે તને દુઃખી નથી કરવો...બેટા, તને દુઃખી કરીને મારે સુખ ન જોઇએ....'

પિતાનાં તાત્ત્વિક વચનોએ ઇન્દ્રના દિલને હચમચાવી નાંખ્યું. તેણે વયોવૃદ્ધ પિતાનાં ચરણોમાં મસ્તક મૂકી દીધું.

'સંસાર ત્યાગ કરીને તું સુખી થઇશ...તને સુખી થયેલો જોઇને હું પણ સુખી થઈશ હો! રાગ છે એટલે ક્ષણભર આઘાત લાગશે....પરંતુ મારા રાગની ખાતર તારા આત્માની ઉન્નતિ ન રોકાય.......'

સહસ્રારે આકાશ સામે જોયું. આંખમાંથી બે આંસુ ઇન્દ્રના મસ્તક પર પડયાં.

આખા રથનૂપુર નગરમાં ઇન્દ્રની સંસાર ત્યાગની વાત વાયુવેગે પ્રસરી ગઇ. રાજમહેલમાં, સ્વજન પરિજનોમાં પણ વાત પહોંચી ગઇ. સ્વજન પરિજનો અને નગરના અગ્રગણ્ય નાગરિકોનાં ટોળે ટોળાં મળવા માટે આવવાં લાગ્યાં.

ઇન્દ્રે પોતાના પુત્ર દત્તવીર્યનો રાજ્યાભિષેક કરવા સચિવમંડળને આદેશ કરી દીધો. એજ દિવસે રાજ્યાભિષેક કરીને ઇન્દ્રને સંયમમાર્ગે જવું હતું તેથી મંત્રીમંડળે પણ વિનાવિલંબે રાજ્યાભિષેકની પૂર્ણ તૈયારીઓ કરી દીધી. આખું નગર રાજાને અભિનંદવા અને ઇન્દ્રને સંયમમાર્ગે વળાવવા ભેગું થયું.

રાજપુરોહિતે રાજ્યસિંહાસન પર દત્તવીર્યને બેસાડી રાજતિલક કર્યું અને પ્રજાએ 'મહારાજા દત્તવીર્યની જય'નો ગગનભેદી ધ્વનિ કર્યો.

બસ, જ્યાં પુત્રનો અભિષેક થયો કે તુરતજ ઇન્દ્ર રાજમહાલયમાંથી બહાર નીકળી ગયો. પિતા સહસ્રારનાં ચરણોમાં પ્રણામ કરી સીધો તે ઉદ્યાનમાં નિર્વાણસંગમ મહામુનિ પાસે પહોંચ્યો. પાછળ લાખો નગરજનો પણ પહોંચ્યા. પોતાના પરાક્રમી રાજાને જતો જોઇ પ્રજાજનોની આંખોમાંથી આંસુ પડવા લાગ્યાં.

ઇન્દ્રે ગુરુદેવને વંદના કરી સંયમ આપવા માટે નમ્ર પ્રાર્થના કરી. નિર્વાણસંગમ મહામુનિએ ત્યાં ઇન્દ્રને ચારિત્રજીવન આપ્યું.

ક્ષણપૂર્વનો રાજા ઇન્દ્ર ક્ષણપછી મુનિવર ઇન્દ્ર બની ગયા..

આ બાજુ રાવણને લંકામાં એક સમાચાર મળ્યા.

'મેરુ-પર્વતપર અનન્તવીર્ય-મહર્ષિને કેવળજ્ઞાન પ્રગટ થયું છે.'

તુરત જ રાવણ પુષ્પક વિમાનમાં બેસી સુવર્ણાચલના શિખર પર આવી પહોંચ્યો.

ત્યાં તો દેવોનાં વૃંદો ઉતરી પડયાં હતાં. સુવર્ણના ભવ્ય કમલની રચના થઇ હતી...એનાપર કેવળજ્ઞાની મહર્ષિ બિરાજ્યા હતા અને મંગલમય દેશના આપી રહ્યા હતા.

રાવણે આવીને મહામુનિને વંદના કરી અને પોતાને યોગ્ય સ્થાને બેસી ગયો. કેવળજ્ઞાની ભગવંતની દેશના એટલે પૂછવું જ શું! સાકરથીય અધિક મધુર અને ચંદનથી ય અધિક શિતલ!

દેશના પૂર્ણ થઇ. દેવો પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. રાવણ ત્યાં જ બેસી રહ્યો. એનું મન આજે એક ગંભીર પ્રશ્ન ઉઠાવીને બેઠું હતું!

'મારું મરણ કેવી રીતે થશે?' આ ભાવિને સમજવા માટે તે ઉત્કંઠિત બન્યો હતો. તે કેવળજ્ઞાની ભગવંતની નિકટમાં ગયો.

ભગવંત! આપ મારા મનના ભાવો જાણો છો અને જુઓ છો! કૃપા કરીને મારી મુંઝવણનો ઉકેલ ન આપો? મારું મરણ કેવી રીતે થશે?'

કેવળજ્ઞાની ભગવંતે પ્રકાશ્યું.

'હે રાવણ! તું પ્રતિવાસુદેવ છે. તારું મૃત્યુ વાસુદેવના હાથે થશે.'

'કયા કારણથી ભગવંત?' રાવણે પૂછયું.

'પરસ્ત્રી-લંપટતાના કારણથી.' ભગવંતે સ્પષ્ટ ઉત્તર આપ્યો.

રાવણનો આત્મા આ સાંભળીને ખળભળી ઉઠયો. તેના સદાચારપ્રિય મનમાં અનેક વિચારો પસાર થવા લાગ્યા.

'જ્ઞાનીપુરુષ કહે છે તે મિથ્યા થવાનું નથી... માટે જે બનવાનું હશે તેમ બનશે!' મનમાં વિકલ્પ ઉઠયો. પરંતુ સદાચારના રક્ષણની તમન્નાએ કહ્યું :

'પરસ્ત્રીના કારણથી મારું મૃત્યુ થવાનું જ્ઞાની ભગવંત કહે છે. તો હું એ કારણથીજ અળગો રહું તો? કારણ જ નહિ સેવું તો કાર્ય કેવી રીતે થશે?' તેણે મનોમન નિશ્ચય કરી કેવળજ્ઞાની ભગવંતને વિનંતિ કરી.

'મને નહિ ચાહતી પરસ્ત્રી સાથે હું ક્રિડા નહિ કરું, એને નહિ અડું, મને પ્રતિજ્ઞા આપો.'

રાવણની કેટલી બધી જાગૃતિ! પાપનો પગપેસારો થયો રોકવા તેણે પ્રતિજ્ઞાની પાળ બાંધી. કેવળજ્ઞાની મુનિવર પાસે તેણે પ્રતિજ્ઞા લીધી, મુનિવરને ભાવભરી વંદના કરી તે લંકા તરફ વળ્યો.

[ પ્રથમ ખંડ સમાપ્ત ]


## પ્રત્યેક જૈન ઘરમાં કથાભારતી આવવું જ જોઈએ

જૈનપુરી અમદાવાદથી છેલ્લા ૭ વર્ષથી આ સુંદર સચિત્ર દ્વિમાસિક પત્ર પ્રગટ થાય છે. દિનપ્રતિદિન જૈન-સમાજની વધુ ને વધુ ચાહના અને સદ્‌ભાવ આ પત્ર પ્રાપ્ત કરી રહેલ છે. તેના મૂળભુત કારણો આ છે.

(૧) જૈન શાસનની યત્કિંચિત્ સેવા કરવાના ઉદ્દેશથી જે કેવળ સેવાભાવે આ પત્ર ચલાવવામાં આવે છે.

(૨) આપણા તીર્થંકર દેવો અને મહર્ષિઓનાં ચરિત્રો સંબંધમાં જમાનાના નામે લખાતાં વિકૃત લખાણો સંબંધી શાસ્ત્રસંમત હકીકતો કોઇ નામ પ્રત્યે કડવાસ ફેલાવ્યા સિવાય અનોખી શૈલીથી લોકભોગ્ય ભાષામાં રજુ કરી સચોટ શાસન સેવા બજાવે છે.

(૩) પરમતારક શ્રી તીર્થંકર ભગવંતો, પૂજ્ય ગુરુદેવો તથા પ્રાચીન મહાપુરુષોનાં ચરિત્રોને સરળ ભાષામાં રજુ કરવા દ્વારા જડવાદના વિષમ વાતાવરણથી ડહોળાતી ધર્મ શ્રધ્ધાને સ્થિર બનાવે છે.

(૪) વર્તમાનના વિષમ વાતાવરણમાં આચાર અને વિચારને સ્થિર બનાવનાર, દુઃખમાં શાંતિ આપનાર આવા કથાનકોના વાંચનની ખાસ જરૂર છે.

(૫) પૂજ્ય ગીતાર્થ મુનિવરો અને શાસનરસિક સજ્જનો પૂર્ણ સહકાર આપી આ પત્રને વ્યાપક અને પ્રગતિમય બનાવવા ઇચ્છી રહ્યા છે એ રૂબરૂ મુલાકાતો અને તેઓના પત્રોથી અમને પ્રતિત થયું છે.

(૬) એક એકથી ચઢીયાતા અંકો આપી, નાના મોટા સૌને બોધક કથાનકો અને વિવિધ સાહિત્યના થાળ પીરસી અધ્યાત્મજ્ઞાનની ફોરમ ફેલાવે છે.

(૭) આબેહૂબ ચિત્રો કલાત્મક રીતે કથાનકો સાથે રજુ કરી બાળમાનસ ઉપર ઉંડા સંસ્કાર પાડવાનું અદ્વિતીય કાર્ય આ નાનકડું દ્વિમાસીક કરી રહ્યું છે.

હજી સુધી આપ આ પત્રના ગ્રાહક ન થયા હો, તો અમારી ખાસ ભલામણ છે કે **રૂ. ૨-૫૦ (અઢી રૂપીયા)** નીચેના સરનામે ભરી તાકીદે ગ્રાહક થઈ જાવ.

નમુનાનો અંક પોસ્ટકાર્ડ લખી મફત મંગાવો. તમારા મિત્રમંડળમાં પણ ગ્રાહકો બનાવી શાસન સેવાના કાર્યમાં સહકાર આપી, આત્મશ્રેય કરવાનો લાભ લો.

માનદ તંત્રીઓ

**શાન્તિલાલ મગનલાલ શાહ**
**શાન્તિલાલ મણીલાલ શાહ**

પત્રવ્યવહારનું સરનામું :—

**"કથાભારતી સચિત્ર" કાર્યાલય.**
**c/o. ચીમનલાલ કેશવલાલ શાહ**
નાથીશ્રીજીના ઉપાશ્રય સામે, ૯૬/૭ પતાસા પોળ.
**અમદાવાદ-૧**

# કાકા કહેતા હતા!

**પૂ. પાદ પંન્યાસજી મહારાજ શ્રી પ્રવીણવિજયજી ગણિવર**

હિતસી પુરુષોની—આપ્ત વડિલોની હિતશિખામણને નહિ માનનાર ને સ્વચ્છંદપણે વર્તનાર પાછળથી કઈ રીતે દુઃખિત બને છે તે હકીકતને દર્શાવતી આ બોધકથા સહુએ વિચારવા જેવી છે.

⊙

આજ કાલ આપણે જોઇએ છીએ કે ભગવાનની ગુરુ મહારાજની અગર તો વડીલોની સુંદર હિતશિક્ષા અને હિતકર આજ્ઞાના પરમાર્થને નહિ સમજનારા ઘણા માણસો તેની અવગણના કરી પોતાની મતિ કલ્પના મુજબ સ્વચ્છંદ વર્તન કરતા માલૂમ પડે છે.

જો કે તે હિતશિક્ષાઓને ઠોકરે મારી અવગણના કરવાનું ફળ કદાચ તેમનો પાકો પુણ્યોદય હોય તો આજ ભવમાં તેનો અનુભવ કરવો પડતો નથી. પરન્તુ પરલોકમાં તો તેના માઠા વિપાકોનો અનુભવ જરુર કરવો પડે છે.

વળી કેટલીક વખત પોતાના વડીલોની આજ્ઞાઓને નહિ માનવાથી આવી પડેલ આપત્તિમાંથી પુણ્યોદયથી પ્રાપ્ત થએલ બુદ્ધિના પ્રભાવે થોડો ઘણો કોપરાપાક (માર) ખાઇ બચી પણ જવાય છે. પરન્તુ તે પ્રસંગે તેમના મનમાં એટલું તો જરૂર થાય છે કે વડીલો કહેતા હતા તે માન્યું નહિ તેનું જ આ પરિણામ આવ્યું છે.

જેના માટે 'કાકા કહેતા તા'નું દૃષ્ટાંત સમજવા જેવું છે.

મારવાડમાં ઠાકોરના તાબાનું એક ગામ છે, જ્યાં અનેક ધનાઢય વણિકો વસે છે. અનેક પ્રકારના વ્યસનોમાં ફસાયલા ઠાકોર સાહેબ જેટલી આવક આવે તે સઘળી ઉડાવી દેતા હતા. એટલે તેની તિજોરી ખાલીખમ રહેતી હતી, કેટલીક વખત તો ફક્કડ ફકીર જેવા ઠાકોર સાહેબને ખાવાનાં પણ ફાંફાં પડતા હતા. તેમ નોકરોનો પગાર પણ ચઢેલોજ રહેતો હતો.

એક દિન ઠાકોરને વિચાર આવ્યો કે આપણા ગામમાં ધનાઢય વાણિઆઓ વસે છે, તેમની પાસે કોઈ યુક્તિથી પૈસા પડાવીએ તો થોડા વરસ આપણું ટકુ નભી જાય. એટલે અગાઉ જેમ જે. પી. ની પદવી પ્રદાન થતી હતી. તેમ તેણે લક્ષાધિપતિઓના મકાન ઉપર ફરકાવવાની ધજા પ્રદાન કરવાની જાહેરાત કરી. તેમાં જણાવ્યું કે જેને ત્યાં જેટલા લાખ રૂપીયાની મીલ્કત હોય તેણે તેટલી ધજાઓ દરબારમાંથી લઇ જઇ પોતાના મકાન ઉપર ચડાવી દેવી. અને એક ધજાએ એક હજાર રૂપીયા દરબારમાં ભરી દેવા. સુગર કોટેડ કવીનાઇનના જેવી ઉપરથી મીઠી જાહેરાત દરબારની બદ દાનતને નહિ સમજી શકનારા કેટલાક અભિમાની શેઠીયાઓને પસંદ પડી, અને ટપોટપ રૂપીયા ભરી ધજાઓ પોતાના મકાન ઉપર ફરકાવવા માંડી.

હવે તેજ ગામમાં એક કાકો ભત્રીજો રહેતા હતા.

કાકો જમાનાનો ખાધેલો હતો પણ ભત્રીજો જરા કમ અક્કલનો હતો. એટલે ભત્રીજાએ એક દિવસ કાકાને કહ્યું કે, 'સૌ કરતાં આપણે ત્યાં ધન

ઘણું છે. તો આપણે શા માટે ધજા ન લાવીએ. આતો લોકોને ઉલટી શંકા જાય છે કે કસ્તુર કાકા ખાલીખમ હોવા જોઇએ. માટે આપની આજ્ઞા હોય તો વધુ નહિ તો પંદર હજાર આપી 'પંદર ધજા લઇ આવું.' જવાબમાં કાકાએ જણાવ્યું કે બેટા આ ધજામાં મઝા નથી પરન્તુ મોડીવહેલી સજા તો છે જ. માટે આપણે એક પણ ધજા લાવવી નથી. ભલે લોકો મને દરીદ્રી માને. આ સુંદર સલાહ ભત્રીજાને પસંદ પડી નહિ. પણ કરે શું? તીજોરીની ચાવી તો કાકાના કબજામાં હતી. પરન્તુ ભત્રીજો પોતાનું ધાર્યું કરવા માટે તક જોઇ રહ્યો હતો.

એવામાં કાકાને પોતાના સગાના મરણ પ્રસંગે કાણ કરવા જવાનું થયું. એટલે કાકાએ તીજોરીની ચાવી ભત્રીજાને આપી યોગ્ય ભલામણ કરી બે ત્રણ દિવસ માટે બહાર ગામ ગયા.

આ બાજુ ભત્રીજાએ પંદર હજાર રૂપીયા ભરી પંદર ધજાઓ લાવી ચઢાવી દીધી. કાકા કાણ કરી પાછા ફરતા પોતાના મકાન ઉપર ધજા ફરકતી જોઇ સમજી ગયા કે હું કાણ કરવા ગયો એટલે ભત્રીજાએ આ મોકાણ માંડી લાગે છે. ઘરે આવી ખૂબ ઠપકો આપ્યો પણ ભત્રીજાએ તે ઠંડા કલેજે સહન કરી લીધો. અને જણાવ્યું કે, 'કાકા? જે થયું તે હવે ન થયું. થોડું જ થવાનું છે.' એમ માખણ ચોપડી કાકા ભત્રીજા વચ્ચે થનારી ધમાલને દૂર કરી દીધી.

કાકા થોડા વર્ષો બાદ ગુજરી ગયા. ઘરનો માલિક હવે તો ભત્રીજો બન્યો. થોડા સમય બાદ એવું બન્યું કે કોઇ એક દેશનો રાજા તે ગામ ઉપર ચઢાઇ લાવ્યો. તેની પાસે નથી તો લડવાની સામગ્રી, અને નથી તો તેને ખંડણી આપી પાછો કાઢવા માટે એક કાણી પાઇ. હવે શું કરવું? તેની મુંઝવણમાં ધજાવાલા શેઠીયાઓ યાદ આવ્યા. કોની પાસે કેટલું ધન છે તે તો ઠાકોર તેના દફતરમાં નોંધાયેલી ધજા ઉપરથી જાણેજ છે. એટલે મંત્રીજી, ફોજદાર અને હવાલદારની જમ જેવી ત્રીપુટીને શેઠીયાઓને ત્યાં મોકલી. તેમણે તેમને ત્યાં જઇ કહ્યું કે, "આપણા ઠાકોર સાહેબ હાલ ભીડમાં છે. માટે તમો અમુક રકમ આપો. સમય આવે વ્યાજ સાથે પાછી આપી દેવામાં આવશે. તેઓ મનમાં સમજી તો ગયા કે ધજાની સજા આવી પહોંચી છે. પણ સત્તા આગળ શાણપણ શું કામ લાગે? એમ વિચારી લાખો રૂપીયા ટપોટપ ગણી આપ્યા. હવે આ વરઘોડો છેવટે ભત્રીજાને ત્યાં પહોંચ્યો. તેની પાસે પણ ઉપરની હકીકત જણાવી રૂપીયા માંગ્યા. તેને પણ કાકાનું વેણ યાદ આવ્યું. પણ હવે શું થાય? એટલામાં તેના પુણ્યોદયે એક યુક્તિ સુઝી આવી. અને તે એ કે જ્યારે મંત્રીજી રૂપીયા માંગે છે, તેના જવાબમાં તે 'કાકા કહેતા તા' એટલું જ બોલે છે. કેમ આપવા હોય તો આપો નહિ તો ના પાડો એના જવાબમાં પણ 'કાકા કહેતા તા'નું એક જ વાકય બોલે છે. ચાલો ઠાકોર સાહેબ પાસે એના જવાબમાં પણ એક જ વાકય રજુ કરે છે. એવામાં ફોજદાર સાહેબ ખીજાયા અને એક ફટકો લગાવે છે.... ત્યારે તે ફટકાની જગ્યાએ હાથ ફેરવી 'કાકા કહેતા તા' એમજ બોલ્યા કરે છે.

સારાયે બજારમાં પણ એક જ વાકય બોલે છે. ઠાકોર સાહેબ પાસે ભત્રીજો હાજર થઇ ગયો. ત્યાં પણ ઠાકોર સાહેબ જે જે પ્રશ્નો કરે છે તેના જવાબમાં ઉપરનું જ વાકય

# પરિગ્રહનો ભય રાખો!

પૂ. પંન્યાસજી મહારાજશ્રી માનતુંગવિજયજી ગણિવર

સંસારનાં દુઃખોનું કારણ આરંભ તથા પરિગ્રહ છે. આ કારણે વિવેકી આત્માઓ પરિગ્રહનો ભય રાખીને સદા જાગ્રત રહે! આવા એક વિવેકી ધર્મશીલ આત્માને ઉદ્દેશીને લખાયેલો હિતોપદેશ પત્ર અહિં 'કલ્યાણ'ના વાચકો માટે પ્રસિદ્ધ થાય છે.

અંતરમાં તીવ્ર વૈરાગ્ય આવ્યા વિના આત્મા ધર્મની ધારી તૈયારી કરી શકે નહિ, આજના યુગના ગૃહસ્થજીવનમાં પરિગ્રહની ઇચ્છા અપરિમિત બનતી જાય છે, અને એ વધતી જાય, અગર ન છુટકે વધારવી પડે, એવા સંયોગો ઉભા થતા જાય છે. એ કારણે ગૃહસ્થજીવન વધુ આરંભમય અને અત્યંત સંક્લિષ્ટ અધ્યવસાયવાળું બનતું જાય છે. આવા ગૃહસ્થ જીવનનો ત્યાગ સર્વથા કર્યા વિના, નિશ્ચિંતપણે એકાંગી આરાધના કરી શકાય તેમ નથી, પરંતુ જેઓ હવે, વયમાં ઘણા આગળ વધી ગયા છે, અને શારીરિક પરાધીનતાની પરેશાનીના કારણે, ગૃહસ્થજીવન જીંદગી સુધી છોડી શકે તેમ નથી, તેમના માટે, કેવું જીવન જીવવાથી, જીવનમાં સારી કમાણી થઇ શકે એ વાત ખૂબ વિચારવા જેવી છે. માનવજીવન જીવનારામાં ત્રણવિભાગ થઇ શકે, ૧. અપરિગ્રહી ૨. અલ્પપરિગ્રહી. ૩. અતિપરિગ્રહી. બીજા શબ્દોમાં કહીયે તો. ૧. ધનની જરૂરીઆત વિનાનું પરમ પવિત્ર જીવન. ૨. જીવવા માટે ધન જોઇએ, પણ ઓછામાં ઓછાથી ચાલે તેમ ચલાવીને, પરિગ્રહનો બોજો, વધારવાની વૃત્તિ વગરનું જીવન, અથવા પરિગ્રહનો ભાર ઘટાડતા જવાની પ્રવૃત્તિવાળું જીવન. ૩. જીવન સુધી પરિગ્રહ

---

બોલે છે. આખરે ઠાકોરનું મગજ કંટાળ્યું એટલે તેને ત્યાંથી કાઢી મૂકયો. ગાંડો સમજી રવાના કીધો. 'કાકા કહેતા તાં' ના મંત્રાક્ષરે ભત્રીજાનો આબાદ બચાવ કરી લીધો. બહારથી ગાંડો પણ અંદરથી ડાહ્યો તે બજારમાં બડબડતો ઘર ભેગો થઈ ગયો. થોડા દિવસ માટે ગાંડો રહી ફટકાના ઘાને રૂઝાવવા માટે મલમ પટાનો થોડો ખર્ચ થયો તો ખરો, પણ મોટી રકમનો બચાવ થઈ ગયો. જો કે તેને સુઝેલી યુક્તિએ કામ સારૂં આપ્યું. પરન્તુ કાકાની સલાહને નહિ માનવા બદલ થોડો ઘણો માર તો ખાવો જ પડયો.

### એજ મુજબ

જે લોકો ભગવાનની અગર ગુરુ મહારાજની તેમ પોતાના વડીલોની હિતકર આજ્ઞાઓને નથી માનતા અને સ્વચ્છંદપણે વર્તે છે. તેઓને પરલોકમાં આપત્તિઓમાં સપડાવું પડે છે, તે પ્રસંગે ગુરૂ મહારાજની આજ્ઞા માની હોત તો ઠીક થાત. નહિ માની તેનું જ આ પરિણામ આવ્યું છે. એટલું તો મનમાં થયા વિના રહેશે જ નહિ. પણ તેમ પશ્ચાતાપ કરવાથી અગર માનવાથી કરેલ ભૂલના ભોગથી કાંઇ છુટી જવાશે નહિ. કર્યા કર્મ અવશ્ય ભોગવવાજ પડશે.

માટે જ

અધર્મના કાર્યોને છોડી દઇ ધર્મના કાર્યોનો આદર કરો.

અને આરંભમાં ડુબવાની પૂરી તૈયારીવાળું અથવા, ધનને જ માટે આ જીવન છે, એવી માન્યતાવાળું તીવ્ર આકાંક્ષાવાળું જીવન. આ ત્રણમાંથી પહેલા નંબરનું જીવન મુનિઓ જીવી શકે, પણ શ્રાવક જ્યારથી, કાંઇક સમજણા થાય ત્યારથી બીજા નંબરના જીવનમાં આવવાની તૈયારી કરે. કળિકાળ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ યોગશાસ્ત્રના બીજા પ્રકાશમાં ફરમાવ્યું છે કે, "સંસારનું મૂલ આરંભ છે, આરંભોનું કારણ પરિગ્રહ છે, માટે, મોક્ષને ઇચ્છતો અને સંસારની અરૂચિવાળો શ્રાવક પરિગ્રહને ઓછો કરતો જાય." આ શબ્દોમાં શ્રાવકનો અંતરગતભાવ કેવો હોય એની સમજાવટ છે. પરિગ્રહ વિના ન ચાલે તો પણ પગલે-પગલે પરિગ્રહ આરંભનો ભય, અંતરમાં જાગતો હોય, એવું જીવન. જેમ અગ્નિની ઘરમાં પગલે પગલે જરૂર પડે છે, પણ જ્યારે જ્યારે એનો ઉપયોગ કરવો પડે, ત્યારે ખૂબ સાચવીને કરવો પડે, ધ્યાન ન રાખીએ, તો બાળી નાખે, એમ પરિગ્રહ પણ અગ્નિની જેમ બાળનાર છે, અથવા અગ્નિ કરતાં પણ વધારે દાહક છે, તો પણ એનો સંસર્ગ જીવન સુધી છોડી શકાય તેમ નથી, માટે ખૂબ સાવચેત રહેવું. પોતાને પરિગ્રહ અને આરંભ ન વધી જાય, એની સતત કાળજી હોય, એટલું જ નહિ, પણ પોતાના સ્નેહી, મિત્ર, પુત્ર, કે સગાવહાલાં કોઈને પરિગ્રહની ધમાલમાં, વિશેષ પ્રવૃત્તિ કરતો જુએ એટલે એમજ લાગે કે આ બિચારો, ડૂબતો જાય છે, એનું થશે શું? આવી સાચી દયા બીજાની કયારે આવે? જ્યારે, **પોતાની ભાવદયા ખૂબ સ્થિરતા અને સૂક્ષ્મતાપૂર્વક આવી હોય.**

સાચી નિવૃત્તિ લઇને, કેવળ વીતરાગભાષિત તત્વોના શ્રવણ અભ્યાસ અને ચિંતનમાંજ 'નૃભવ શુભશેષ'નો ઉપયોગ કરવાની તીવ્ર આકાંક્ષાને સફળ કરવા માટે પ્રબળ પુરુષાર્થ વડે, શાસનરાગ, પરમાત્મ ઉપાસના અને, આત્માનુંજ લક્ષ્ય એટલી જ વાતોને જીવનનું કેંદ્ર બનાવીને, ઉચ્ચ કોટિનું, અલ્પ પરિગ્રહી શ્રાવક જીવન જીવવા વડે, આવતા ભવમાં મોક્ષમાર્ગની પૂરી તૈયારીવાળું ઉચ્ચકોટિનું મુનિ જીવન જીવાય એની પૂર્વ તૈયારી આ ભવમાં કરવામાં જ બાકીનું જીવન પસાર કરો અને પરમશાંતિ અનુભવો, એજ શુભ આશીર્વાદ.


## शुभ सूचना

उन बहुत बढ़ियां सफेद औंधा व चरवला वास्ते हर प्रकार की रेशमी, मिक्स तथा उनी काम्बली व जोटा सस्ते दाम खरीदें, सूचीपत्र मुफत मंगाओ

बिशेशरदास रतनचंद जैन

लुधियाना (पंजाब)

અમદાવાદના જુના અને જાણીતા **સોના** અને **ચાંદીના** વરખ બનાવનાર વિશ્વાસપાત્ર સ્થળ :

## એ. આર. વરખવાલા

૩૮૫૦/ ઢાલગરવાડ **અમદાવાદ-૧**

અમારી બીજી દુકાન નથી. માલ એક વખત મંગાવી ખાત્રી કરશો.

# દયા ધર્મનો મહિમા

ડૉ. શ્રી ભોગીલાલ રા. મહેતા વીરમગામ

જીવહિંસા ન્હાનામાં ન્હાના જીવની સ્વાર્થ કે જીભના સ્વાદના કારણે આજે જે રીતે ક્રૂરપણે હિંસા થઇ રહી છે. ઈંડા ખાવા, માછલાએ ખાવા ઇત્યાદિનો પ્રચાર કરનારાઓએ માનવ જાત પર આજે આવી રહેલી આપત્તિઓ આંખ સામે રાખવાની જરૂર છે. લંડન જેવા શહેરમાં એક વખતે હજારો બાળકોને મા-બાપથી વિખૂટા પડવું પડેલ. યુદ્ધના સમયની યૂરોપની તારાજી ઇત્યાદિ આજે આપણને જીવહિંસાનાં દારૂણ પરિણામ, અને જીવદયાનો પ્રભાવ સમજાવી રહેલ છે. આ દૃષ્ટિકોણથી લખાયેલો આ ટુંકો લેખ જરૂર વાંચવા જેવો છે. લેખક ડૉ. શ્રી 'કલ્યાણ' પ્રત્યે આત્મીયભાવ રાખીને લેખ મોકલે છે. 'કલ્યાણ પ્રત્યે તેઓ સારો સદ્‌ભાવ ધરાવે છે.

⊙

જૈન દર્શનનો ન્યાય ત્રણેયલોકમાં અજોડ છે, કારણકે તે ન્યાય ત્રણકાળના જ્ઞાનીઓએ ભાખેલો છે. આજના આપણા યુગમાં આપણે બધાએ લગભગ વાંચેલો કે સાંભળેલો એક ગયા યુધ્ધનો તાજોજ દાખલો આપું.

મુંબઇ રાજ્યમાં ફક્ત અમુક ભાગને બાદ કરતા જગત માંસાહાર તરફ વળેલું છે. મુરઘીનાં ઇંડા ખાવા તે તો જાણે તંદુરસ્તી મેળવવાની ફેશન થઈ પડી છે. અનુકંપા અને દયાધર્મ પાળવાથી આત્મિક લાભ ઉપરાંત શરીર સંપત્તિ પણ સારી મળે છે, એવી શ્રી જિનેશ્વરદેવની વાણી છે. પરંતુ આ હકીકતનો સ્વાનુભવ સિવાય જગતને ઘુંટડો નહિ ઉતરે બીજા યુદ્ધમાં જ્યારે લંડન શહેર ઉપર જર્મનીની બોમ્બ વર્ષા ચાલી રહી હતી ત્યારે ત્યાંની સરકારે જાહેરાત કરી કે, નાનાં નાનાં તમામ બાળકોને અમેરિકા સ્ટીમરો ભરીને મોકલી આપવાનાં છે, માટે તમામ માબાપોએ પોતાનાં બાળકોને મોકલવા તયારી રાખવી. કાયદાનું કડક પાલન કરવાનું હતું. તારીખ નજીક આવવા લાગી તેમ તેમ દરેક માબાપ પોતાનાં વ્હાલસોયાં બાળકોને પોતાથી વિખૂટા પડતાં પોતાને તથા બાળકોને અંતરનાં ઊંડાણમાં કેવી તીવ્ર અસહ્ય વેદના થશે ? તેનાં વિચારમાં નિદ્રાહીન રાત્રીઓ તરફડીને પસાર કરવા લાગ્યાં. પરંતુ સરકારના હુકમમાં કાંઇજ લાગવગ ચાલેજ નહિ, કારણકે દેશનો સવાલ હતો. આ તો પોતાનાં બાળકોને બોમ્બ વર્ષાથી બચાવવાનો પ્રશ્ન હતો. નક્કી કરેલી તારીખ આવી ગઈ. બંદરના કિનારે સ્ટીમરો હાજર થઇ ગઇ. આજે લંડનના તમામ બાળકોને તેમના માબાપોથી વિખૂટા પાડી અમેરિકા મોકલી દેવાનાં હતાં. માબાપો બને તેટલી સામગ્રી સાથે બાળકોને લઈને આવી પહોંચ્યાં. અફસરો કામે લાગી ગયા, બાળકોને ચોધાર આંસુએ રડતાં રડતાં સ્ટીમરોમાં ગોઠવી દીધાં, કદી નહિ છૂટા પડેલા બાળકોને ફરજિયાત છુટા થવું પડતું. હવે કલ્પના કરો કે, બંદરમાંથી સ્ટીમરો બાળકોને ભરીને ચાલવા માંડતી હોય, સ્ટીમરોમાં બાળકોનું કલ્પાંત કઠણ છાતીનાં માણસનાં દીલને હચમચાવી નાખે તેવું ચાલતું હોય, માબાપો ચોધાર આંસુએ રડતા હોય, ફરીથી બાળકો માબાપનું કે મા બાપ બાળકોનું મોઢું જોશે કે કેમ તે પણ સવાલ

હોય, ત્યારે કેવા કરૂણ દેખાવ સર્જાય? કરૂણ અતિ કરૂણ! પરંતુ આવું દુઃખ ભોગવવાનું શું કારણ? તો જૈન શાસન ફરમાવે છે કે, તે તેમનાં કર્મનું ફળ છે. કેવી રીતે? ઇંડામાં મુરઘીનાં સંતાન સર્જાયાં છે. તે મુંગું પ્રાણી બોલી શકતું નથી, છતાં તે સમજે છે કે એનાં સંતાનોને લોક રોજ ખાઇ જાય છે; તે લાચાર છે. તે પ્રાણી કાંઇ કરી શકતું નથી. પરંતુ અંદરથી તેનો આત્મા કકળી ઊઠે છે, અને તે આત્મામાં ઉપજેલી વેદનાનું આ ફળ છે.

લડાઇનાં કારમા ફળો માંસાહારીઓને ભોગવવાંજ પડે છે, જ્યારે તમે વિચારો કે યુદ્ધનાં કપરામાં કપરા સમયમાં પણ આપણને સામાન્ય મોંઘવારી સિવાય કશુંજ દુઃખ અનુભવવું પડયું નથી, કારણકે આપણો અનુકંપા ભર્યો દયાધર્મ આપણને દુઃખમાંથી બચાવે છે, હજુ પણ શાસ્ત્રનાં વચન છે કે અણુયુદ્ધ આવે કે હાઇડ્રોજન બોમ્બ પડે છતાં અહિંસાવાદીને લેશમાત્ર પણ દુઃખ નહિ પડે તે શાસ્ત્રની સિદ્ધિ હકીકત છે.

આ લઘુલેખના સમર્થનમાં ટાંકવા જેવો રામાયણકાર તુલસીદાસજીનો નીચેનો દોહો છે.

तुलसी हाय गरीबकी कबहु न खाली जाय,<br>
मुए ढोरके चामसे लोहा भस्म हो जाय।

ગરીબનો નીસાસો કદી ખાલી નથી જતો. મુંગા પ્રાણીના કંઠપર ક્રૂરતાથી ફરતી છરીને ભાન નથી રહેતુ કે આ નૃશંસ કાર્યનો આખરી અંજામ કેવો આવશે. છરીના છેદે મુંગું ઢોર તો ગયું પરંતુ એની આહ જાણે એના ચામડામાં પેસી ગઇ. એ ચામડામાંથી ધમણ બની. એ ધમણે ઢોરનું વેર માત્ર કતલકરનાર છરી પરજ ન વાળ્યું એણે તો છરી ને જન્મ આપનાર લોખંડનેજ ભસ્મીભૂત કરવાનો નિર્ણય કર્યો. અબોલ જીવથી ન થઇ શકયું તે એના ચર્મથી થઈ શકયું. ગરીબ પ્રાણીઓનાં નીસાસામાં આવી અમાપ અને ભયંકર તાકાત રહેલી છે. એટલેજ મન વચન અને કર્મદ્વારા હિંસાનો સંપૂર્ણ પરિત્યાગ કરીને 'અહિંસા પરમો ધર્મઃ'—એમાં જીવન જોડી દો.

દયાથી શરીર સંપત્તિ સારી મળે છે. દાનથી અઢળક લક્ષ્મી મળે છે. અને ઉત્તમ શીયળથી આજ્ઞાંકિત અને સુંદર સ્ત્રી મળે છે. આ શાસ્ત્રનાં વચનમાં દ્રઢ શ્રદ્ધા જન્મો તેવી શુભેચ્છા.

—: ઊખાણું :—

ચળકતુ છે પણ, ચાંદી નથી.
આકર્ષક છે પણ, હીરો નથી,
હલકો છે પણ, ફૂલ નથી.
મોઢું દેખાય પણ, આરીસો નથી.

જવાબ :-

"વાઘ છાપ"

સ્ટેનલેસ સ્ટીલનાં વાસણો

GUARANTEED STAINLESS STEEL TIGER BRAND T.M. P.B. SHAH BOMBAY-2

સ્પેશ્યાલીસ્ટ:- કેન્ટીન ઉપયોગી વાસણોની જરૂરીયાત પુરી પાડનાર

મેન્યુફેકચરર્સ :-

પન્નાલાલ બી. શાહ

૨૧, કંસારા ચાલ. મુંબઇ-૨
બ્રાન્ચ :- ૮૩, કંસાર ચાલ. મુંબઈ-૨

# સમ્યગ્દષ્ટિ આત્માઓની સ્વાનુભૂતિ

સં. ડોકટર શ્રી વલ્લભદાસ નેણસીભાઇ મોરબી

આત્મિક જ્ઞાન-સુખના રહસ્યને જાણવાવાળા આત્મદર્શી સમ્યગ્દષ્ટિ જીવો ઇન્દ્રિયજન્ય સુખ તથા જ્ઞાનમાં રાગ-દ્વેષ કરતા નથી.

ઇન્દ્રિયજન્ય વિષયોમાં રાગ-દ્વેષ નહિ કરવાની સાથે સાથે સમ્યગ્દૃષ્ટિ જીવનાં અન્ય પણ લક્ષણો છે તથા એ બધાં સ. દર્શનથી અવિનાભાવી છે, તેથી તે વડે પણ સ. દૃષ્ટિ જીવ જાણી શકાય છે.

જેમ સ. દૃષ્ટિ જીવને ઇન્દ્રિયજન્ય સુખ અને જ્ઞાન ઉપાદેયરૂપ નથી. તેજ પ્રમાણે તેને ભાવકર્મ કે દ્રવ્યકર્મ માત્ર પણ ઉપાદેયરૂપ નથી. સ. દૃષ્ટિને આત્મદૃષ્ટિની પ્રાપ્તિ છે તેથી તે રાગ કે પુણ્યને પણ ભલું ગણતો નથી.

સ. દર્શન એ આત્માના શ્રદ્ધાન ગુણનો સૂક્ષ્મ પર્યાય છે અને તે કેવળજ્ઞાન, અવધિજ્ઞાન તથા મનઃપર્યવ જ્ઞાનગોચર છે.

સ. દર્શન એ આત્માના શ્રદ્ધાગુણનો સૂક્ષ્મ પર્યાય છે. એ ખરૂં છે તો પણ સમ્યગ્જ્ઞાની પોતાને સુમતિ સુ.શ્રુતજ્ઞાન થયું છે એમ નિર્ણય કરી શકે છે અને તેથી સ. જ્ઞાનનું અવિનાભાવી સ.દર્શન પોતાને છે છે એમ શ્રુતજ્ઞાનમાં યથાર્થપણે નક્કી કરી શકે છે. કેવળજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, તથા પરમાવધિજ્ઞાન સ.દર્શનને પ્રત્યક્ષ જાણી શકે છે એટલો જ માત્ર તફાવત છે.

જો કે મતિ શ્રુતજ્ઞાન સ.દર્શનને સાક્ષાત્ પ્રત્યક્ષ જાણતું નથી તો પણ સ.દર્શનના અવિનાભાવી ગુણોના લક્ષણ વડે તેનો યથાર્થ નિશ્ચય-લક્ષ્ય-લક્ષણ ભેદ દ્વારા કરી શકાય છે.

સમ્યકત્વ આત્માનો એક નિર્વિકલ્પ ગુણ છે, પણ તે અનાદિકાળથી દર્શન મોહના ઉદયમાં તન્મય થવાથી વિપરીતરૂપે પરિણમિત થઇ રહ્યો છે અને ત્યાં દર્શન મોહકર્મનો ઉદય નિમિત્ત માત્ર છે.

દૈવયોગથી કાળાદિક લબ્ધિઓની પ્રાપ્તિ થતાં, સંસાર સાગર નિકટ આવતાં અથવા ભવ્ય ભાવનો વિપાક થતાં, જીવ સ.દર્શનને પ્રાપ્ત કરે છે.

પાંચલબ્ધિઓ-કાળલબ્ધિ, યાને ક્ષયોપશમ લબ્ધિ, (૨) ઉપશમ લબ્ધિ, (૩) દેશના લબ્ધિ, (૪) પ્રાયોગ્ય લબ્ધિ, (૫) કારણ લબ્ધિ.

વિકાર ટાળવા પુરુષાર્થ કરી જીવ પોતાનામાં શુદ્ધ પર્યાય, પ્રગટ કરે ત્યારે સંસાર સાગરને પાર પામવા યોગ્ય તે જીવ થાય છે અને આસન્નભવ્ય પણ કહેવાય છે પણ વિકાર ટાળવા જીવ પુરુષાર્થ કરે નહિ, તો પાંચે લબ્ધિઓ ભવાર્ણવના અંતની નજીકતા કે ભવ્યભાવ વિપાકતાને તે પામી શકતો નથી.

જ્ઞાન-ધ્યાન-યોગ અને દર્શનની શુધ્ધતા વીર્યને એટલે પુરુષાર્થને આધીન છે.

કારણલબ્ધિ વખતે જીવનો જે પ્રયત્ન હોય છે તેજ ઉપશમકાળમાં ચાલુ રહે છે. જીવ પોતાનો પર્યાયમાં પ્રયત્ન કરી શકે. કર્મના ઉપશમાદિકમાં તેનો પ્રયત્ન કંઇપણ ચાલી શકતો નથી કારણકે તે ભિન્ન દ્રવ્ય છે. કર્મના

ઉપશમાદિકમાં જીવનું કાંઈ કર્તવ્ય નથી પણ જીવ જ્યારે સત્પુરુષાર્થ કરે ત્યારે દર્શનમોહ કર્મ તો સ્વયં પોતાની યોગ્યતાથી ઉપશમ પામે છે. દર્શનમોહના ઉપશમથી થવાવાળી આત્માની અવસ્થા વિશેષ તેજ ઉપશમ સમ્યકત્વ કહે છે.

સમ્યકત્વ આત્માનો નિરાકાર ગુણ હોવાથી સામાન્ય અને વિશેષ એ બંન્નેરૂપથી નિર્વિકલ્પ સત્ રૂપ છે તથા તે ગુણ હોવાથી પોતાના આત્માના પ્રદેશોમાં નિરંતર પરિણમન-શીલ છે.

જેમ સૂર્યનો ઉદય થતાં સંપૂર્ણ દિશાઓ પ્રસન્ન થઇ જાય છે. તેજ પ્રમાણે દર્શન મોહનીયના ઉપશમથી થવાવાળા સમ્યક્ત્વનો ઉદય થતાં આત્મામાં પણ પ્રસન્નતા (નિર્મળતા) ઉત્પન્ન થાય છે. કારણકે સ. દર્શન થતાંજ દ્રવ્યબંધ-ભાવબંધ-અને નોકર્મબંધને નાશ કરવાવાળી શુદ્ધતા પ્રગટ થઇ જાય છે.

જેમ જે વેળા મદ્ય યા ધતુરાની અસર નાશ પામી જાય છે તેવેળા જીવમાં પ્રસન્નતા થાય છે તેજ પ્રમાણે મિથ્યાત્વ મોહના ઉદયથી ઉત્પન્ન થવાવાળી મૂર્છાના કારણથી સંસારી અજ્ઞાની જીવોને જે અજ્ઞાન અને ભ્રમ થાય છે તે અજ્ઞાન અને ભ્રમ દૂર થઈ જતાં જીવમાં પરમ પ્રસન્નતા ઉત્પન્ન થાય છે.

જેમ રોગાદિના અભાવથી થવાવાળી આરોગ્યતા, મન વચન કાયાની ક્રિયાઓના ઉત્સાહાદિરૂપ સ્થૂલ લક્ષણો દ્વારા જાણી શકાય છે તેજ પ્રમાણે દુર્લક્ષ્ય અને નિર્વિકલ્પ સ.દર્શન પણ પોતાના અવિનાભાવી શ્રદ્ધાનાદિક બાહ્ય લક્ષણો દ્વારા જાણી શકાય છે.

તત્વાર્થના વિષયમાં શ્રદ્ધા-રૂચિ-પ્રતીતિ અને સ્વરૂપાચરણને સ.દર્શન કહેવું એ સ.દર્શનનો ઉદ્દેશ છે-તત્વાર્થના વિષયમાં સન્મુખ બુદ્ધિને શ્રદ્ધા, તન્મય બુદ્ધિને રૂચિ તથા એ જીવાદિ પદાર્થો આમજ છે. અન્ય પ્રકારરૂપ નથી એવા પ્રકારની બુદ્ધિને પ્રતીતિ તથા તેના અનુકૂળ આચરણને (સ્વરૂપાચરણ) ચરણ કહે છે.

ઉપર કહેલાં શ્રદ્ધાદિક ચારેમાં શ્રદ્ધા-રૂચિ અને પ્રતીતિ એ ત્રણ તો જ્ઞાનના પર્યાયો હોવાથી જ્ઞાનરૂપ છે તથા મન, વચન, કાયાની શુભ પ્રવૃત્તિ તે ચરણ છે. આ બધાં વ્યવહાર શ્રધ્ધા-રૂચિ-પ્રતીતિ તથા ચરણ છે.-સારાંશ એ છે કે જો સમ્યકત્વપૂર્વક એ શ્રદ્ધાદિક હોય તો તેને સમ્યકત્વના લક્ષણ-ગુણ કહેવામાં આવે છે પણ જો સમકત્વ વિના એ શ્રધ્ધાદિક હોય તો તેને શ્રદ્ધાભાસાદિક કહેવામાં આવે છે તેથી સમ્યકત્વ વિના શ્રદ્ધાદિકને તેના લક્ષણ કહી શકાતાં નથી.

જો કે ભદ્રતાના કારણથી કોઇ કોઇને જીવાદિ તત્વોનું વ્યવહારરૂપ શ્રધ્ધાન થાય છે પરંતુ સ્વાત્માનુભૂતિ નહિ હોવાથી તેની તે શ્રદ્ધા સાચી શ્રદ્ધા નથી.

જેમ સ્વાનુભૂતિ સહિત હોવાથી શ્રદ્ધાને સ.દર્શનનું લક્ષણ કહે છે એજ પ્રમાણે સ્વાનુ-ભૂતિ સહિત રૂચિ પ્રતીતિ અને ચરણને પણ સ.દર્શનનાં લક્ષણ કહે છે એટલું અહીં વધારે સમજી લેવું જોઇએ.

---

**કલ્યાણ માસિકના આજેજ ગ્રાહક બનો.**
**વાર્ષિક લવાજમ રૂા. ૫-૫૦**

# મંત્ર પ્રભાવ

'કલ્યાણ' માટે ખાસ ઐતિહાસિક ચાલુ વાર્તા

લેખક: વૈદ્યરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

• **પૂર્વ પરિચય :** કલિંગ દેશનો રાજકુમાર વંકચૂલ, દિન-પ્રતિદિન અનેક વ્યસનોમાં આસક્ત બનીને રાજા. રાજ્ય તથા પ્રજાને નિરંતર રંજાડી રહ્યો છે. યુવરાજ્ઞી કમલાદેવીનાં હૃદયમાં પોતાના પતિનાં આ બધાં દૂષણો માટે ખૂબ લાગે છે. પોતાના સ્વામી પુષ્પચૂલ-વંકચૂલ સમક્ષ તેણે એક સમયે બધું જણાવીને આવા દૂષણોથી દૂર રહેવા આગ્રહ કર્યો. વંકચૂલ પોતાની વિશ્વાસુ પત્નીને ભરમાવીને ઉપવનમાં ક્રીડા કરવાને બહાને લઈ જઇ, તેને ઘેનમાં રાખીને નગરશેઠનાં ઘેર તે ચોરી કરવા નીકળે છે. સાથીઓની સાથે નગરશેઠના ભંડારને લૂંટીને તેમાંથી ક્રોડોના રત્નાલંકારો લઈને તે પોતાના આવાસમાં આવે છે. સવારે રાજકુળમાં આ સમાચાર પહોંચતાં રાજા વિમલયશ તથા કોટવાલ તપાસ કરે છે. કોટવાલને રાજકુમાર પર શંસય થાય છે. આ બાજુ રાજા પુષ્પચૂલને બોલાવે છે. **હવે વાંચો આગળ.**

## પ્રકરણ ૫ મું
## દેશવટો !

પિતાને નમઃસ્કાર કરીને વંકચૂલ એક આસન પર બેઠો.

મહામંત્રીએ બે પળ પર્યંત યુવરાજ સામે સ્થિર નજરે જોયું.

મૌન અસહ્ય જણાતાં વંકચૂલે કહ્યું : 'શી આજ્ઞા છે પિતાજી ?'

રાજા કશું બોલ્યો નહિ. મહામંત્રીએજ કહ્યું : 'મહારાજ કુમાર, ગઇ રાતે આપ કયાં હતા ?'

'ભવનમાં જ હતો... ઉપવનની એક કુંજમાં અમે બંનેએ રાત્રિ ગાળી હતી. આવો પ્રશ્ન કેમ પૂછવો પડયો ?' સાવ નિર્દોષ ભાવ દર્શાવવાના અભિનય સાથે વંકચૂલે કહ્યું.

મહામંત્રીએ કહ્યું : 'યુવરાજશ્રી, ગઇ રાતે નગરમાં એક ગંભીર બનાવ બની ગયો છે. આપણા માનનીય નગરશેઠના ભંડારમાં ભયંકર ચોરી થઇ છે.'

'ઓહ ! નગરશેઠને ત્યાં ચોરી ?' વંકચૂલે ગંભીરભાવે પ્રશ્ન કર્યો.

'હા યુવરાજશ્રી, આવી ચોરી હજી સુધી આ નગરીમાં કદી થઇ નથી.'

'ચોર પકડાયો ?'

અત્યાર સુધી મૌન બેઠેલા મહારાજા તરત બોલ્યા : 'હા...ચોરનો એક સાથી પકડાયો છે... ચોર છટકી ગયો લાગે છે...પરંતુ નગરશેઠના ભંડારમાંથી મળેલા પૂરાવા પરથી આ ચોરીમાં તારો હાથ હોય એવી શંકા સહુને થાય છે.'

વંકચૂલ તરત આછું હસ્યો અને હસતાં હસતાં બોલ્યો : 'પિતાજી, મારા પ્રત્યે શંકા જાય તે સહજ છે...કારણ કે મારો ભૂતકાળ ઉજળો છે નહિ... પરંતુ આ કિસ્સામાં મારો કોઇ હાથ નથી, છેલ્લા કેટલાક દિવસથી મારૂં હૃદય પશ્ચાતાપનાં આંસુ સારી રહ્યું છે અને મારો પ્રયત્ન પણ એવો છે કે હું એક આદર્શ પિતાનો આદર્શ પુત્ર બનું.'

'આપની ભાવના અમારા સહુના ચિત્તને શાંતિ આપનારી છે...પરંતુ જે માણસ પકડાયો તે આપનો જ એક સાથીદાર છે...એ સિવાય ત્યાંથી પ્રાપ્ત થયેલું એક તીક્ષ્ણ હથિયાર પણ આપનું જ હોવાની કોટવાળને શંકા છે....એ સિવાય મળી આવેલી મોજડી પણ આપની જ હોય એમ લાગે છે.' મહામંત્રીએ કહ્યું.

વંકચૂલના હૈયા પર એક હળવો આંચકો તો આવી ગયો....છતાં પોતાનો મનોભાવ દબાવીને તે બોલ્યો : 'મંત્રીશ્વરજી, કહેવત છે કે નામીચો ચોર માર્યો જાય.' મારી પણ એવીજ સ્થિતિ છે...તીક્ષ્ણ હથીઆર મારૂં હોય તે સ્વાભાવિક છે કારણ કે મેં બે દિવસ પહેલાંજ એ બધાં સાધનો ફેંકી દીધાં હતાં...પકડાયેલો માનવી પણ મારો એક વખતનો સાથી હોય એ બનવા જોગ છે... પરંતુ છેલ્લા ત્રણ

—ચાર દિવસથી મેં મારા તમામ દુષ્ટ સાથીઓ સાથેનો સંપર્ક છોડી દીધો છે. પ્રાપ્ત થયેલી મોજડી માટે મને આશ્ચર્ય થાય છે....મારી પાસે એવી કોઇ મોજડી છે જ નહિ અને મારા માપનો પગ બીજાનો હોય જ નહિ એવું તો આપ પણ નહિ કહી શકો.'

વંકચૂલની આ દલિલ ઉપેક્ષા કરવા જેવી હતી જ નહિ....છતાં મહામંત્રીએ કહ્યું : 'યુવરાજશ્રી, આપની વાત સાંભળીને મને ઘણો જ આનંદ થાય છે. હું પણ ઇચ્છુ છું કે આપના પ્રત્યેની શંકા નિર્મૂળ પુરવાર થાય અને મહારાજાના હૈયાને લાગેલો આઘાત નષ્ટ થાય. પરંતુ આપને મારી એક જ વિનંતિ છે કે આપની નિર્દોષતા....'

'હું કોઇપણ સમયે પુરવાર કરી શકીશ.' વંકચૂલ વચ્ચે જ બોલ્યો: 'આપ યુવરાજ્ઞીને પૂછી જોશો તો મારી વાતમાં કેટલું સત્ય છે તે આપને સહેજે સમજાઇ જશે.'

મહારાજાએ મહામંત્રી સામે જોઇને કહ્યું: 'આપ યુવરાજ્ઞીને બોલાવો.'

'અહીં?' મહામંત્રીએ પ્રશ્ન કર્યો.

'હા...હું પણ ઇચ્છુ છું કે યુવરાજની વાત સાચી હોય.'

એજ વખતે મહાપ્રતિહારે ખંડના દ્વાર પાસે ઉભા રહીને કહ્યું: 'કોટવાળ મહત્ત્વના સમાચાર આપવા માગે છે.'

'સારું....અંદર આવવા દે.' મહારાજાએ કહ્યું.

વંકચૂલના મનમાં થયું, કોટવાળ તો અહીં જ હતો...મહત્વના સમાચાર કયા હશે? શું પલંગ સરખો કરવા ગયેલી પરિચારિકાના હાથમાં ચોરીનો છૂપાવેલો માલ આવી ગયો હશે?

વંકચૂલના મનનો પ્રશ્ન કંઇપણ ઉત્તર શોધે તે પહેલાં જ કોટવાળ મંત્રણાગૃહમાં દાખલ થયો અને નમઃસ્કાર કરતાં બોલ્યો: 'મહારાજાધિરાજનો જય થાઓ...ચોરીનો માલ પકડાઇ ગયો છે.'

'કયાંથી?'

'ક્ષમા કરજો મહારાજ! મારો સંશય સાચો પુરવાર થયો છે...ચોરીનો માલ યુવરાજશ્રીના શયનગૃહમાં પલંગના ગાદલા તળે જ પડયો હતો.'

યુવરાજ ચમકયો...તે ઉભો થવા ગયો પણ મહારાજાએ તરત કહ્યું: 'કયાંય જવાની જરૂર નથી' ત્યાર પછી કોટવાળ સામે જોઇને કહ્યું: 'ચોરીનો માલ કેવી રીતે શોધી શકાયો?'

કોટવાળે કહ્યું: 'રાજન્ હું યુવરાજને બોલાવવા ગયો હતો...યુવરાજશ્રીએ પ્રથમ જરા આનાકાની કરેલી....પરંતુ આપની આજ્ઞા હોવાથી તેઓ તરત નીચે આવ્યા...હું થોડે સુધી એમની પાછળ ગયો અને પાછો એમના શયનગૃહમાં ચાલ્યો ગયો. મેં ઉપલક દૃષ્ટિએ જોયું...યુવરાજના પલંગના ગાદલાનો એક ભાગ મને સહજ ઉંચો લાગ્યો...એ ભાગ પર એક ઓસીકું પણ પડેલું અટલે મને કંઇક આશ્ચર્ય થયું...ઉપસેલા ભાગને છૂપાવવા માટે જ ઓશીકું મૂકયું હોય એમ મને લાગ્યું. મેં શયનખંડનું દ્વાર અટકાવીને તપાસ કરી તો ગાદલા નીચેથી આ મુદ્દામાલ પ્રાપ્ત થયો.' કહી કોટવાળે યુવરાજનો થેલો મહારાજાના હાથમાં મૂકયો.

વંકચૂલનો ચહેરો પણ ઝંખવાણો થઇ ગયો હતો. મહારાજાએ તરત કોટવાળને કહ્યું: 'યુવરાજને અત્યારે જ કારાગારમાં લઇ જાઓ. એના પ્રત્યે જરાયે સહૃદય બનવાની જરૂર નથી. આજે રાજસભામાં જ એનો ન્યાય થશે.'

યુવરાજે કહ્યું: 'પરંતુ આ બધું....'

તરત વચ્ચે મહારાજાએ કહ્યું: 'તારી સઘળી વાત રાજસભામાંજ સાંભળીશ.'

રાજાજ્ઞાનો અમલ કરવા કોટવાળ બહાર ઉભેલા બે સૈનિકોને બોલાવી લાવ્યો અને યુવરાજ સામે જોઇને વિનયભર્યા સ્વરે બોલ્યો: 'યુવરાજ શ્રી... રાજાજ્ઞાને માન આપવા મારી સાથે કારાગારમાં પધારો...'

તરત આસન પરથી ઉભા થઇને મહારાજાએ કહ્યું: 'કોટવાળ, આ મારો પુત્ર છે એ વાત ભૂલી જવાની છે...એક ચોર છે અને એ રીતે જ એને બંધનગ્રસ્ત દશામાં લઇ જવાનો છે.

એમજ થયું.

વંકચૂલે કશો વિરોધ કર્યો નહિ.

કોટવાળ યુવરાજને બંધનગ્રસ્ત બનાવીને ચાલ્યો ગયો.

યુવરાજના ગયા પછી મહામંત્રીએ કહ્યું : 'મહારાજ, આ કરતાં આપે જરા....'

વચ્ચેજ મહારાજાએ કહ્યું : 'મંત્રીશ્વર, ગુનેગાર પ્રત્યે મમતા રાખવાનો કોઇ અર્થ નથી....આજ સુધી મેં ઘણી મમતા રાખી છે...આજ મમતાનું અંતિમ બંધન તૂટી ગયું છે.'

બંને મંત્રણાગૃહમાંથી બહાર નીકળ્યા.

મહારાજાએ નગરશેઠને બોલાવવા માટે એક સેવકને રવાના કર્યો; અને મહામંત્રીને કહ્યું : 'મંત્રીશ્વર, આપણા પાંચેય ન્યાય વિશારદોને કહેવરાવી દેજો રાજસભામાં હાજર રહે. કુલાંગારનો ન્યાય મારે આજને આજ કરવો છે.'

'મહારાજા' જો આપ રોષે ન ભરાઓ તો હું એક પ્રાર્થના કરવા માગું છુ.'

'તમારો મનોભાવ હું સમજી ગયો છું. આપ મારી સાથે અંદર આવો...મહાદેવીને પણ માહિતી આપવી પડશે.' કહી મહારાજા અંતઃપુર તરફ આગળ વધ્યા. મહામંત્રી પણ પાછળ પાછળ ચાલવા માંડયા.

એકના એક પુત્રને મહારાજાએ કારાગારામાં મોકલી દીધો છે એ સમાચાર અંતઃપુરમાં એક પરિચારિકાએ આપી દીધા હતા અને કમલારાણીના હૈયાને ભારે આંચકો લાગી ગયો હતો...તે લગભગ મૂર્છિત જેવી બની ગઇ હતી....મહાદેવીના ચિત્તને પણ ભારે આંચકો લાગ્યો હતો અને વંકચૂલ પ્રત્યે ખૂબજ મમતા રાખનારી બહેન તો રડી રહી હતી.

મહામંત્રીને લઇને મહારાજા એક બેઠક ખંડમાં ગયા અને ત્યાં ઉભેલી પરિચારિકાને કહ્યું : 'મહાદેવીને અહીં મોકલો.'

પરિચારિકા ચાલી ગઇ.

મહામંત્રીના મનમાં એક આશા જાગી. મહાદેવીની હાજરીમાં પોતે જે કંઇ વાર્તા કરશે તે અવશ્ય સ્વીકારાશે.

થોડીજ વારમાં મહાદેવી આવી ગયાં.

તરત મહારાજાએ કહ્યું: 'આવો....તમને સમાચાર તો મળી ગયા હશે!'

'હા....' શુષ્ક સ્વરે મહાદેવીએ કહ્યું.

ત્યાર પછી મહામંત્રી સામે જોઈને મહારાજા બોલ્યા : 'કહો આપ શુ કહેવા માગતા હતા?'

મહામંત્રીએ મૃદુ સ્વરે કહ્યું : 'મહારાજા, આપ આજ ને આજ યુવરાજશ્રીને ન્યાયાસન સમક્ષ ઉભા રાખવા માગો છો તે બરાબર નથી.'

'તો....?'

'એમને એકવાર જીવનપરિવર્તનની તક આપવી જોઇએ.'

'એટલે આવો ભયંકર ગુનો જતો કરીને મારે યુવરાજને બીજી ચોરી માટે પ્રોત્સાહન આપવું કેમ?' મહામંત્રીજી, યુવરાજને આજ સુધી મેં અનેક તક આપી છે...અને તેણે કોઈપણ સમયે તકનો સદ્‌ઉપયોગ કર્યો નથી. એ મારો પુત્ર છે.... એકનો એક પુત્ર છે એ વાત મારાથી કદી ભૂલાતી નથી. પણ એનો અર્થ એવો નથી કે મારે આવા ગંભીર ગુનાઓ પર ઢાંક પીછોડો કરીને એકના એક પુત્રને બચાવ્યા કરવો. એ કેટલો દંભી અને અસત્યવાદી છે એ શું તમે નજરો નજર ન જોઇ શકયા? જો કોટવાળને એની શય્યામાંથી મુદ્દામાલ ન મળ્યો હોત તો આપણે સહુ એના દંભમાં સપડાઇ જાત. પરંતુ પાપ પોતે જ એવું કદરૂપું હોય છે કે કદી છૂપાઇ શકતું નથી. મહામંત્રી, મને પોતાને એમજ લાગે છે કે આવા સંતાન કરતાં વાંઝીયા રહેવું એ વધારે સુખદ છે.'

મહારાણી તરત બોલ્યાં : 'કમળા કહેતી હતી કે રાતે તે કયાંય ગયો નહોતો.'

'મહાદેવી, જે માણસ માતા-પિતાને અને આવા વયોવૃદ્ધ મહામંત્રીની આંખમાં ધૂડ નાખવાનો પ્રયત્ન કરી શકે છે તે શું એક પોતાની પત્નીને ન બનાવી શકે? જો તે ચોરી કરવા ગયો જ ન હોત તો એના શયનખંડમાં મુદ્દામાલ આવે કયાંથી? રાજભવનમાં આઠેય પ્રહરનો જાગ'તો ચોકી પહેરો હોય છે...બહારનો કોઇપણ માણસ આ રીતે અંદર આવી શકે નહિ. એ સિવાય પ્રાપ્ત થયેલી મોજડી

પણ યુવરાજની જ છે. છતાં મેં એની પાકી તપાસ કરાવવાની આજ્ઞા આપી છે. નગરશેઠનો સગડીયો આપણા રાજ્યભરમાં અજોડ ગણાય છે...તેણે પણ યુવરાજના એક સાથીને પકડી પાડયો છે. આ બધા સંયોગો જોતાં યુવરાજ નિદ્રાધિન પત્નીને છોડીને જ ગુપચુપ બહાર નીકળી ગયો હોય એમ લાગે છે અને આ રીતે કરવું તે આપણા કુલાંગાર માટે જરાયે અઘરૂં નથી.'

મહામંત્રીએ કહ્યું : 'મહારાજ, હું પણ સ્વીકારૂં છું કે યુવરાજે અવશ્ય ગુનો કર્યો છે...મારી તો એજ પ્રાર્થના છે કે આપે એક વધુવાર યુવરાજને સન્માર્ગે વળવાની તક આપવી જોઇએ. ગમેતેમ તોય આ રાજ્યની એ આશા છે!'

મહારાજ વેદનાભર્યું હાસ્ય હસીને બોલ્યા : 'નહિ મહામંત્રીજી, પાપને થાબડવાથી કોઇ કાળે શુભ પરિણામ આવતાં નથી. પિતા તરીકેનો મારો ધર્મ જેમ સંતાનનો દોષ ગળી જવાનો છે તેમ રાજા તરીકેનો પણ મારો એક ધર્મ છે. જો રાજા કે રાજકર્મચારી પોતાના માણસોના અન્યાયને ઢાંકવામાં જ રસ લેતા રહે તો એની સમૃદ્ધિ અને કીર્તિ ભ્રષ્ટ થાય છે.'

મહાદેવીએ કહ્યું : 'આ સમાચાર સાંભળીને કમળા બિચારી અર્ધમૂર્છિત બની ગઇ છે.'

'એ તો સહજ છે! એનો અર્થ એવો નથી કે એથી ગુનાની ગંભીરતા ઓછી આંકી શકાય. દેવી, લાગણીને પંપાળવી એ કસોટી નથી, લાગણીને પી જવી એ કસોટી છે. શું તમે એમ માનો છો કે યુવરાજને કારાગારમાં મોકલતી વખતે મને જરાયે દર્દ નહિ થયું હોય? પણ કર્તવ્ય આગળ માનવીએ પોતાની ભાવનાઓને એક તરફ મૂકવી પડે છે....જો માનવી ભાવનાનો ગુલામ બને તો કર્તવ્યના શિખર સુધી કદી પહોંચી શકતો નથી. એક પિતા તરીકેની ભાવના એકના એક પુત્રને ક્ષમા આપવાની જ છે... પણ રાજા તરીકેનું કર્તવ્ય એનાથી પર છે.'

મહામંત્રી માટે કે મહાદેવી માટે વધુ કંઇ બોલવા જેવું રહ્યું નહોતું. થોડીવાર પછી મહામંત્રી વિદાય થયા.

મહારાજાએ હાથ લાગેલો મુદ્દામાલ મહાપ્રતિહારની દેખરેખ નીચે મૂકયો.

યુવરાજે નગરશેઠનો ભંડાર ફાડીને ચોરી કરી છે અને મહારાજાએ યુવરાજને કારાગારમાં ધકેલેલ છે એવા સમાચાર વાયુવેગે ઢીંપુરીનગરીના ખૂણે ખૂણે પ્રસરી ગયા હતા. મહારાજા આજે મધ્યાન્હ પછી યુવરાજનો ન્યાય કરવાના છે એ વાત પણ ચારે દિશાએ ચર્ચાઇ રહી હતી અને મધ્યાન્હ પહેલાં જ રાજસભાના ભવ્ય મકાનના ચોગાનમાં હજારો માણસો એકત્રિત થઇ ગયા હતા.

યથા સમયે રાજસભા પણ ભરાઈ ગઇ....પાંચેય ન્યાય વિશારદો આવી ગયા અને યુવરાજને પણ બંધનગ્રસ્ત દશામાં લાવવામાં આવ્યો. યુવરાજને જોઇને લોકોએ ધિક્કાર વર્ષાવ્યો...કેટલાક લોકોએ યુવરાજની જુવાની પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી.

રાજસભામાં મહારાજા આવી ગયા. મહાદેવી કમલારાણી, વંકચૂલની બહેન તેમજ અન્ય રાજપરિવારની સ્ત્રીઓ પણ આવી ગઇ અને એક ચક પાછળ બેસી ગઈ.

ચારણવૃંદે મહારાજાની યશગાથા ગાઇ, રાજકુળ પુરોહિતે આશિર્વચન વરસાવ્યાં. રાજ સભાના કાર્યનો પ્રારંભ થયો. નિવેદકે ઉભા થઇ, ત્રણવાર છડી ઉંચી કરી. મહારાજાનો જયનાદ પોકારી કહ્યું : 'મહાનુભાવો, ગઇ રાતે આપણા શ્રીમાન નગરશેઠનો ધન ભંડાર તોડીને ચોરી કરવામાં આવી હતી, ચોર મુદ્દામાલ સાથે પકડાઇ ગયો છે અને આજે તેનો ન્યાય થવાનો છે.'

નિવેદક એક તરફ ઉભો રહી ગયો.

મહામંત્રીએ ઉભા થઈ કહ્યું : 'મહાનુભાવો, ગઇ રાતે થયેલી ભયંકર ચોરી પાછળ આપણા પ્રજાવત્સલ મહારાજાના એકના એક પુત્ર યુવરાજશ્રી હતા. મહારાજાધિરાજ ચોરી કરનાર પોતાના એકના એક પુત્રને ન્યાય કરવાની ઇચ્છા ધરાવે છે અને તેઓશ્રી ઇચ્છે છે કે કોઇપણ સંયોગોમાં ન્યાયની પવિત્રતા ઝાંખી ન પડવી જોઇએ. આ અંગે મહારાજાએ તાત્કાલિક તપાસ શરૂ કરાવી હતી અને ચોરી

પાછળ યુવરાજશ્રી હોવાનો સજ્જડ પુરાવો પ્રાપ્ત થયો છે. અત્યારે આપણા ન્યાય વિશારદો આ આખો પ્રશ્ન વિચારીને ન્યાયની પવિત્રતા જાળવશે.'

ન્યાય વિશારદો જે સ્થળે બેઠા હતા તે સ્થળ સર્વ કરતાં ઉંચું હતું અને તેમની સામે પડેલા પાટલાઓ પર મુદ્દામાલ ગોઠવવામાં આવ્યો હતો.

એમની સામે બંધનાવસ્થામાં યુવરાજ ઉભો હતો...થોડે દૂર એનો સાથી ઉભો હતો.

એક ન્યાય વિશારદે યુવરાજ સામે જોઇને કહ્યું : 'યુવરાજશ્રી, ગઈ રાતે આપશ્રીએ નગરશેઠના ભંડારની પાછલી દિવાલમાં બાંકોરૂં પાડીને ચોરી કરી હતી....પરંતુ નગરશેઠે ભંડારમાં કરેલી યંત્ર રચનાના કારણે ઘંટાનાદ થવા માંડયો હતો અને આપ આપના સાથી સાથે ઉતાવળમાં નાસ્યા હતા. એ વખતે આપના પગમાંથી એક મોજડી પડી ગઇ હતી અને બીજી મોજડી આપે બહાર રસ્તાપર ફેંકી દીધી હતી. આ બંને મોજડીઓ અને નગર-શેઠના ધન ભંડારની પેટિકાઓ ખોલવાનું એક તીક્ષ્ણ શસ્ત્ર જે આપ ઉતાવળના લીધે ત્યાં મૂકીને નાઠા હતા તે પ્રાપ્ત થયેલ છે. બંને મોજડીઓ આપની જ છે એવી ખાત્રી એના બનાવનાર મોચી પાસેથી મળી છે અને ભૂતકાળમાં આવું જ તીક્ષ્ણ શસ્ત્ર આપની પાસેથી મળી આવ્યું હતું તે હકિકત પરથી એ શસ્ત્ર આપનું હોવાનો સંશય છે....આપશ્રીને અમારી ભારપૂર્વકની વિનંતિ છે કે સત્યને છૂપાવ્યા વગર આપ જો હકિકત રજુ કરશો તો તે આપના હિતમાં ગણવામાં આવશે. કહો, આ મોજડીઓ અંગે આપને જે ખુલાસો કરવો હોય તે સંકોચ વગર કરી શકો છો.'

યુવરાજ કશું બોલ્યો નહિ. પાંચેય ન્યાય વિશાર-દોએ આનો આ પ્રશ્ન કર્યો પણ યુવરાજ એમને એમ મૌનભાવે ઉભો રહ્યો.

ત્યાર પછી મોજડી બનાવનાર મોચીને બોલાવ-વામાં આવ્યો અને તેણે આ મોજડીઓ યુવરાજનું માપ લઇને તેમજ કોઇ પ્રકારનો અવાજ ન થાય તે રીતે બનાવી હોવાનો એકરાર કર્યો.

ત્યાર પછી નગરશેઠના સગડીયાએ પોતે જે તપાસ કરી હતી તે માહિતી આપી.

સમગ્ર સભા સ્થિર થઇને સાંભળી રહી હતી.

ન્યાય વિશારદોએ પકડાયેલા યુવરાજના સાથીને બોલાવ્યો અને તેને પ્રશ્નો પૂછવા શરૂ કર્યાં. પરંતુ સાથીએ કશો ઉત્તર આપ્યો જ નહિ.

છેવટે એક ન્યાય વિશારદે કહ્યું : 'બંધવા, આ રીતે મૌન રહેવાથી ગુનો હળવો બને છે એમ તું માનતો હોય તો એ તારી ગંભીર ભૂલ છે. મૌન અર્થ ઇન્કાર નથી પણ સ્વીકાર છે અને તેથી સત્યને છૂપાવવાનો અથવા તો સત્યની ઉપેક્ષા કરવાનો એક ગુનો વધારે બને છે. તું જો સત્ય વાત કરીશ તો તારા ગુના પ્રત્યે એક પ્રકારની હમદર્દી ઉભી થશે અને તારે જો તારા પરના તહોમતનો પ્રતિકાર કરવો હોય અને અત્રે પડેલી સાબિતી વજુદ વગરની છે એવું પુરવાર કરવું હોય તો તને એવી તક પણ આપવામાં આવે છે. કહે, તારે શું કહેવાનું છે?'

'શ્રીમાન, હું કશું જાણતો નથી...અને કંઇપણ કહેવા ઇચ્છતો નથી.' યુવરાજના સાથીએ કહ્યું.

ન્યાય વિશારદે તરત કહ્યું : 'તું કંઈપણ કહેવા નથી ઇચ્છતો એનો અર્થ એજ થાય કે તું કંઇક જાણે છે...છતાં તું કશું જાણતો નથી એમ કહીને સત્યનો તિરસ્કાર કરે છે. તારે એક વાત યાદ રાખવી જોઇએ કે કોઈપણ ગુના કરતાં સત્યનો તિરસ્કાર એ વધારે ગંભીર ગણાય છે. અમે તને એકાંતભાવે એમ નથી કહેતા કે તું ગુનો કબુલ કરી લે...અમે એ પણ કહીએ છીએ કે તેં ગુનો ન કર્યો હોય તો અમારા પર એવી છાપ પાડવાનો પ્રયત્ન કર કે જેથી અમે ન્યાયની પવિત્રતાને જાળવી શકીએ. સ્પષ્ટ હકિકત તો એ છે કે નગરશેઠની હવેલી પાછળ પડેલાં તારા ચરણ ચિહ્નોના આધારે જ તને શોધી કાઢવામાં આવ્યો છે. તારી માતાએ પણ સ્પષ્ટ કહ્યું છે કે તું છેક ભળકડે આવ્યો હતો અને ડેલી ઉઘડાવી હતી. તો પછી સવાલ એ છે કે તું રાતના કયા સ્થળે હતો?'

સાથી ગભરાયો...પણ વળતી જ પળે બોલ્યો : 'શ્રીમાન, હું કશું કહેવા ઇચ્છતો નથી.'

'આવા વર્તાવથી તું તારી જાતને છેતરી રહ્યો છે એ ભૂલીશ નહિ.'

સાથી નીચી નજરે ઉભો રહ્યો.

ન્યાય વિશારદે કહ્યું : 'તું એમ ન માનતો કે સત્તા આગળ સત્ય કબુલાવવાનો કોઇ માર્ગ નથી! પરંતુ એવા નિર્દય ઉપાયોને મહારાજા ઇષ્ટ ન માનતા હોવાથી જ તને આ રીતે વારંવાર તક આપવામાં આવે છે. હવે તને છેલ્લી વાર કહેવામાં આવે છે કે તું જે કંઇ સત્ય હોય તે કહેવા ઇચ્છે છે કે નહિ?'

'ના....' સાથીએ સ્પષ્ટ કહ્યું.

તરત ન્યાય વિશારદોએ યુવરાજને આગળ લાવવાનો ઈશારો કર્યો.

યુવરાજ જરા આગળ આવ્યો એટલે એક પ્રશ્ન કર્યો: 'યુવરાજશ્રી, આપે ચોરી કરી છે એ વાત તો સિદ્ધ થઇ ગઇ છે કારણ કે જે કંઇ સાબિતીઓ પડી છે તે પુરતી છે. આ અંગે તમારે જે કંઇ કહેવાનું હોય તે સંકોચ વગર કહી શકો છો.'

કોઇપણ પ્રકારના ક્ષોભ વગર યુવરાજે કહ્યું : 'શ્રીમાન, ચોરી મેં કરી છે...પરંતુ એને હું ગુનો માનતો નથી. કારણ કે ચોરી એ એક કલા છે... દોષ નથી. ચોરી કરવામાં શક્તિ, આવડત, બહાદુરી અને સાવધાનીની જરૂર પડે છે....!'

આખી સભા આવા વિચિત્ર એકરારથી આશ્ચર્યમાં પડી ગઈ.

ન્યાય વિશારદે શાંત ભાવે કહ્યું : 'આપના આ કથનથી આપે ચોરી કર્યાનો એકરાર કર્યો છે એ વાત ભૂલશો નહિ. પરાયા ધનની ચોરી કરવી એ કલા નથી... કલા તરીકે ગણાવેલી ચૌર્યકલા એ તો રસશાસ્ત્રની એક વિશિષ્ટતા છે અને કેવળ ગુણનો જ સમાવેશ થાય છે. ચૌર્યકલા કોઇના હૃદયને દુઃખ આપતી નથી પણ સર્વને આનંદ આપતી હોય છે...એટલે આપને આપના આ કૃત્ય બદલ પશ્ચાતાપ થતો હોય તો તે જાહેર કરવાની તક આપવામાં આવે છે.'

'જેને હું ગુનો માનતો નથી તેનો પશ્ચાતાપ પણ હોય નહિ. શ્રીમાન નગરશેઠના ભવનમાં બુદ્ધિપૂર્વક દાખલ થઇને જ મેં જ ચોરી કરી છે. આ અંગે આપને જે કંઇ શિક્ષા ફરમાવવી હોય તે ફરમાવી શકો છો.' યુવરાજે કહ્યું.

પાંચેય પંડિતો વિચારમાં પડી ગયા અને અંદરો-અંદર મસલત કરીને તેઓએ મહારાજા સમક્ષ જોઇને કહ્યું : 'મહારાજાધિરાજ, ન્યાયના નિયમ પ્રમાણે આ રીતની ચોરી કરનારને અને તેમાં સાથ આપનારને વધુમાં વધુ દસ વર્ષ પર્યંતના કારાવાસની શિક્ષા આપી શકાય છે. આપ શ્રીમાન આ અંગે જે નિર્ણય આપશો તે ઉચિત ગણાશે. અમારા નમ્ર મંતવ્ય પ્રમાણે ગુનેગાર જો ફરીથી ગુનો ન કરવાની કબુલાત આપે અને પશ્ચાતાપના અગ્નિથી પવિત્ર થવા માગે તો એને એક તક આપવી જોઇએ.'

મહારાજાએ કહ્યું: 'ગુનાનો પ્રકાર, ગુનાની ગંભીરતા અને ગુનેગારનું વલણ જોયા પછી હું ન્યાયની પવિત્રતા જાળવવા ખાતર આજ્ઞા કરું છું કે આવતી કાલે સંધ્યા પછી ગુનેગારે અને તેના સાથીઓએ જીવનભર માટે આ રાજ્યની હદનો ત્યાગ કરવો. આવા દુષ્ટચિત્ત માણસો રાજમાં રહે તે કોઇપણ દૃષ્ટિએ ઉચિત નથી.'

આટલું કહીને મહારાજા ઉભા થઇ ગયા.

લોકોએ મહારાજાનો જયનાદ પોકાર્યો અને નગરશેઠ મહારાજા પાસે આવીને બોલ્યા : 'કૃપાવતાર, આ રીતે દેશવટો આપવા કરતાં...'

'શેઠજી, મેં ખૂબ જ વિચારીને આજ્ઞા કરી છે. આવા પુત્રનું ફરીવાર મોઢું જોવું એ પણ દુઃખનો વિષય છે,' કહી મહારાજા ચાલતા થયા.

મહામંત્રીએ નગરશેઠને તેમનો માલ સુપ્રત કરી દીધો.

યુવરાજ અને તેના સાથીને લઇને કોટવાળ કારાગાર તરફ ચાલ્યો ગયો.

પ્રત્યેક સભાસદો મહારાજાની ન્યાયપ્રિયતાને નમવા માંડયા. (ક્રમશઃ)

**દહેરાસરો માટે સ્પેશીયલ સુવાસિત**

**દિવ્ય અગરબત્તી**

**તથા**

**કાશ્મીરી અગરબત્તી**

**પવિત્ર અને સુંદર વાતાવરણ સર્જે છે.**

**— નમુના માટે લખો —**

**ધી નડીયાદ અગરબત્તી વર્કસ**

**ઠે. સ્ટેશન રોડ, નડીયાદ (ગુજરાત)**

# મરૂધર પ્રદેશનો યાત્રા પ્રવાસ

અધ્યાપક : **શ્રી કનૈયાલાલ એફ. વલાણી, ચાણસ્મા.**

ગૂજરાતના પાટણ નજીકના ચાણસ્માની જૈન પાઠશાળાની બાળાઓ સાથે શિક્ષક શ્રી ફકીરચંદ વલાણીએ મરૂધર–મારવાડ પ્રદેશની પંચતીર્થની યાત્રા સામુદાયિક રીતે કરેલી તેનું ટુંક છતાં સરલ પ્રવાસ–વર્ણન અહિં રજૂ થાય છે, યાત્રાપ્રવાસના લેખકોને નમ્ર સૂચન છે કે, જે જે પ્રદેશની યાત્રા કરો તેની ઐતિહાસિક તથા ભૌગોલિક ભૂત તેમજ વર્તમાન પરિસ્થિતિનું આલેખન લેખમાં કરવું ઉપયોગી છે, જેથી ‘ કલ્યાણ ’ ના વાચકો તે તે પ્રદેશની માહિતીને મેળવી શકે.

⊙

કેવી હતી એ મનોહર રજની, કેવો હતો એ મનોહર પ્રસંગ, કેવી હતી દરેકની ભાવભરી વિદાય. આસો વદ. ૯ ની રાત્રે અમારી પાઠશાળાની ૪૫ બાલિકાઓને લઇને મરૂધર પ્રદેશમાં યાત્રા કરવાનું થયું. સવારની પાંચની ગાડીમાં જવાનું હોવાથી અમો દરેક જણ સ્ટેશન પાસે આવેલ વિદ્યાવાડીમાં સૂઇ રહેવા માટે ગયા. ગામના દરેક સ્નેહીઓ, સૌના વાલીઓ અને કાર્ય–વાહકો અમને આશીર્વાદ આપવાને એકત્ર થયા હતા., સૌના આશીવાદો લઇ ‘ આવજો...યાત્રા કરજોના બુલંદ અવાજે અમે ગામમાંથી નીકળ્યા. આજે તો કોઇને નિદ્રાદેવી પણ આવતાં નથી, કયારે સ્ટેશને જઇશું એ ઝંખના હતી. માંડ માંડ ચાર વાગ્યા સૌ ઉઠી ગયા, નવકાર-મત્રનું સ્મરણ કર્યું ને સરસામાન લઇ ચાલવા માંડયું. દરેક જણે વિદ્યાવાડીમાં બિરાજેલ આદિ-નાથ દાદાના દર્શન કર્યા. સમય થતાં ગાડી આવી. સૌ ગોઠવાઇ ગયાં. ગાડી ઉપડી બરાબર સાત વાગે મહેસાણા આવ્યા. અહીં ટાઇમ ન હોવાથી દરેક સ્ટેશન ઉપર રહ્યાં અને ૮ વાગે ઉપડતા જનતા એકસપ્રેસમાં બપોરે ૧॥ વાગે ફાલના આવી ગયા. સ્ટેશન પાસે આવેલ ધર્મશાળામાં અમે ઉતર્યા. ધર્મશાળાની અંદર આવેલ દહેરાસરમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની દરેકે સ્નાન કરી સેવા–પૂજા કરી. આ દહેરાસર ૧૯૬૦ માં બંધાવેલ છે. ત્યાં માસ્તર કનકરાજને અગાઉ જણાવવાથી સગવડ રાખી હતી.

સાંજે સૌ જમી પરવારી પાસે આવેલ ખુડાલા ગામમાં ધાર્મિક શિક્ષિકા બેનના અત્યંત આગ્રહથી ગયા. ત્યાં આદિનાથ ભગવાન-ના દર્શન કર્યા અને રાત્રે ભાવના રાખી, શિક્ષિકા બેનની ભકિત સારી હતી. રાત્રે પાછા ધર્મ-શાળામાં આવી ગયા. બસનું નકકી કર્યું અને સવારમાં ૭ વાગે બસમાં રવાના થઈ વદી. ૧૦ ના રોજ રાણકપુરજી પહોંચ્યા. સૌએ નાસ્તો કર્યો અને સ્નાન કરી પૂજા–સેવા કરવા માટે ગયા મંદીરને જોતાં દરેકનાં મન ખીલી ઉઠયાં. આ ગામનું નામ કુંભારાણાના નામ ઉપરથી પડેલ છે. તે જંગલમાં આવેલ છે. ધરણાશાહે કરોડો રૂપીઆ ખર્ચીને ૧૪૪૪ થાંભલાનું નલીની ગુલ્મ વિમાન આકારનું ત્રણ માળનું મંદિર બંધાવ્યું છે. કોતરણી અદ્દભૂત છે. આ મંદિરનો જીર્ણોદ્ધાર આણંદજી કલ્યાણ–જીની પેઢીએ થોડા વખત પહેલાં કરાવ્યો છે. બીજા બે મંદિરો છે. સામુદાયિક સ્નાત્ર ભણાવી જિનાલયોનાં દર્શન કરી જમવા ભોજનશાળામાં ગયા. ભોજશાળાની વ્યવસ્થા ઘણીજ સારી અને પ્રંશસનીય છે. જમીને ભોંયરામાં કોત-રણી વગેરે જોવા જેવું જોઇ ૪ વાગે બસમાં રવાના થઈ સાદડી આવ્યાં. ત્યાં ૯ જિનાલયોના દર્શન કરી અમે ૫॥ વાગે રવાના થઇ ઘાણેરાવ આવી પહોચ્યા. ત્યાં ૧૧ દેરાસરોનાં દર્શન કર્યાં. થાકયાં પાકયાં સૌ નવકાર મહામંત્રનું સ્મરણ કરતાં સૂઈ ગયાં. સવારમાં ધર્મશાળા પાસે આવેલ દહેરાસરનાં દર્શન કરી મુછાલા મહા-

વીર જવા બસમાં રવાના થયા. સવારમાં નવ વાગે મુછાલા મહાવીર પહોચ્યાં. ત્યાં દર્શન વગેરે કરી મુછાળા મહાવીર નામ શાથી પડયું વિગેરે હકિકતનો ઈતિહાસ જાણી બસમાં રવાના થઇ ૧૧ વાગે નાડલાઇ આવી પહોંચ્યા. ધર્મશાળામાં ઉતર્યાં. અહીં પહાડની બે ટેકરીઓ છે, તે ટેકરીઓ ઉપર સિદ્ધાચળજી અને ગિરનારજીની સ્થાપના કરેલી છે. ગામના નવ દેરાસરો ઘણા વિશાળ અને ગગન ચુંબી છે. નાસ્તો વગેરે કરી દર્શન કરવા નીકળ્યા, બંને પહાડ ઉપર યાત્રા કરી નીચે આવેલ આદિશ્વર ભગવન્તના બાવન જિનાલય યુકત દેરાસરના દર્શન કરી ધર્મશાળામાં આવ્યા, સૌએ સ્નાન કરી ભકિત પૂર્વક પૂજા-સેવા કરી. અહીંના દેરાસરો ઘણાંજ મનોહર અને કલામય છે. અહીં ફરી દર્શન કરીને નાડોલ જવા ઉપડયા. સાંજના ૪॥ વાગે નાડોલ આવ્યા. જમવાની અહીં વ્યવસ્થા કરી, અહીં ચાર ભવ્ય મંદિરો છે, ત્યાં દર્શન વગેરે કરી નાસ્તો કરી જમીને નીકળ્યા. લઘુશાન્તિની રચના અહીં પૂ. આ. મ. શ્રી માનદેવસૂરિજીમહારાજે કરી હતી. રાત્રે આઠ વાગે બસમાં રવાના થઈ નવ વાગે વરકાણા આવ્યા. અહીં સુંદર વ્યવસ્થા હતી. ભણશાળીજીએ દરેક પ્રકારની સગવડતા રાખી હતી. સવારમાં ઉઠી સૌએ પ્રતિક્રમણ કર્યું. અંતરિક વરકાણો કહેતાં સૌનાં હૈયાં નાચી ઉઠયાં. સવારમાં નવકારશી વગેરે કરી પૂજા-સેવા કરવા ગયા. આનંદપૂર્વક સ્નાત્ર ભણાવી આવીને જમ્યા. ભણશાળીજીએ વિદ્યાલયમાં દરેક જાતની આ તીર્થ વિષે સમજણ પાડી હતી. તે ખુબજ ઉત્સાહી અને સેવાભાવી છે. અહીંનું દહેરાસર બાવન જિનાલય યુકત છે. પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા ખરેખર આનંદ ઉપજાવે તેવી છે અહીં માગસર વદ ૧૦ ના રોજ મેળો ભરાય છે. વરકાણાથી સાંજના ચાર વાગે નીકળી રાણી ગામે આવ્યા. અહીં બે દહેરાસરો છે, ત્યાંના દર્શન કરી બસમાં રવાના થઇ ફાલના આવ્યા. બાલી અને મુંઢારામાં ભવ્ય દેરાસર છે ત્યાં દર્શન કર્યા હતા. લગભગ બન્ને ગામોમાં છ થી સાત મોટા દહેરાસરો છે. સાંજે આવી ત્યાં રાત્રે ભાવના રાખી અને આબુજી જવાની વિચારણા ચાલી, "છેવટે જવાનું નકકી થયું." આસો. વ. ૧૩ ના રોજ સવારની ગાડીમાં રવાના થઇ આબુ આવી પહોંચ્યાં સૌ સ્ટેશને સામાન મૂકી પાસે આવેલ ધર્મશાળામાં દહેરાસર છે ત્યાં દર્શન કરવાને ગયા, દર્શન કરીને આવ્યા બાદ સ્પેશીયલ બસ કરી માઉંટ-આબુ ગયા. ત્યાંથી દેલવાડા ગયા ત્યાં ચાર વાગે પહોંચ્યા, ધર્મશાળામાં ઉતર્યાં અને રસોઈની તૈયારી કરી, સૌ જમી પરવારી દર્શન કરવાને ગયા. ત્યાં ભાવના રાખી. દરેક જિનાલયે દર્શન કરી આરતિ ઉતારી સ્વસ્થાને આવ્યા. સવારમાં ઉઠી પ્રતિક્રમણ કર્યું. આજે તો દિવાળી હતી. સવારનાં દર્શન કરી અને નવકારશી કરી અમે અચલગઢ જવા પગપાળા રવાના થયા. બરાબર દશ વાગે પહોંચી ગયા. ત્યાં સેવા પૂજા કરી પાછા દેલવાડા આવવા રવાના થયા. દેલવાડા આવી રસોઈની તૈયારી કરવા માંડી. થોડીક બ્હેનો રસોઈ કરવામાં ગોઠવાઈ અને અમે દહેરાસરની કોતરણી જોવા માટે નીકળ્યાં, અહીંની કોતરણી ખૂબ જ વખણાય છે, સૌ આનંદિત આનંદિત થઈ ગયાં, દરેક દહેરાસરનાં દર્શન કરી ધર્મશાળામાં આવી જમવા બેસી ગયાં, આનંદપૂર્વક જમી, પ્રતિક્રમણ કરી, થાકયાં પાકયાં સૂઇ ગયાં. કા. સુ. ૧ ના રોજ બેસતું વર્ષ. આજે તો બેસતું વર્ષ અને તેમાં વળી મહાન તીર્થના સાન્નિધ્યમાં એટલે કોને આનંદ ન થાય, સૌ હર્ષથી નાચી ઉઠયાં. દર્શન વગેરે કરી નમુકકારશી કરી, અમે બધા સ્નાન કરી પૂજા-સેવા કરી સામુદાયિક સ્નાત્ર ભણાવ્યું, અને બે વાગે જમવા બેઠાં જમી પરીવારી તેજ સાંજે જવા નીકળ્યાં ખરેખર ખસવાનું મન થતુ ન હતું. પરંતુ દિવસ ઘણા થઈ ગયા હતા. રાત્રે આબુ (ખરેડીમાં) બસમાં આવ્યા, ધર્મશાળામાં રાત રહ્યા, ત્યાં વ્યવસ્થા સારી

# સંસાર દુઃખ અને મોક્ષ સુખ

**શ્રી ઝવેરચંદ પી. શાહ, નાઇરોબી–આફ્રીકા.**

'કલ્યાણ' વર્ષ ૧૮ ના ૬ ઠ્ઠા અંકમાં ઉપરોકત શિર્ષક તરીકે આ લેખનો પ્રથમ લેખાંક પ્રસિદ્ધ થયેલ. તેના અનુસંધાનમાં સ્વતંત્રરૂપે બીજો લેખાંક પ્રગટ થાય છે. જ્ઞાન–દર્શનાવરણીયના ઉદયથી તથા દર્શનમોહના ઉદયથી આત્મા સંસારમાં કઇ રીતે અજ્ઞાનતાના કારણે સુખ ને દુઃખ, તથા દુઃખને સુખ માની રહ્યો છે, તેનું આલેખન અહિં થાય છે. લેખનો વિષય મનન તથા ચિંતનને યોગ્ય છે. અવસરે એના આગળના લેખાંકો ક્રમશઃ પ્રગટ થતા રહેશે.

⊙

**જ્ઞાન–દર્શનાવરણના ઉદયથી થતું દુઃખ :**

ઇંદ્રિયો વડે વિષયોનું ગ્રહણ થતાં મારી ઇચ્છા પૂર્ણ થશે એમ જાણી પ્રથમ તો નાના પ્રકારનાં ભોજનાદિકો વડે ઇંદ્રિયોને પ્રબળ કરે છે, તથા એમ જ જાણે છે કે–જો ઇંદ્રિયો પ્રબળ રહે તો મને વિષય ગ્રહણ કરવાની શકિત વધે. તેમાં અનેક બાહ્ય કારણોની જરૂર હોવાથી તેનું નિમિત્ત મેળવે છે. પોતાને સન્મુખ થયેલા વિષયોને ઇંદ્રિયો ગ્રહણ કરી શકે છે તેથી અનેક બાહ્ય ઉપાયો વડે વિષયોનો અને ઇંદ્રિયોનો સંયોગ મેળવે છે. નાના પ્રકારનાં વસ્ત્રાદિક, ભોજનાદિક, પુષ્પાદિક, મંદિર–આભૂષણાદિક યા ગાયક–વાજિંત્રાદિકનો સંયોગ મેળવવા માટે ઘણો જ ખેદ ખિન્ન થાય છે. જ્યાં સુધી એ વિષયો ઇંદ્રિય સન્મુખ રહે ત્યાં સુધી તો તેનું કિંચિત્ સ્પષ્ટ જાણપણું રહે, પણ પછી મન દ્વારા સ્મરણ માત્ર જ રહે અને કાળ વ્યતીત થતાં એ સ્મરણ

---

છે. સવારમાં સૌ ઉઠી પાસે આવેલા માનપુરમાં દર્શન કરવા માટે ગયા. ત્યાંથી આવી નાસ્તો વગેરે પતાવી ફરી દર્શન કરી સ્ટેશને આવ્યા અમારા પ્રવાસમાં માસ્તર કનકરાજે સારો ભોગ ઠેઠ સુધી આપ્યો હતો, તેમની વિદાય અમને વસમી લાગી અમે એક વાગ્યાની ટ્રેનમાં રવાના થઈ, પાંચ વાગે મહેસાણા આવ્યા. સ્ટેશને ગાડીમાં સામાન ગોઠવી દરેક જણ ગામમાં ગયા. ત્યાં બિરાજતા પૂ. મુનિવરોને વંદન કરી જિનાલયોના દર્શન કરી અમે સ્ટેશને આવ્યા. ટાઇમ થતાં ગાડી ઉપડી અને ચાણસ્માના પ્લેટ-ફોર્મ ઉપર આવી. માણસો લેવા માટે ઘણું સામે આવ્યું હતું, સૌએ આનંદની સાથે વધાવી લીધા. બાળાઓનો આ પ્રવાસ પાઠ-શાળામાંથી આ પ્રથમવાર જ થયો હતો. જેથી દરેકના હૃદયમાં આનંદ આનંદ હતો આજે કેટલાય દિવસ થવા આવ્યા પણ તેનુ સ્મરણ ભૂલાતું નથી. ફરી આવો પ્રસંગ સાંપડે એવી શાસન દેવ પ્રત્યે પ્રાર્થના! આ યાત્રા પ્રવાસમાં પાઠશાળાના કાર્યવાહકોએ અમને જવા માટે જે મંજુરી આપી તે ખરે-ખર ધન્યવાદને પાત્ર છે. આ પ્રવાસમા લગભગ રૂા. ૮૦૦ થી ૮૫૦નો ખર્ચ થયેલ. આ પ્રવાસમાં ભોગ આપનાર શિક્ષિકાબેન શ્રી વીમળાબેન તથા લીલીબેન, મણીબેન, કેશરબેન તથા નાની મોટી બહેનોએ જે ભોગ આપ્યો છે તે ખરેખર ધન્યને પાત્ર છે. યાત્રા પ્રવાસ માટે નાના–મોટા વિદ્યાર્થીઓ તેમજ વડીલોએ પણ સારો ભોગ આપ્યો હતો. ફરી આવો એકવાર યાત્રા પ્રવાસ ગોઠવાય તેમ સૌ ઇચ્છી રહ્યા છે.

દશ દિવસના પ્રોગ્રામમાં લગભગ ૧૭ ગામની યાત્રા કરી સુખ શાન્તિથી આવી ગયેલ. કયાંય જરાપણ તકલીફ પડી નથી. શ્રી જૈન શાસન જયવંતુ વર્તે છે શાસનદેવની પુણ્યકૃપાથી ક્ષેમકુશલતાપૂર્વક અમે યાત્રા પ્રવાસ પૂર્ણ કર્યો.

પણ મંદ થતું જાય છે તેથી તે વિષયોને પોતાને આધીન રાખવાનો ઉપાય કરે છે અને શીઘ્ર તેનું ગ્રહણ કર્યા કરે છે. વળી ઇંદ્રિયોવડે તો એક કાળમાં કોઇ એકજ વિષયનું ગ્રહણ થાય છે. પણ આ જીવ ઘણા ઘણા વિષયો ગ્રહણ કરવા ઇચ્છે છે, તેથી ઉતાવળો બની જલ્દી જલ્દી એક વિષયને છોડી અન્યને ગ્રહણ કરે છે, વળી તેને છોડી અન્યને ગ્રહણ કરે છે. એ પ્રમાણે વિષયને અર્થે વલખાં મારે છે અને પોતાને જે ભાસે તેવો ઉપાય કર્યા કરે છે, પણ એ ઉપાય જુઠા છે, કારણ કે પ્રથમ તો એ બધાનું એ જ પ્રમાણે થવું પોતાને આધીન નથી, મહા કઠણ છે. કદાચિત્ કર્મઉદયાનુસાર એજ પ્રમાણે વિધિ મળી જાય તો પણ ઇંદ્રિયોને પ્રબળ કરવાથી કાંઇ વિષય ગ્રહણની શકિત વધતી નથી, એ તો જ્ઞાન–દર્શન વધવાથી જ વધે, પણ એ કર્મના ક્ષયોપશમને આધીન છે. જુઓ કોઇનું શરીર પુષ્ટ હોવા છતાં તેનામાં એવી શકિત ઓછી જોવામાં આવે છે, તથા કોઈનું શરીર દુર્બલ હોય છતાં તેનામાં એવી શકિત અધિક જોવામાં આવે છે. માટે ભોજનાદિક વડે ઇંદ્રિયો પુષ્ટ કરવાથી કોઈ સિદ્ધિ થતી નથી, પરંતુ કષાયાદિક ઘટવાથી કર્મનો ક્ષયોપશમ થતાં જ્ઞાન–દર્શન વધે છે અને ત્યારે જ વિષય ગ્રહણની શકિત વધે છે. વળી વિષયોનો સંયોગ મેળવે છે, પણ તે ઘણા વખત સુધી ટકતો નથી અથવા સર્વ વિષયોનો સંયોગ મળતો જ નથી, તેથી એ આકુળતા રહ્યા જ કરે છે. વળી એ વિષયોને પોતાને આધિન રાખી જલ્દી જલ્દી ગ્રહણ કરવા ઇચ્છે છે પણ તે પોતાને આધીન રહેતા નથી, કારણ કે એ જુદાં જુદાં દ્રવ્ય પોત–પોતાને આધીન વા કર્મોદય આધીન પરિણમે છે. હવે એવા પ્રકારના કર્મોનો બંધ યથાયોગ્ય શુભ પરિણામ થતાં જ થાય અને પછી ઉદયમાં આવે છે, એમ પ્રત્યક્ષ જોઇએ છીએ. જુઓ અનેક ઉપાય કરવા છતાં પણ કર્મના નિમિત્ત વિના કોઇ સામગ્રી મળતી નથી. છતાં આ જીવ અતિ વ્યાકુળ બની સર્વ વિષયોને યુગપત્ (એક સાથે) ગ્રહણ કરવા માટે વલખાં મારે છે, તથા એક વિષયને છોડી અન્યનું ગ્રહણ કરવા માટે આ જીવ એવાં વલખાં મારે છે, પણ પરિણામે શું સિદ્ધ થાય છે? જેમ મણની ભૂખવાળાને કણ મળ્યો, પણ તેથી તેની ભૂખ મટે? તેમ સર્વ ગ્રહણની જેને ઇચ્છા છે તેને કોઇ એક વિષયનું ગ્રહણ થતાં ઇચ્છા કેમ મટે? અને ઇચ્છા મટયા વિના સુખ પણ થાય નહિ. માટે એ બધા ઉપાય જૂઠા છે.

પ્રશ્ન–એ ઉપાયોથી કોઇ જીવને સુખી થતાં જોઇએ છીએ, છતાં તમે સર્વથા જૂઠા કેમ કહો છો?

ઉત્તર–સુખી તો થતા નથી, પણ ભ્રમથી સુખ માને છે. જો સુખી થયો હોય તો તેને અન્ય વિષયોની ઇચ્છા કેમ રહે? જેમ રોગ મટયા પછી અન્ય ઔષધ કોઈ શા માટે ઇચ્છે? તેમ દુઃખ મટયા પછી અન્ય વિષયને તે શા માટે ઇચ્છે? જો વિષયનું ગ્રહણ કર્યા પછી ઇચ્છા શાંત થાય, અટકી જાય તો અમે પણ સુખ માનીએ, પણ અહિં તો ઇચ્છિત વિષયનું ગ્રહણ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી તો તે વિષયની ઇચ્છા રહ્યા કરે છે, તથા જે સમયે એ વિષયનું ગ્રહણ થયું તે જ સમયે અન્ય વિષય ગ્રહણની ઇચ્છા થતી જોવામાં આવે છે, તેને સુખ માનવું એ કેવું છે? જેમ કોઈ મહા-ક્ષુધાવાન રંક પોતાને કદાચિત્ એક અન્નનો કણ મળતાં તેનું ભક્ષણ કરી ચેન માને તેમ આ મહાતૃષ્ણાવાન જીવ પોતાને કોઇ એક વિષયનું નિમિત્ત મળતાં તેનું ગ્રહણ કરી સુખ માને છે પણ વાસ્તવિકપણે એ સુખ નથી.

પ્રશ્ન–જેમ કણ કણ વડે પોતાની ભૂખ મટે છે તેમ એક એક વિષયનું ગ્રહણ કરી પોતાની ઇચ્છા પૂર્ણ કરે તો શો દોષ?

ઉત્તર–જો બધા કણ ભેળા થાય તો એમજ માનીએ. પરંતુ બીજો કણ મળતાં પ્રથમનો

કણનું નિર્ગમન થઈ જાય તો ભૂખ કેમ મટે? એજ પ્રમાણે જાણવામાં વિષયોનું ગ્રહણ ભેળું થતું જાય તો ઈચ્છા પૂર્ણ થઇ જાય, પરંતુ જ્યારે બીજો વિષય ગ્રહણ કરે ત્યારે પૂર્વે જે વિષય ગ્રહણ કર્યો હતો તેનું જાણપણું રહેતું નથી તો ઇચ્છા કેવી રીતે પૂર્ણ થાય? ઈચ્છા પૂર્ણ થયા વિના આકુળતા પણ મટતી નથી અને આકુળતા મટયા વિના સુખ પણ કેમ કહી શકાય?

વળી એક વિષયનું ગ્રહણ પણ આ જીવ મિથ્યાદર્શનાદિકના સદ્‌ભાવપૂર્વક કરે છે અને તેથી ભાવિ અનેક દુઃખના હેતુરૂપ કર્મો બાંધે છે તેથી તે વર્તમાનમાં પણ સુખ નથી તેમ ભાવિ અનેક સુખનું કારણ પણ નથી માટે એ દુઃખ જ છે.

ઈંદ્રિયોથી પ્રાપ્ત થયેલું સુખ પરાધીન, બાધા સહિત, વિનાશક, બંધનું કારણ તથા વિષમ છે; તેથી એ સુખ ખરેખર દુઃખ જ છે.

એ પ્રમાણે સંસારી જીવે સુખ માટે કરેલા ઉપાય જુઠા જ જાણવા. તો સાચો ઉપાય શો છે? જ્યારે ઈચ્છા દૂર થાય અને સર્વ વિષયોનું એક સાથે ગ્રહણ રહ્યા કરે તો એ દુઃખ મટે. હવે ઇચ્છા તો મોહ જતાં જ મટે અને સર્વનું એક સાથે ગ્રહણ કેવળ જ્ઞાન થતાં જ થાય તેનો ઉપાય સમ્યગ્દર્શનાદિક છે, એજ સાચો ઉપાય જાણવો. એ પ્રમાણે મોહના નિમિત્તથી જ્ઞાનાવરણ-દર્શનાવરણનો ક્ષયોપશમ પણ દુઃખદાયક છે.

પ્રશ્ન—જ્ઞાનાવરણના-દર્શનાવરણના ઉદયથી જે જાણવું થતું નથી તેને તો દુઃખનું કારણ તમે કહો, પરંતુ ક્ષયોપશમને શા માટે કહો છો?

ઉત્તર—જાણવું ન બને એ જો દુઃખનું કારણ હોય તો પુદ્‌ગલને પણ દુઃખ કરે, પણ દુઃખનું મૂળ કારણ તો ઇચ્છા છે અને તે ક્ષયોપશમથી જ થાય છે માટે ક્ષયોપશમને પણ દુઃખનું કારણ કહ્યું. વાસ્તવિક રીતે ક્ષયોપશમ પણ દુઃખનું કારણ નથી પણ મોહથી વિષયગ્રહણની જે ઇચ્છા થાય છે તેજ દુઃખના કારણરૂપ જાણવી તથા મોહનો ઉદય છે તે પણ દુઃખ રૂપ જ છે. તે કેવી રીતે તે હવે જણાવે છે.

### દર્શનમોહના ઉદયથી થતું દુઃખ.

દર્શનમોહના ઉદયથી મિથ્યાદર્શન થાય છે. જે વડે જેવું તેને શ્રદ્ધાન છે તેવું પદાર્થ સ્વરૂપ તથા જેવું પદાર્થ સ્વરૂપ છે તેવું એ માનતો નથી. તેથી તેને વ્યાકુળતા જ રહ્યા કરે છે. જેમ કોઈ મૂર્ખને કોઇએ વસ્ત્ર પહેરાવ્યું, તેને તે પોતાનું અંગ જાણી પોતાને અને વસ્ત્રને એકરૂપ માને છે, પણ એ વસ્ત્રતો પહેરાવનારને આધીન છે. એ પહેરાવનાર કોઇ વેળા તે વસ્ત્રને કાઢે કોઈ વેળા જોડે, કોઇ વેળા લઈ લે તથા કોઈ વેળા નવીન પહેરાવે ઇત્યાદી ચરિત્ર કરે ત્યારે આ બહાવરો એ વસ્ત્રની પરાધીન ક્રિયા થવા છતાં તેને પોતાને આધીન માની મહા ખેદ ખિન્ન થાય છે. તેમ આ જીવને કર્મોદયથી શરીરનો સંબંધ થયો છે. હવે આ જીવ એ શરીરને પોતાનું અંગ જાણી પોતાને અને શરીરને એકરૂપ માને છે, પણ શરીર તો કર્મોદય આધીન કોઇ વેળા કૃશ થાય, કોઈ વેળા સ્થૂલ થાય, કોઇ વેળા નષ્ટ થાય અને કોઈ વેળા નવીન ઉપજે ઇત્યાદિ ચરિત્ર થાય છે. એ પ્રમાણે તેની પરાધીન ક્રિયા થવા છતા આ જીવ તેને પોતાને આધીન જાણી મહા ખેદ ખિન્ન થાય છે. વળી જેમ કોઇ બહાવરો બેઠો હતો ત્યાં કોઇ અન્ય ઠેકાણેથી માણસ, ઘોડો અને ધનાદિક આવી ઉતર્યા, તે સર્વને આ બહાવરો પોતાનાં જાણવા લાગ્યો, પણ એ બધાં પોતપોતાને આધીન હોવાથી તેમાં કોઇ આવે કોઇ જાય અને કોઇ અનેક અવસ્થારૂપ પરિણમે એમ એ સર્વની પરાધીન ક્રિયા થવા છતાં આ બહાવરો તેને પોતાને આધીન માની ખેદ ખિન્ન થાય છે. એ પ્રમાણે આ જીવ જ્યાં પર્યાય ધારણ કરે છે ત્યાં કોઇ અન્ય ઠેકાણેથી પુત્ર, ઘોડા અને ધનાદિક આવીને સ્વયં પ્રાપ્ત થાય છે તેને આ જીવ પોતાના જાણે છે પણ

એ તો પોતપોતાને આધીન કોઈ આવે જાય તથા કોઇ અનેક અવસ્થારૂપ પરિણમે એમ તેની પરાધીન ક્રિયા હોય છે તેને પોતાને આધીન માની આ જીવ ખેદ ખિન્ન થાય છે.

પ્રશ્ન–કોઈ વેળા શરીરની વા પુત્રાદિકની ક્રિયા આ જીવને આધીન થતી જોવામાં આવે છે, એ વેળા તો જીવ સુખી થાય છે?

ઉત્તર–શરીરાદિક, ભવિતવ્યતા અને જીવની ઈચ્છા એ ત્રણેની વિધિ સાથે મળતાં કોઇ એક પ્રકારે જેમ એ ઇચ્છે તેમ પરિણમવાથી કોઇ કાળમાં તેના વિચારાનુસાર સુખ જેવો આભાસ થાય, પરંતુ એ બધા સર્વ પ્રકારે એ ઇચ્છે તેમ તો પરિણમતા નથી અને તેથી અભિપ્રાયમાં તો અનેક પ્રકારની આકુળતા નિરંતર રહ્યા જ કરે છે. વળી કોઈ વખતે કોઇ પ્રકારે પોતાની ઈચ્છાનુસાર પરિણમતા જોઇ આ જીવ એ શરીર પુત્રાદિકમાં અહંકાર–મમકાર કરે છે અને એજ બુદ્ધિથી તેને ઉપજાવવાની, વધારવાની તથા રક્ષા કરવાની ચિંતાવડે નિરંતર વ્યાકુળ રહે છે, નાના પ્રકારના દુઃખ વેઠીને પણ તેમનું ભલું ઇચ્છે છે. વળી જે વિષયોના ઈચ્છા થાય છે, તે કષાય ભાવ છે, બાહ્ય સામગ્રીમાં ઇષ્ટ–અનિષ્ટ-પણું માને છે, અન્યથા ઉપાયો કરે છે, સાચા ઉપાયનું શ્રદ્ધાન કરતો નથી તથા અન્ય કલ્પના કરે છે, એ બધાનું મૂળ કારણ એક મિથ્યાદર્શન છે. તેનો નાશ થતાં એ સર્વનો નાશ થાય છે. માટે સર્વ દુઃખોનું મુળ એ મિથ્યાદર્શન છે. તેના નાશનો ઉપાય પણ કાંઈ કરતો નથી. અન્યથા શ્રદ્ધાને સત્ય શ્રદ્ધા માનતો જીવ તેના નાશનો ઉપાય પણ શા માટે કરે?

વળી સંજ્ઞી પંચેંદ્રિય જીવ કોઇ વેળા તત્ત્વનિશ્ચય કરવાનો ઉપાય વિચારે છતાં ત્યાં અભાગ્યથી કુદેવ, કુગુરૂ અને કુશાસ્ત્રનું નિમિત્ત બની જાય તો ઉલટું અતત્ત્વશ્રદ્ધાન પુષ્ટ થઈ જાય આ જાણે કે એનાથી મારૂં ભલું થશે અને એ એવા ઉપાય કરે કે જેનાથી આ અચેત બની જાય. વસ્તુસ્વરૂપ વિચારવાનો ઉદ્યમી થાય છતાં વિપરીત વિચારમાં દૃઢ થઇ જાય છે અને તેથી વિષય કષાયની વાસના વધવાથી વધારે દુઃખી થાય છે.

કદાચિત્ સુદેવ, સુગુરૂ, સુશાસ્ત્રનું નિમિત્ત બની જાય તો ત્યાં તેમના નિશ્ચય ઉપદેશની તો શ્રદ્ધા છે નહિ, પણ માત્ર વ્યવહાર શ્રદ્ધા વડે તે અતત્ત્વ–શ્રદ્ધાળુ જ રહે છે. ત્યાં પણ જો મંદ કષાય હોય વા વિષયની ઈચ્છા ઘટે તો થોડો દુઃખી થાય પણ પાછો જેવોને તેવો જ બની જાય. માટે આ સંસારી જીવ જે ઉપાય કરે છે તે પણ જૂઠા જ હોય છે.

વળી આ સંસારી જીવનો એક આ ઉપાય છે કે પોતાને જેવું શ્રદ્ધાન છે તેમ અન્ય પદાર્થોને પરિણમાવવા ઈચ્છે છે. હવે એ અન્ય પદાર્થો જો એ પ્રમાણે પરિણમે તો તેનું શ્રદ્ધાન સાચું થઈ જાય, પરંતુ અનાદિનિધન વસ્તુ ન્યારી ન્યારી પોતપોતાની મર્યાદાપૂર્વક પરિણમે છે, કોઇ કોઇને આધીન નથી તેમ કોઈ પદાર્થ કોઇને પરિણમાવ્યો પરિણમતો નથી. છતાં તેને આ જીવ પોતાની ઈચ્છાનુસાર પરિણમાવવા ઈચ્છે છે એ કાંઇ ઉપાય નથી, પણ એ તો મિથ્યાદર્શન જ છે, તો સાચો ઉપાય શો છે?

જેવું પદાર્થનું સ્વરૂપ છે તેવું જ શ્રદ્ધાન થાય તો જ સર્વ દુઃખ દૂર થાય. જેમ કોઈ મોહમુગ્ધ બની મડદાને જીવતું માને યા તેને જીવાડવા ઇચ્છે તો તેથી પોતે જ દુઃખી થાય પણ તેને મડદું માનવું વા તે જીવાડયું જીવવાનું નથી એમ માનવું એજ એ દુઃખ દૂર થવાનો ઉપાય છે, તેમ મિથ્યાદૃષ્ટિ બની પદાર્થોને અન્યથા માની અન્યથા પરિણમાવવા ઇચ્છે તો પોતેજ દુઃખી થાય. પણ તેને યથાર્થ માનવા અને એ મારા પરિણમાવ્યા અન્ય પ્રકારે પરિણમવાના નથી એમ માનવું એજ એ દુઃખ દૂર થવાનો ઉપાય છે. ભ્રમ જનિત દુઃખ દૂર થવાનો ઉપાય ભ્રમ દૂર કરવો એજ છે. ભ્રમ દૂર થવાથી સમ્યક્ શ્રદ્ધા થાય એ જ દુઃખ મટવાનો સાચો ઉપાય છે.

# વેરાયેલાં વિચાર રત્નો

(પૂ. પાદ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવરનાં વ્યાખ્યાનોમાંથી ઉધ્ધૃત.)
અવતરણકાર : **શ્રી સુધાવર્ષી**

વિવેકપૂર્વકનું સુપાત્રદાન ત્યાગનું પુણ્ય આપે છે.

અનુકંપાપૂર્વકનું દાન ભોગનું પુણ્ય આપે છે.

અશાતાના ઉદય વખતે પણ બહારની જે શાતા મળવી એ પણ ભવાંતરમાં બાંધેલી જાગતી પુન્યાઈ છે.

જ્ઞાન એ પ્રકાશ છે. જ્ઞાનનું ફળ એ અભય દાન અને અભયદાનની પરંપરાને પ્રગટાવતું દાન કોઈ હોય તો તે સુપાત્રદાન છે.

કુપાત્રમાં દાન આપવા માટે ભક્તિ ન હોય પણ અનુકંપા હોય, સુપાત્ર, કુપાત્ર અને અપાત્રમાં વિવેક જોઈએ. વિવેક આવે કયારે? જ્ઞાનથી.

જેઓ શરીરના શણગારદ્વારા, અને રૂપના આકર્ષણદ્વારા જ આનંદ અનુભવતા હોય છે તેઓને કદિ કોઇ પ્રત્યે સાચો સ્નેહ પ્રગટ થતો નથી.

યુવાની જવાની. જવાનીજ. રહેવાની નહિ. માટે જે સુકૃત કરવું હોય તે કરી લ્યો!

ભક્તિ, એ વિવેક માંગે છે, પ્રીતિ એ સમર્પણ માગે છે. દેવ-ગુરૂ તથા ધર્મ પ્રત્યેનો તેમજ સંસારમાં માતા-પુત્રનો રાગ એને ભક્તિ કહેવાય. પતિ-પત્નીનો રાગ એને પ્રીતિ કહેવાય.

ભકિત અને પ્રીતિમાં અંતર છે. દેવગુરૂ ધર્મ પ્રત્યે ભકતનો રાગ તેનું નામ ભકિત અને-સાંસારિક વસ્તુ પ્રત્યે સંસારીઓનો ઘેલો રાગ, તેનું નામ પ્રીતિ.

દાન આત્મામાં પાત્રતા પ્રગટાવે છે.
દાન આત્મામાં ઔચિત્ય પ્રગટાવે છે.
દાન આત્મામાં સદ્‌ભાવ પ્રગટાવે છે.

ગુણાનુરાગની ભૂમિકા-પણ દાનધર્મથી પ્રગટે છે.

દાન દીધું હોય એટલે મેળવવાની પુણ્યાઈ પ્રાપ્ત થાય છે.

શીલ પાળ્યું હોય એટલે પુણ્યાઈ પ્રાપ્ત થાય છે. અને તપ કર્યું હોય એટલે સર્વત્ર અનુકૂળતાની પુણ્યાઈ પ્રાપ્ત થાય છે.

ભાવધર્મની આરાધના આ બધાયમાં આત્માને નિર્લેપ રાખે છે.

સંપત્તિનો સ્વભાવ એવો હોય છે કે, તે આવ્યા પછી ગમે તેવો ડાહ્યો માણસ હોય તો પણ ઘમંડ આવતાં વાર નથી લાગતી. દયા ચાલી જાય છે, મોટાઇ આવે છે, પણ જો પુન્યાનુબંધી પુન્યાઈ ઉગ્ર જાગતી હોય તો જ બધો વિવેક અને ડહાપણ રહે છે.

આપણે જ્યાં હોઈએ ત્યાં સમાઈ જવાની શકિત જો ન કેળવીએ તો સંસારને આપણું જ નાટક જોવા મલે છે.

નિર્ભાગી આત્માને ભોગ મલ્યા હોય તો ય સત્યાનાશ, ન મલ્યા હોય તોય સત્યાનાશ.

કુતૂહલી માણસો હંમેશા ક્ષુદ્ર હોય છે ને બીજાને નિરર્થક આઘાત પહોંચાડયા વગર રહેતાં નથી.

જૈન સાધુનું સંયમ એટલે જેને અનુકૂળતા

વચ્ચે પણ સાચી સંસારની અસારતા ભાસી હોય તે. અને તેને જ આ સંયમ જચે, રૂચે, અને કલ્યાણકારી થાય. **માટે સંસારની** સાચી અસારતા ભાસી તો અહીં પરમશાંતિ, અને જો સંસારની કેવલ પ્રતિકૂલતાના કારણે અસારતા ભાસી તો અહીં પણ અશાન્તિ.

જેમ સંસારીઓને એમ થાય કે મારો ફેફસાનો ટી. બી. કયારે મટશે? તેમ સંયમીને એમ થાય કે મારા આત્માનો ટી. બી. કયારે મટશે? આત્માનો ટી. બી. એ કે ચારિત્રની આરાધનામાં શિથિલતાપણું આવી જાય. ઉત્તમ સંયમની કિંમત અંકાય નહિ. તેથી આ ટી. બી. જો જીંદગી સુધી રહે, મટે જ નહિ તો ભવાંતરમાં આ રોગ સાથે જ આવે ને? માટે આત્માનો ટી. બી. મારો કયારે મટશે. એમ સંયમી આત્માઓ તેની ચિંતામાં જ હોય!

અશાતાના ઉદયમાં "ઓ બાપ રે!" એ કર્મ બોલાવે છે. અને

અશાતાના ઉદયમાં "નમો અરિહંતાણું" એ ધર્મ બોલાવે છે.

આત્માની જાગૃતિ હોય તો જ નમોઅરિહંતાણું બોલાય છે.

સંસારમાં બુદ્ધિનું, શરીરનું, રૂપનું, અને લાવણ્યનું ઘમંડ એ ડૂબાવનાર છે.

ભદ્રિકતા, અને તપ જેનામાં હોય, તે મોટે-ભાગે દેવલોકમાં જાય.

જો પરમઉચ્ચ એવા સંયમસ્થાનમાં આવ્યા પછી ઉંમરનો, ડહાપણનો, હોંશિયારીનો, અભિમાનનો, ઈર્ષ્યાનો, અને ઘમંડનો જો પાવર રાખ્યો તો મરી ગયા. અહીં તો સરળતા, શાંતિ, સહિષ્ણુતા, નમ્રતા વિનય અને આત્માની સમાધિ જોઈશે. તો જ સ્વ-પરનું કલ્યાણ થાય. નહિંતર સંસારવૃદ્ધિ.

વીતરાગનું શાસન એ પાવરહાઉસ છે. આરાધકભાવ એ કરંટ છે. અને પ્રકાશદ્વારા જ આત્મસ્વરૂપ ઓળખાય. આરાધના એ ઈલેકટ્રીક ગોળો છે. આરાધક ભાવરૂપ કરંટ દ્વારા જ આરાધનારૂપ તેજ આત્મસ્વરૂપને ઓળખાવે, તે પ્રાપ્ત કરાવે!

કેવલીભગવંતો વિચરતા હોય ત્યારે પણ ત્યાં અર્થનો અનર્થ કરનારા માનવીઓ હોય છે તો પછી કેવલીભગવંતની ગેરહાજરીમાં વર્તમાનમાં જે અર્થના અનર્થ કરનારા હોય તેમાં શું આશ્ચર્ય! કર્મગતિ વિચિત્ર છે.

જેના પ્રત્યે હૃદયમાં શ્રદ્ધા હોય છે તેઓ જે કંઈ કહે તે સ્વીકારવાથી શ્રદ્ધામાં વૃદ્ધિ થાય છે. પરસ્પર બહુમાનભાવ સદ્‌ભાવ હંમેશા જાગતો રહે છે.

સાહસ કરનારના હૈયામાં પણ સત્વ હોવું જોઈએ. દીનતા ન હોવી જોઈએ.


**પ્રારબ્ધ વિના પુરુષાર્થ નકામો છે.**

તમારા ભાગ્યમાં શું લખાયું છે. તેનું સંપૂર્ણ જ્ઞાન

## રેખા–વિજ્ઞાન–શાસ્ત્રથી

જાણી શકાય છે. જેમાં ભાગ્ય, પુરુષાર્થ, સ્ત્રી સંતાન ધન, વૈભવ, આરોગ્ય, ધંધો, વિદ્યા વગેરે અનેક બાબતોનું જ્ઞાન તમારી રેખાઓ પરથી તમે જાતે જ કરી શકો છો.

સંપૂર્ણ માહિતિવાળો દેશી અને ઈંગ્લીશ પદ્ધતિનો આ પહેલો જ ગ્રંથ છે.

સુંદર છપાઈ, ૧૦૧ આર્ટ ફોટાઓ હોવા છતાં કિંમત માત્ર રૂા. ૧૦. ટપાલખર્ચ અલગ.

—: લખો :—

**ડો. પી. પી. ટાપર, રવિવારપેઠ નાશીક**

**સોમચંદ ડી. શાહ — પાલીતાણા**

# મહાસાગરનાં મોતી

પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ
સંગ્રાહક : પૂ. મુનિરાજ શ્રી ચંદ્રપ્રભવિજયજી મહારાજ

પૂ. પાદ આચાર્યદેવશ્રીનાં પ્રવચનોમાંથી વીણેલાં શબ્દો મૌક્તિકો, ખરેખર વાંચનારના હૈયાને અડીને તેને ધર્મનો મર્મ પામવામાં સહાયક બને તેમ છે. આવા પ્રવચન મૌક્તિકો, પૂ. પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવરશ્રીનાં શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રીએ સંગ્રહીત કર્યા છે; જે અહિં પ્રસિદ્ધિને પામે છે.

⊙

સંસાર એ મારૂં અશુદ્ધ સ્વરૂપ છે અને મોક્ષ એ મારૂં શુદ્ધ સ્વરૂપ છે એ સમજાયા વિના મોક્ષ તરફ પ્રયત્ન પૂર્વકની ગતિ થવી એ શું સંભવિત છે?

કર્મની સાથે રહેવું ને કર્મથી ગભરાવું તે ચાલે? એનાથી આવતાં દુઃખોમાં ગભરાવું નહિ! કર્મ રહિત બનવું છે એ ઇચ્છા જ કર્મની અસરને સૂચવે છે, આત્મા વિભાવ દશામાં છે તે કર્મની જ અસર છે, આત્મા ઉપર કર્મની અસર તો થાય જ છે,

કર્મ ત્રણ પ્રકારે, દુઃખ આપનાર, સુખ આપનાર, ને પાપ કરાવનાર.

અંતર આત્માને એમ થાય કે કર્મે સર્જેલો આ સંસાર છે કર્મ છે. એટલે મારે સંસારનો સંબંધ છે પણ સંસાર સાથે મારે હૈયાથી મેળ નથી.

દુન્યવી સુખની ઇચ્છાને ત્યજો પછી તમે અવશ્ય સુખી થશો.

ધર્મ જેનો ઊંચો તે શું દુઃખી હોય?

હું જે ધર્મ કરૂં છું તે સુખ આપનારાં કર્મોને બાંધવાને માટે નથી કરતો, પણ પાપ કરાવનારા કર્મોથી મુકત બનવા માટે કરૂં છું મને સુખ દુન્યવી નહિ પણ આત્મિક જોઇએ છે. આત્મિક સુખને પ્રગટાવવામાં સહાયક બને તેવા પુણ્યકર્મો ગમતાં હોય તોય મોક્ષના હેતુને વિસરવો જોઇએ નહિ, આવી ઇચ્છાથી ધર્મ કરતાં સુખ આપનારા કર્મો બંધાય તો ભલે બંધાય એ કર્મનો ઉદય થશે ત્યારે રાગ નહિ વધે પણ વિરાગ વધશે.

જે કર્મોદય સુખની ઇચ્છા કરાવે તેય પાપોદય છે, અને જે કર્મોદય દુઃખની ચિન્તા કરાવે તેય પાપોદય છે.

સંસારનાં સુખની ઇચ્છાથી કરેલા ધર્મથી બંધાયેલ પુણ્યના ઉદયકાલમાં ધર્મ વિસરાઈ જાય અને પાપનો રાગ જોર કરે એ શું સંભવિત છે? દુઃખનો દ્વેષ તો અનાદિનો છે, પણ પાપને કરાવનારાં કર્મોને કાઢવાની ઇચ્છા થાય તોજ કામ થાય. એ માટે સંસારના સુખની ઇચ્છા ઉપર દ્વેષ કેળવવો જોઇએ.

**સં**સારના સુખનો દ્વેષ પ્રગટે અને મોક્ષ સુખનો રાગ પ્રગટે પછી મુક્તિ છેટી શાની રહે?

**આજે** દુઃખના ઉપર જેવો દ્વેષ છે, તેવો દ્વેષ જો સંસારના સુખ ઉપર થઇ જાય તો દુઃખ ગયું સમજો.

**દુઃ**ખથી ડરીએ નહિ, અને સુખને ઇચ્છીએ નહિ તો કર્મ ભાગવા માંડે.

**દુ**નિયાનાં ચક્રોને તો માપ છે પણ સંસાર ચક્રને માપ નથી. સંસારના ચક્રથી બચવાને માટે શ્રી વીતરાગના ઘરમાં પેસવું જોઇએ.

**સં**સાર એ તો આત્માનું વિરૂપ સ્વરૂપ છે, અને મોક્ષ એજ આત્માનું સાચુ સ્વરૂપ છે.

**સં**સારથી ભયભીત બન્યા વિના શ્રી વીતરાગનાં શરણને સાચા ભાવે સ્વીકારી શકાય જ નહિ.

**શું** આત્માનો સ્વભાવ સંસારના સુખનો લોભ કરવાનો છે?

**વિષ**યનો અભિલાષ અને કષાયોનો ધમધમાટ એ શુ. આત્માનો સ્વભાવ છે? નહિ જ.

**જે**ને સંશય થાય તેનો સંશય વગર પૂછયે પણ ભેદાય તેવી તો તારક શ્રી તીર્થંકર દેવની વાણીનો પ્રભાવ, સૌ પોતપોતાની ભાષામાં ભગવાનના ઉપદેશને સાંભળી શકે, પશુ અને પંખીઓ ત્યાં જાતિ વૈરને ભૂલી જાય.

**આત્**મા વીતરાગ પણ બની શકે છે, સર્વજ્ઞ પણ બની શકે છે અને અશરીરી પણ બની શકે છે, જ્યાં સુધી આત્મા વિષય સુખનેજ સાચું સુખ માની બેઠો છે, ત્યાં સુધી આત્માનો નિસ્તાર નથી.

**તમે** ખાત્રીથી કહો કે આ ધર્મક્રિયા મોક્ષને માટે કરીએ છીએ એટલે એ ક્રિયા અધ્યાત્મમાં જાય.

**અમે** જે ધર્મ કરીએ છીએ, તે સંસારના સુખને માટે નહિ, પણ અમારૂં ધ્યેય તો મોક્ષ સુખને જ મેળવવાનું છે, જેના હૈયામાં આટલું પરિવર્તન થઇ જવા પામ્યું હોય તેના ઉપર મોહનો અધિકાર રહ્યો નથી, અને વિવેકનો અધિકાર શરૂ થયો છે.

**સ**ઘળા અભવ્યો, સઘળા દુર્ભવ્યો અને ભારે કર્મી એવા સઘળા ભવ્યો પણ મોક્ષના હેતુથી આ ધર્મ ક્રિયાઓને સેવનારા બને જ નહિ.

**પાપ**નો રસ ઘટી જાય, સંસાર પ્રત્યે બહુમાન ન રહે અને સર્વત્ર ઔચિત્યને જાળવીને વર્તન કરે, આ ત્રણ ગુણો મોક્ષના સાચા માર્ગને પામવા ખૂબ જ સહાયક બને છે, અપુનર્બન્ધક અવસ્થાને પામે એટલે એનામાં ઉપરોક્ત ત્રણ ગુણ પહેલાં આવે.

**તમે** ધર્મક્રિયા કેમ કરો છો, કે આ સંસારથી છૂટું માટે! આત્માની આવી અવસ્થા અપુનર્બન્ધક અવસ્થાથી આવી શકે, અને અપુનર્બન્ધક અવસ્થા ચરમાવર્ત કાલમાંજ આવે, અભવ્યો, દુર્ભવ્યો આ અવસ્થાને પામી શકે નહિ.

**શ્રી** સિદ્ધિગતિને પામેલા આત્માઓનું અને આપણું સ્વરૂપ આમ તો સરખું જ છે પણ ફેર એટલો છે કે એમનું સ્વરૂપ પ્રગટ થયેલું છે, અને આપણું સ્વરૂપ દબાયેલું છે.

**ચર**માવર્ત કાલનેજ શ્રી જિનવાણીના પ્રયોગોનો કાળ કહ્યો છે.

**ચ**રમાવર્ત કાળ એ એવો કાળ છે કે એ કાળને પામેલા જીવને જો લઘુકર્મિતા આદિનો યોગ થઈ જાય, અને જીવ જો પુરૂષાર્થી બને તો એનાં હૈયામાં શ્રી જિનવાણી ક્રમે કરીને પરિણામ પામી શકે.

**શ્રી** જિનવાણી હૈયે વસી તે દુઃખમાં પણ સુખ અનુભવી શકે અને મળેલું સુખ ભોગવે તોય પાપથી તે બહુ લેપાય નહિ.

**મો**ક્ષના આશયથી ધર્મ કરશો તો સુખ જોઈશે તે મળી રહેશે, તકલીફ નડશે નહિ, પાપોદયે તકલીફ આવશે તોય તકલીફમાંય સમાધિ જશે નહિ, અને સુખ ભોગવવાના કાળમાંય રાગ મુંઝવશે નહિ.

**પૌ**દ્ગલિક અભિલાષાથી થતો ધર્મ તે ઔદયિકભાવે થતો ધર્મ છે.

લક્ષ્મી જો સારી હોત, રાખવા જેવી જ હોત, તો તીર્થંકર દેવો જેમ કાંકરા ઉડાડે તેમ લક્ષ્મીને ઉડાડત ખરા !


**જે** દિવસે આપણે આપણા કષાયો અને આપણી ઇંદ્રિયો ઉપર બરાબર વિજય મેળવી શકીએ, તે દિવસે મોક્ષ આપણાથી દૂર નથી.

**ક**ર્મના ઘરનો આનંદ એ ઔદયિક ભાવ છે, અને આત્માના ઘરનો આનંદ એ ક્ષયોપશમ ભાવ છે.

**સં**સાર એટલે પ્રપંચનો અખાડો અને પાપની રણભૂમિ છે.

**પા**પથી પાછા હઠવાને માટે દેવો રાંકડા છે, ઇંદ્ર જેવા ઇંદ્ર પણ જ્યાં વિરતિની વાત આવે ત્યાં સામાન્ય માનવી આગળેય હારી જાય છે.

**શ્રી** જિનપૂજા કાયિક, વાચિક, માનસિક એમ ત્રણ પ્રકારે પણ કહી છે, શ્રી જિનપૂજા માટે જરૂરી સામગ્રી પોતે એકઠી કરવી તે કાયિક, દેશાંતરાદિથી તે સામગ્રી મંગાવવી તે વાચિક, અને નંદનવનના પુષ્પો આદિ સામગ્રી મેળવી શકાય તેમ નથી તેની કલ્પના કરવા દ્વારા તેનાથી પૂજા કરવી તે માનસિક, પારકી સામગ્રીથી પૂજા કરનારાઓ આ ત્રણમાંથી કયા પ્રકારની કરવાના હતા ?



# શાણાને શિખામણ સાનમાં!

**પૂ. પંન્યાસજી મહારાજ શ્રી કીર્તિવિજયજી ગણિવર-મુંબઈ**

સંસારમાં વિષયોને પરાધીન બની ઇંદ્રિયોના અસંયમના કારણે અનંતશક્તિનો સ્વામી આત્મા જે રીતે મૂઢ બનીને વર્તી રહ્યો છે, તેને સારગ્રાહી છતાં સચોટ સદુપદેશ પૂ. મહારાજશ્રી અહિં પોતાની સરલ તથા સ્વચ્છ લેખન શૈલીમાં રજૂ કરે છે. આત્માને જાગ્રત કરવા સાનમાં તેઓશ્રી હિતકર શિખામણ આપી રહ્યા છે.

**હે મહાનુભાવ!**

**बिभेषि यदि संसारात् मोक्षप्राप्ति च कांक्षसि**
**तदेन्द्रिय जयंकर्तुं. स्कोर य स्कार य पौरुषम्**

હે ચેતન! સંસારથી જો તને ભય લાગ્યો હોય અને તેનાથી તું મુક્ત થવા માંગતો હોય, તો તું તારી ઇન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કર અને તે માટે અવિરત પુરુષાર્થ કર. જન્મ, જરા અને મૃત્યુની ચક્કીમાં અનાદિ કાળથી આપણો આત્મા પીસાઈ રહ્યો છે, દુઃખી દુઃખી થઇ રહ્યો છે અને ત્રાહિ તોબા પોકારી રહ્યો છે. આ બધાયનું મૂળ અને મુખ્ય કારણ આપણો આત્મા જન્મ જન્મોમાં ઇન્દ્રિયોનો ગુલામ બન્યો છે, વાસનાને વશ થયો છે, તેથી જ તેની આ દુર્દશા થઇ રહી છે. હવે જો આત્માને આ ઘોર દુઃખોથી બચાવવો હોય, સાચો સુખી અને શાંત બનાવવો હોય તો તેને વાસના ઉપર વિજય મેળવવો જ પડશે, ઇન્દ્રિયોને વશ કરવી પડશે, લાલસાઓ ઉપર કાબૂ મેળવવો પડશે. એકેક ઇન્દ્રિયને વશ બનેલા હાથી, પતંગીયું, મીન ભ્રમર અને હરણ પોતાના પ્રાણ ખોઈ બેસે છે, જ્યારે પાંચે ઇન્દ્રિયોમાં આસકત બનેલા અને વાસનાના ગુલામ બનેલા માનવીની શી દશા!

હે મહાનુભાવ! જરા વિચાર કર! જે રૂપ પાછળ તું ગાંડો ઘેલો બન્યો છે, અરે એમાં મુગ્ધ અને મશગુલ બની તું તારું સર્વસ્વ ન્યોછાવર કરવા તૈયાર થાય છે. પણ એ રૂપની પાછળ તો જરા જો. આ કાયા એ તો મળમૂત્ર અને વિષ્ટાદિ સાત ધાતુથી ભરેલી કોથળી છે. જેમ કોઇ માણસ આપણને એક સુંદર અને સોહામણી કોથળી અર્પણ કરવા તૈયાર થાય ભલે પછી તે મખમલની મુલાયમ અને મોહક કોથળી હોય, ચારેકોર કસબનું કામ કર્યું હોય, વચ્ચે હીરા, મોતી અને માણેક જડેલા હોય, સ્પર્શમાં ખૂબ કોમળ, દેખાવમાં અત્યંત આકર્ષક આનંદદાયક અને મનોમુગ્ધકર હોય, ચક્ષુ અને હસ્તને ગમે તેવી મનોરમ–મનમોહક હોય પણ તને ખબર પડે કે એ કોથળીમાં તો વિષ્ટા ભરેલી છે, તો તું એનો સ્પર્શ કરે ખરો? તરત જ જવાબ નકારમાં મળશે, પણ ભોળા માનવી હવે તું જરા વિચાર કર કે–જે રૂપમાં તું મુગ્ધ બન્યો છે, તે કાયા ગમે તેટલી ખૂબ સુરત હોય, ભલે રૂપમાં રૂપાળી હોય ગમે તેટલી સુંદર અને મોહક હોય પણ અંદર શું ભર્યું છે? ઉપરથી ગમે તેટલી ઉજળી સુંદર અને સોહામણી લાગે તેથી કંઇ રાજી થવાનું નથી કારણ કે આ ઉપરથી રૂપાળી દેખાતી કાયાની અંદર, મળ, મૂત્ર, વિષ્ટા, પરૂ, લોહી, ચરબી, હાડ, ચામ અને માંસ વગેરે સાત ધાતુઓથી ભરેલી છે, દુર્ગંધથી ભરેલી આ કાયા પાછળ તું શાને

ગાંડો ઘેલો બને છે? એક મહર્ષિ ગંદકીના ગાડવા તરીકે આ કાયાને ઓળખાવે છે, સાચે જ આ કાયા ગંદકીના ગાડવા રૂપ છે, અરે આ રૂપના મોહમાં તું તારા ચારિત્રને નષ્ટ ભ્રષ્ટ કરી નાંખે છે, તારા મહામૂલા શિયળનો તું ભંગ કરે છે. જીવનને એમાં યાહોમ કરી ધૂળધાણી કરી નાંખવા તૈયાર થાય છે. તારી કાયાને તું અપવિત્ર બનાવે છે, તારી ઇજ્જત આબરૂ ને તું ધોળે દહાડે લીલામ કરી નાંખે છે, તું તારા હાથે જ દુર્ગતિની મહેમાન-ગિરિ સ્વીકારી લે છે, અરે દુઃખની ભયંકર ગર્તામાં તું તારા આત્માને હડસેલી મૂકે છે, જ્યાંની એક ક્ષણ પણ ભયંકર આકરી અને દુઃખકર છે, એવા નરકનિગોદના સ્થાનમાં સો-હજાર નહિ, લાખ ક્રોડ નહિ, પણ અસંખ્યાત વર્ષો સુધી ઘોર પીડાને તું હાથે વહોરી લે છે.

અરે જરા વિચારી જો તો ખરો, ગમે તેવા સ્વાદિષ્ટ સુંદર અને સુગંધીદાર માલ મિષ્ટાન્ન પણ કાયાની કોથળીમાં પડતાંની સાથે જ મલીન અને દુર્ગંધમય બની જાય છે. જે વસ્તુને તમે હા-હા-હી-હી કરી ખૂબ પ્રેમથી આરોગો છો પણ આ કાયાનો સંગ થતાં જ તેના શા હાલ થાય છે, એ આપણાથી ક્યાં અજાણ્યું છે, ભોજન કરતી વેળા જરા સામે દર્પણ ધરીને જોશો તો તમને પોતાને જ ચીતરી ચઢશે, ઘૃણા ઉત્પન્ન થશે, અને તમને ભારે સૂગ લાગશે.

રૂપની પાછળ પાગલ બનેલા પતંગીયા દીપકમાં યાહોમ કરી ઝંપલાવે છે, અંતે પોતાના પ્રાણ એમાં એ હોમી નાંખે છે. અરે ઓ રૂપના પૂજારી! જે તનને તું પ્રેમથી પંપાળે છે, સ્નેહથી પખાળે છે, અને સાબુ-સ્નો અને પાવડરથી ઉજાળે છે, એ તનમાંથી અનેક દ્વારો-દ્વારા સતત દુર્ગંધમય, ઘૃણાજનક અનેક પદાર્થો વહી રહ્યા છે, એ સ્પર્શીને શાને તું રાજી થાય છે, અરે મૂર્ખ! આનંદ એમાં નથી, આનંદ તારા આત્મામાં છે, પુદ્ગલમાંથી જે આનંદ તને પ્રાપ્ત થાય છે તે તો કાલ્પનિક છે, ક્ષણિક છે, અને પરિણામે દુઃખદાયી. એમાં સુખ છે, એમાં આનંદ છે એ તારી માન્યતા ભૂલ ભરેલી અને ભ્રામક છે, માટે હે ચેતન! તારા આત્માને રૂપમાં આસક્ત બની અપવિત્ર ન બનાવ, તારી કાયાને તું મલીન ન બનાવ, તારા વિચારોને તું મલીન ન બનાવ, ત્રણ ખંડનો માલીક રાજા રાવણ પણ રૂપમાં મુગ્ધ બનતાં પોતાનું સર્વસ્વ ખોઇ બેસે છે, અને દુર્ગતિનો મહેમાન બને છે. વાસ્તવમાં હે ચેતન! તું રૂપને નિહાળ, તારા સ્વરૂપને પીછાણ, આ બાહ્ય રૂપમાં તું મસ્ત ન બન નહિતર તારી અવદશા થશે.

હે ચેતન! મીઠા, મધુરા, મોહક અને કર્ણપ્રિય શબ્દો શ્રવણ કરતાં તું ઊંચો નીચો થઇ જાય છે, એ મોહક શબ્દો કાને અથડાતા કાન ઊંચા કરીને એનો આસ્વાદ લેવા તું તલપાપડ બની જાય છે, પણ તને ખબર નથી કે આ કર્ણ પ્રિય મધુર શબ્દોની પાછળ પેલા હરણીયા મૃત્યુના મુખમાં ધકેલાયા, વાંસળીના મૃદુ-મંજુલ, મધુર સ્વરોમાં મુગ્ધ બનતાં કયારનાય બિચારા કાળ શિકારીનાં પંજામાં ફસાઈ ગયા, મોરલીના નાદે વિષધરની શી દશા થઇ? આ છે મધુર-મોહક સ્વરનો કરુણ અંજામ!

ચેતન! જરા આંખ ઉઘાડીને જો તો ખરો તું પણ આવા-મીઠા, મધુર, મૃદુ-કોમળ અને મંદ સ્વરોમાં ન ફસા, નહિતર તારી

પણ આજ દશા થશે. સીને નટીઓનાં ગીતો—તને ગમે છે, રેડીયાના ગાણું તને ગમે છે, પણ એ-ગીત-ગાનના તાનમાં ભાન ભૂલી જઈશ તો તારી શી દશા થશે?

જીભના સ્વાદમાં તરેહતરેહની વાનીઓ આરોગી ઊંચો-નીચો થાય છે. અહાહા! કેવી મજા આવે છે, કેવો સ્વાદ આવે છે, શું સ્વાદ, ખરેખર બનાવનાર ખૂબ ચતુર છે. ભોજન કરતા કરતા હા-હા-હી-હી-કરે છે, શતમુખે તેની પ્રશંસા કરે છે. કેમ દોસ્ત! આવી મજા, આવો ટેસ્ટ આવો સ્વાદ કદી જ આવ્યો નથી પણ રસના લોલુપી માનવને ખબર નથી કે આ સ્વાદ કયાં સુધી? ચાર આંગળીની જીભ ઉપર રહે ત્યાં સુધી. માટે જ એક અનુભવીએ ગાયું છે,

ખાટામીઠા ચર પલા ચાર અંગુલકે બીચ
સંત કહેસુણુ સંતણી, મીલે કીચમાંકીચ

ગમે તેવું સ્વાદિષ્ટ ભોજન હશે! ગમે તેવી વિવિધ વાનગીઓ હશે! ભલેને તીખા તમતમા, મીઠા મધુરા અને ખાટામીઠા પદાર્થો હશે! પણ એનો સ્વાદ કયાં સુધી, ચાર આંગળની જીભ ઉપર રહે ત્યાં સુધી, એક ક્ષણ પછી તો એ જેમ કીચડમાં કીચડ મળી જાય તેમ પેટમાં મળી જાય છે, વિષ્ટારૂપ બની જાય છે, દુર્ગંધમય બની જાય છે, એના માટે માણસ અભક્ષ્યનું ભક્ષણ કરવા તૈયાર થાય છે, માંસ મદિરા સુધી પહોંચી જાય છે, ઇંડાનો રસ એને મીઠો લાગે છે, અને રસનાના પ્રભાવે 'ઇંડામાં કયાં જીવ છે.' એવી ધૃષ્ટતા કરવા તૈયાર થાય છે, પણ એ મિષ્ટ આહાર, એ માદક રસવતી અને સ્નિગ્ધ ભોજન ક્ષણમાં વિષ્ટા બની જશે. તેનાથી તારા હાથ ખરડાશે ત્યારે તે હાથ જળથી શુદ્ધ કરવા પડશે. જીભના પાપે, મહેરબાન કેટકેટલા પાપો કરે છે. રાતના બાર વાગે પણ ઝાપટવા તૈયાર થાય છે, હજારો-સૂક્ષ્મ જીવોની હિંસા થતાં પણ એને ચીચરી કે ઘૃણા થતી નથી, પણ એ ભાન ભૂલેલા માનવને કયાં ખબર છે કે રાત્રિ ભોજન કરવાથી કેટકેટલા સૂક્ષ્મ જીવોની હિંસા થાય છે. પછી બુદ્ધિ બગડે, માટે જ 'આહાર તેવો ઓડકાર' એ ઉકિત સિદ્ધ કરે છે.

સર્ચલાઈટના પ્રકાશમાં પણ ન જોઈ શકાય તેવા ગણનાતીત સૂક્ષ્મ-બારીક જીવો બિચારા સ્વાહા થઈ જાય છે. જરાક જીભના સ્વાદની ખાતર, સ્હેજ તૃપ્તિની ખાતર, સ્વલ્પ આનંદના માટે કેટકેટલા જીવના-નિર્દોષ જીવના સંહાર તારા હાથે થાય છે.

જે કાયા એક દિવસ રાખનો ઢગલો થવાની છે, માટીમાં મળી જવાની છે, જે કાયાની કોટડીને અહીં જ મૂકીને રવાના થવાનું છે, જે ભૌડાની કોટડી કરતાંય ભૂંડો છે, તેના માટે અભક્ષ્ય ભક્ષણ, અભક્ષ્ય પીણા, તું પ્યારથી આરોગે છે.

ઓ મહાનુભાવ! જરા સમજ, આ કાયા એટલે જીવતી ગટર છે, એના માટે તું આંખ મીંચીને પાપ કરવા તૈયાર થાય છે. પાપ કરતા પાછુ વાળીને જોતો નથી સ્વાદમાં લોલુપી બની જ્ઞાની ભગવંતોની તારા મુખે તું ઠેકડી ઉડાવવા તૈયાર થાય છે. કયાં દેખાય છે આ બટાટામાં જીવ, કેટલું વીટામન છે, કેવી શક્તિ આપે છે, એમ કહી તું ચીકણા પાપ કર્મોનું ઉપાર્જન કરે છે. માટે હે મહાનુભાવ! તારી વાસના પર વિજય મેળવ, તારી ઇન્દ્રિયો પર કાબૂ રાખ, બેભાન ન બન નહિતર તારે જ એ પાપના પરિણામે કટૂ ફળો ભોગવવા પડશે.

# સવારથી સાંજ

અધ્યાપક : શ્રી ઘનશ્યામ જોષી એમ. એ.-મુંબઇ

ભારતમાં તથા પરદેશમાં પોતાની વિદ્વત્તા દ્વારા સુપ્રસિદ્ધ પ્રો. જોષી જૈનસમાજ-મુંબઇના સમાજથી સુપરિચિત છે. સંસ્કૃત ભાષાના તેઓ સારા વિદ્વાન છે. પ્રાકૃત ભાષાના પણ તેઓ નિષ્ણાત છે. મુંબઇની કૉલેજમાં તેઓ સંસ્કૃત પ્રાકૃત આદિ ભાષાના અધ્યાપક-પ્રોફેસર છે. તદુપરાંત હસ્તરેખા વિજ્ઞાનના પણ નિષ્ણાત છે. તેઓએ સંસ્કૃતિ વિષે તથા જૈનદર્શનના તત્ત્વજ્ઞાન વિષે સારો અભ્યાસ કર્યો છે. કવિ તથા લેખક છે. તાજેતરમાં તેમણે 'માંસાહાર કે શાકાહાર' પુસ્તક લખ્યું છે. જે મુંબઇ જૈનસાહિત્ય સભા તરફથી પ્રસિદ્ધ થયેલ છે. એ સિવાય જૈનદર્શનના વિષે તેમણે કેટલાક પુસ્તકો લખ્યા છે. તેઓ 'કલ્યાણ' માટે ખાસ લેખ પ્રસિદ્ધિને સારૂ મોકલે છે. સંસારમાં સામાન્ય રીતે અજ્ઞાન મોહવશ જીવો જે રીતે પોતાનો જીવનકાલ વ્યતીત કરી રહ્યા છે, તેનું શબ્દ ચિત્ર તેઓ અહિં પોતાની આગવી શૈલીમાં રજૂ કરે છે.

⊙

અંતરાયો કેટલાક કુદરતી છે અને બીજા આપણે ઉભા કરેલા છે. આપણે આપણી પ્રગતિના માર્ગમાં જે અંતરાયો ઉભા કરીએ છીએ તેનું કારણ આપણું અજ્ઞાન છે.

જીવને શિવ બનવા માટે કુદરતી અંતરાય આપણા જીવનના કિંમતી સમયને ભરખી જનાર આપણું પેટ છે. ખાવા માટે, શરીરને ટકવા માટે માણસનો સવારથી સાંજ સુધીનો પરિશ્રમ છે. માણસની બધી જ પ્રવૃત્તિઓનું ખાસ કરીને કેન્દ્ર તેનું પેટ છે. તેની ભૂખ છે. બન્ને ટંકના ૧ શેર અનાજ માટે તે દિવસના ૮ કલાક પરિશ્રમ કરે છે. પણ સાથે જીભનો સ્વાદ અને મોહ તેને સ્વાદિષ્ટ ભોજન માટે વધારે અજંપો કરાવી વધારે મહેનત કરાવે છે, અને તેના પરિશ્રમની યાતના વધવા માંડે છે. નજરે ચઢતી સુંદરતા, નાક માટેની સુગંધ અને જીભના સ્વાદનો મોહ તેને વધુ ને વધુ મહેનત કરવા પ્રેરે છે. તેથી તે સુંદર સુગંધિ મિષ્ટ પદાર્થો આરોગવા દિવસથી રાત સુધી સતત વૈતરૂં કરે છે. ફકત એક શેર જ અનાજ સ્વાદ સૌંદર્ય સુંગધના મોહ વિનાનું જો તે પસંદ કરે તો કલાક બે કલાકનો પરિશ્રમ તેને પુરતો છે.

પરંતુ માનવીનો રાગ અહિં જ અટકતો નથી. આ ત્રણ મોહની પાછળ કીર્તિ કામનાનું ભૂતાવળ ધસી આવે છે. અને બીજા કરતાં વધુ ધનના ઢગલા કરવા તે પ્રેરાય છે. ૬૦ થી ૭૦ હજાર દિવસ સુધી જીવનાર માણસ લાખો દિવસના અનાજનો, અને કાપડનો સંગ્રહ કરી લે છે. સાડાત્રણ ડગલા જમીનને બદલે હજારોવાર જમીનપર છ માળના મકાનો બનાવી લે છે. જાત ઉપરાંત દીકરાના દીકરાના ૧૦૦ વર્ષ આયુષ્ય માટે સાધન સામગ્રી જમા કરે છે. આમ કરવામાં સવારના ૬ થી રાતના ૧૧ સુધી તે કેવળ પાગલની માફક અશાંત બની પશુવત્ વૈતરૂં કરે છે. દિવસના ખૂબ પરિશ્રમથી થાકેલાને-નિઃસહાયને રાતે નિદ્રા ઘસડી જાય છે. નિદ્રામાં પણ અંતરાત્મા સતત 'અજંપો' અનુભવી આજનો માનવી ગાઢ નિદ્રા અનુભવતો નથી.

હવે એની પાસે અડધા કલાકની પણ ફૂરસદ નથી. બાળકોને ઉપદેશ આપવાની, શાંતિથી વિચાર કરવાની, પોતે આ દુનિયામાં

કેટલું ટકવાનો છે? તે વિચારવાની, દુઃખિયાના દર્દ સાંભળવાની દિવ્ય જીવન શું એમ વિચારવાની સ્નેહીઓને નિઃસ્વાર્થ રીતે સ્નેહ આપવાની, શરીરને નિરોગી બનાવવાની, સાધુ પુરુષોને સમજવાની, દેવમંદિરમાં જઇ જીવને ટાઢક આપવાની તેની પાસે હવે ફાજલ સમય કયાં છે?

અને હજુ તો બીજા ઘણા તેના જીવન કાળ પર તરાપ મારવા તૈયાર બેઠા છે. અદેખાઈ ઇર્ષ્યાને લીધે હજુ રાતે બાર વાગ્યા સુધી તે કામ કરવા લાગે છે. મારો હરીફ ધંધામાં આટલું કમાયો એવા ઝનુનથી રાતે પણ મોડે કામ કરે છે.

૧૦૦ રૂ. ઉપર ૩૦૦ રૂ નફો લીધા પછી સરકારને છેતરવા ખોટા હિસાબો લખવા રવિવારે અને રાતે પણ તે ખૂબ કામ કરે છે. કોઇ પાસે નાણાં વસુલ કરવા કે કોઇને નાણાં ન ચુકવવા તે કોર્ટ કચેરીમાં બે ચાર કે પાંચ દશ વર્ષ ગાળે છે. ૧૧ વાગ્યાથી સાંજે પાંચ વાગે કોર્ટના બાંકડે બેસી, સાંજ 'ફરાવ' લઈ પાછો ફરે છે. ચાર વર્ષ પછી 'પતાવટ' કરી સંતોષ માને છે.

આમ સમગ્ર રીતે જોતાં માનવને ફરજિયાત કમાવાનું છે, તેના પેટ પૂરતું. બે મુઠી અનાજ માટે શરીરના નિભાવ પૂરતું જ નથી તે માટે સ્વાદિષ્ટ સુંદર કે સુગંધિત ખાદ્ય પદાર્થોની જરૂર.

પરંતુ રાગ અને દ્વેષ તેને ઉન્મત્ત કરીને અવળે રસ્તે જન્મો સુધી ભમાવે છે. અંતરાયો ઉભા કરીને એ અંતરાયોને પોષવામાંજ વધારવામાંજ તે તેનું અમૂલ્ય જીવન ખરચી નાંખે છે અને અંતઘડીએ છેલ્લા બે ચાર કલાકો માટે પસ્તાય છે જ્યારે તેના હાથની બાજી પૂરેપૂરી સરકી ગઇ હોય છે.

યશ માટેની વાસના બળી જાય તો લાખો કરોડો કમાવાનો, આલિશાન મહેલોમાં રહેવાનો, ચકચકિત મોટરોમાં ફરવાનો અજંપો ઓગળી જાય અને તે માટે કરવો પડતો અથાગ પરિશ્રમ અદશ્ય થઇ જાય. છળકપટમાં પણ એજ વાસના કામ કરે છે. રોજ છળકપટ કરતો ૧૦૦ વાર જુઠું બોલતો આજનો વેપારી તેમાં જ ગૌરવ લે છે પછી તેનું માનસ રીઢા ગુનેગાર જેવું થઇ જાય છે.

જો ચડસાચડસી ઓસરી જાય–યશ કામના બળી જાય–મોહ મરી જાય આશા તૃષ્ણા પીગળી જાય–રાગદ્વેષના તાંડવો અંતરમાં કાયમ માટે શમી જાય તો માણસ ફક્ત રોજ ખાવા જેટલું જ રોજ કમાય તેમ કરતા તેને ભાગ્યે કલાક બે કલાક લાગે અને આત્માની ખોજ પાછળ તેના સાચા ધ્યેયને મેળવવા પાછળ વિશ્વને નભાવતા ધર્મતત્વને સમજવા પાછળ મહાવીરોની વીરતાને પૂજી સાચો મહાવીર બનવા પાછળ દિવસના બાકીના ૧૦ કલાક નિરાંતે ગાળીને સાચી શાંતિ–સાચું સુખ મેળવી શકે.

પણ! આજે તો અમૂલ્ય જીવનના અમૃતનો ઘડો માનવ જાણી બૂઝીને ઝેરના સાગરમાં સવારથી સાંજ રેડી રેડીને થાકે છે, અને કાળ તેને સપાટાબંધ તટસ્થ બની તેની મૂર્ખતાના ફળ તેને ચખાડવા કોઈ અગમ્ય સ્થળે ઘસડી જાય છે!


**આપના ધંધાની જાહેરખ આપી સહકાર આપો.**

**કલ્યાણ માસિક બહોળા ફેલાવામાં પ્રસિદ્ધ થાય છે.**

**પત્રવ્યવહાર નીચેના સરનામે કરો.**

**કલ્યાણ પ્રકાશન મંદિર–વઢવાણ શહેર**

# વહેતાં વહેણો

નોંધ અને ચર્ચા

શ્રી સમીક્ષક

**સમાજના અભ્યુદય માટે કરવા જેવું:**

'કલ્યાણ'માં પૂ. સાધુ સંસ્થા વિષે પ્રસિદ્ધ થયેલ અમારા વિચારોને અંગે એક શુભેચ્છક ભાઈ લખે છે કે, 'કલ્યાણ'ના ચૈત્ર મહિનાના અંકમાં 'વહેતાં વહેણો' વાંચ્યા. પૂ. સાધુ સંસ્થામાં જે દિન-પ્રતિદિન અનેકરીતે શિથિલતા વધતી જાય છે, તે શું ઈચ્છનીય છે? ને જ્યાં સુધી સાધુ સંસ્થામાં શિસ્ત, સંયમ તથા શ્રદ્ધા વધુ ને વધુ દૃઢ નહિ બને, ત્યાં સુધી શ્રાવક સમાજ પર તેમનો પ્રભાવ કેમ પડી શકે? સમાજમાં સંગઠ્ઠન કઇ રીતે સાધી શકાય? માટે આ પ્રશ્નને અંગે કાંઈક વિગતવાર ચર્ચા થાય તો લાભ થાય.'

ઉપરોકત શુભેચ્છકના વિચારો સામે અમે સંપૂર્ણ રીતે સમ્મત થઇએ છીએ. અમે પૂ. સાધુ સંસ્થાનું ગૌરવ સમાજમાં તથા વિશ્વમાં કઈ રીતે જળવાઈ રહે, તે માટે સજાગ છીએ. પૂ. સાધુ સંસ્થાની શિથિલતા માટે અમને ખૂબજ લાગી આવે છે અને અમે તે માન્યતા ધરાવીએ છીએ કે, 'પૂ. શ્રમણ વર્ગે જ્યાં જ્યાં પોતાના આચાર-વિચારોમા શિથિલતા પ્રવેશી હોય, ત્યાં ત્યાં જાગ્રત બનીને સમાજના શ્રદ્ધા તથા સંયમધનના ચોકીદાર બનવુ જોઇએ. શ્રાવક સમુદાયે પણ આને અંગે પૂ. શ્રમણવર્ગને ગંભીર ભાવે લાગણીપૂર્વક અવસરોચિત પ્રેરણા કરવા ઘટિત કરવું જોઈએ. તો જ જૈનસમાજનું તેમાંયે જૈન સાધુ સંસ્થાનું ગૌરવ અખંડપણે જળવાઈ રહેશે.'

પણ અમે જે કાંઇ આ કૉલમમાં આ અગાઉ લખ્યું હતું તે એટલા જ પૂરતું કે, 'આજે પૂ. સાધુ સંસ્થાને ઉઘાડે છોગે ઉતારી પાડવાથી કશો લાભ નથી. આપણે આજે કઇ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છીએ? તે આપણે ખૂબજ દીર્ઘ દૃષ્ટિ પૂર્વક વિચારવું જોઇએ. પૂ. શ્રમણસંસ્થાની મહત્તા કે પ્રતિષ્ઠાને સમાજમાં આંચ ન આવે, તે રીતે પૂ. શ્રમણવર્ગના ચારિત્રધનને માટે દરેક રીતે ગંભીરતાપૂર્વક પ્રયત્નશીલ બનવું હિતાવહ છે. તદુપરાંતઃ આજે શ્રાવકવર્ગમાં જે સામાન્ય બાબતોમાં પણ જૈન તરીકેના આચાર-વ્યવહારો પણ ઘસાતા ગયા છે, જૈન તરીકે જૈનેતરોની વચ્ચે જાળવવા જેવા પણ ન્હાના-ન્હાના આચાર તથા વિચારોથી જૈનસમાજનો લગભગ ઘણો ભાગ આજે જે રીતે શિથિલતા દાખવતો થયો છે, જૈનમંદિરો, ઉપાશ્રયો કે ધર્મસ્થાનોમાં પણ તેના વહિવટદારોમાં જે શ્રદ્ધા, ભકિત તથા વિવેક આદિની અનેક ગંભીર ક્ષતિઓ જણાઈ રહી છે, તે માટે પણ સમાજે ઘણું ઘણું કરવાનું છે.

આ બધું કરવાને માટે સમાજના શ્રદ્ધાશીલ તથા ધાર્મિક ભાવનાવાળા પ્રૌઢ, ગંભીર અને સેવાભાવી પ્રતિષ્ઠત કાર્યકરોએ ખભેખભા મીલાવીને કરી છૂટવા માટે સજાગ રહેવું જોઈએ. તેમજ પૂ. શ્રમણવર્ગે પણ મતભેદોને કે મનોભેદોને દૂર કરી, શાસ્ત્ર, શાસન તથા સંયમની વફાદારીપૂર્વક પોતાની આજુબાજુની શિથિલતાઓને ખંખેરી નાંખવા માટે કટિબદ્ધ રહેવું જરૂરી છે. તો જરૂર શાસન તથા સમાજનો અભ્યુદય થશે તે નિઃશક છે.

**ભ. શ્રી મહાવીરદેવનાં જન્મકલ્યાકની ઉજવણી:**

દેવાધિદેવ શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવનો આપણા પર અનંત ઉપકાર છે. વર્તમાન શાસનના પ્રવર્તક તેઓશ્રીએ સમસ્ત વિશ્વના કલ્યાણ માર્ગની સ્થાપના કરી, જગતને શાશ્વત સુખનો માર્ગ દર્શાવ્યો. આવા વિશ્વવંદનીય

પરમ કરૂણામૂર્તિ ભગવાન શ્રી મહાવીરદેવના જન્મકલ્યાણકના મંગલ દિવસને સમસ્ત જૈન સમાજે ઉજવવો જોઈએ. ને તે દ્વારા તે દેવાધિદેવ પરમ ઉપકારી ભગવાન શ્રી મહાવીરદેવ પ્રત્યે હૃદયનો ભક્તિભાવ, બહુમાનભાવ તેમજ શ્રદ્ધાભાવ વ્યકત કરવા જૈન સમાજે સઘળું કરી છૂટવું જોઈએ એમાં બે મત નથી. પણ હમણાં હમણાં જૈનસમાજમાં જે રીતે આ જન્મકલ્યાણકની ઉજવણી થઈ રહી છે, તે કેટલીક ઉપયોગી તથા ગંભીર વિચારણા માંગે છે, ભ. શ્રી મહાવીરદેવના ગુણાનુવાદ કરવા ને તેમનાં જીવનની શાસ્ત્રીય હકીકતોને વર્ણવાને જીવનમાં તેમની આજ્ઞાનુસાર આચરણ કરવા પ્રયત્નશીલ બનવું તે જ આપણા માટે મુખ્ય માર્ગ છે.

પણ આ મહાન પવિત્રતમ દિવસની ઉજવણી, દેવાધિદેવ શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવનાં જીવનની, તેઓશ્રીની મંગલ જીવન સાધનાની તેમજ તેઓશ્રીના અદ્ભુત ત્યાગ, વૈરાગ્ય, તપ, ક્ષમા, ધૈર્ય, ગાંભીર્ય ઇત્યાદિ ઉત્તમ ગુણોની અદબ જળવાઈ રહે અને તે બધાય પ્રત્યેનો બહુમાનભાવ વ્યકત થાય તે રીતે થવી ઘટે: સંસારમાં-વિશ્વભરમાં ભગવાન શ્રી મહાવીરદેવનાં વ્યકિતત્વની પ્રતિષ્ઠા જળવાઈ રહે તેવા દબદબાપૂર્વક આ મહાન મંગલ દિવસની ઉજવણી આપણા દ્વારા થવી જોઇએ. આ દિવસે કેવલ ભાષણો અને નાચ-ગાન અને સંગીતના તથા નાટકોના જલસાઓથી આ પવિત્ર દિવસની મહત્તાને ઢાંકી દેવામાં નથી વ્યકત થતો ભ. શ્રી મહાવીરદેવ પ્રત્યેનો ભકિતભાવ કે નથી વ્યકત થતો તે દેવાધિદેવ પ્રત્યેનો શ્રદ્ધાભાવ! એ હકીકત આપણે ભૂલવી જોઇતી નથી.

તાજેતરમાં ઉજવાઇ ગયેલ ભ. શ્રી મહાવીરદેવના જન્મકલ્યાણ પ્રસંગના પ્રાપ્ત થયેલા અહેવાલો આપણને એ કહી જાય છે કે, કેટલીક જગ્યાયે જૈનેતરવર્ગે આવી મહાવીરદેવના જીવન વિષે વકતવ્યો કર્યાં છે, કેટલીક જગ્યાએ બાળાઓનાં નૃત્યો, ગીતો તથા સંગીતના' પ્રોગ્રામો થયા છે. રાત્રે કેટલીક જગ્યાયે સભા-સમારંભો ગોઠવાયા છે, આ બધું શું ઉચિત છે? પ્રભુ શ્રી મહાવીરદેવના જન્મકલ્યાણકની ઉજવણી, ખૂબ ગંભીરભાવે તપ, ત્યાગ, ક્ષમા, વૈરાગ્ય તથા ભકિતભાવના મધુર વાતાવરણ વચ્ચે થવી જોઇએ. સવારના સામુદાયિક પ્રતિક્રમણ, સામુદાયિક સ્નાત્રપૂજા, રથયાત્રાનો વરઘોડો જેમાં દરેકે દરેક જૈને ઓછામાં ઓછું ઉઘાડા પગે ચાલવું, શકય હોય તો પ્રભુજીના રથને હાથે ખીંચવો, બાદ પૂજ્ય મુનિરાજ જો ત્યાં વિદ્યમાન હોય તો તેમના અધ્યક્ષસ્થાને તેમના શ્રીમુખેથી પ્રભુ શ્રી મહાવીરદેવના જીવન પર તથા તેઓશ્રીની સાધના વિષે તેમના ગુણાનુવાદ કરવા, ને તેમનાં જીવનમાંથી તેઓશ્રીની આજ્ઞાનુસાર વર્તમાન જીવનમાં આપણે આપણું આત્મનિરીક્ષણ કરી પ્રેરણા પ્રાપ્ત કરવી. બપોરે પૂજા, રાત્રે ભાવના, અને પ્રભુજીને અંગરચના, શકિત મુજબ તપ ઈત્યાદિ દ્વારા દેવાધિદેવ તપ-ત્યાગ મૂર્તિ ભ. શ્રી મહાવીરદેવના જન્મ કલ્યાણકની ઉજવણી કરવી તેમાં જ તેઓશ્રી પ્રત્યેનો આપણો પૂજ્યભાવ તથા ભકિતભાવ, અને બહુમાનભાવ વ્યકત થાય છે.

પણ આવા મહાન દિવસોમાં જેને ભગવાન શ્રી મહાવીરદેવ પ્રત્યે ભકિત, શ્રદ્ધા કે સદ્ભાવ ન હોય તેવી વ્યકિતઓને પ્રમુખસ્થાને બેસાડીને ભ. શ્રી મહાવીરદેવ માટે કે તેમના સિદ્ધાંતો માટે અજ્ઞાનતાભરી કે અણસમજભરી વાતો સાંભળવી; તેમાં કોઈ રીતે ભ. શ્રી મહાવીરદેવ પ્રત્યેનો આપણો ભક્તિભાવ પ્રગટ થતો નથી પણ તે દેવાધિદેવ પ્રત્યેનો અશાતનાભાવ વ્યકત થાય છે. ભ. શ્રી મહાવીરદેવના ગુણાનુવાદ કરવા માટેની સભામાં તે જ વ્યકિત પ્રમુખસ્થાને શોભી શકે કે જે વ્યકિતનાં જીવનમાં ઓછામાં ઓછું-ભ.

શ્રી મહાવીરદેવ પ્રત્યેનો બહુમાનભાવ હોય, ભ. શ્રી મહાવીરદેવના માર્ગ પ્રત્યે શ્રદ્ધાભાવ, હોય તથા ભ. શ્રી મહાવીરદેવના પૂ. સાધુ-સાધ્વી સમુદાય પ્રત્યે સદ્‌ભાવ હોય તો જ તે વ્યક્તિ ભ. શ્રી મહાવીરદેવના ગુણાનુવાદની સભામાં મહત્ત્વનો અધિકાર સંભાળી શકે. આજે જે રીતે ભ. શ્રી મહાવીરદેવનાં જન્મકલ્યાણકની ઉજવણી પાછળ તેનો પ્રાણ ભૂલાઇ રહ્યો છે, ભ. શ્રી મહાવીરદેવ પ્રત્યેનો ભક્તિભાવ તથા શ્રદ્ધાભાવ તેમાં જે રીતે વિસરાઈ રહ્યો છે, તેને અંગે પ્રાસંગિક રીતે આટલું દિશાસૂચન કરવા અમારૂં મન પ્રેરાયું છે, તેથી તે દેવાધિદેવના અનુયાયી જૈનસમાજને આ જણાવાઈ રહ્યું છે.

તદુપરાંત; આપણે જન્મકલ્યાણકના દિવસને 'જયંતિ' જેવા સામાન્ય શબ્દથી સંબોધીએ છીએ તે તદ્દન અનુચિત છે. જયંતિ શબ્દ તો સામાન્ય માણુસોના જીવન પ્રસંગ માટે કહેવાય. પણ લોકોત્તર દેવાધિદેવ શ્રી તીર્થંકર પરમાત્માનાં જીવન પ્રસંગ માટે તો 'કલ્યાણક' શબ્દ જ શાસ્ત્રાનુસારી તથા સર્વથા ઉચિત છે. તેઓશ્રીના દરેકે દરેક પ્રસંગો એટલે કે, ચ્યવન, જન્મ, દીક્ષા તથા કેવલજ્ઞાન અને નિર્વાણ: તે બધા પ્રસંગો કલ્યાણક શબ્દથી સંબોધાય છે, ને તે પ્રસંગો ખરેખર વિશ્વના સમસ્ત જીવો માટે 'કલ્યાણક' રૂપ છે, તે હકીકત આપણે ખાસ સમજવા જેવી છે.

## ગ્રામ્યપંચાયતો ને યાત્રાવેરો:

હમણાં હમણાં કોંગ્રેસીતંત્રમાં ગ્રામપંચાયતોને જે અધિકારો મલી રહ્યા છે, તે કારણે ધર્મવિમુખ અધિકારીવર્ગ ગ્રામપંચાયતો દ્વારા તે તે ગામમાં યાત્રાએ આવતા ધર્મભાવનાવાળા સમુદાય પાસેથી જે યાત્રાવેરો લેવાના પગલા ભરી રહેલ છે, તે બીના ઘણીજ ગંભીર વિચારણા માંગી લે છે. તાજેતરમાં ભીલડીયાજી તીર્થના યાત્રાવેરાની વાત છાપાઓમા ચર્ચાઇ રહી છે, ને હાલ પૂરતું તો ભીલડીયાજીમાં યાત્રાવેરો ગ્રામપંચાયતે લેવાનું બંધ રાખ્યું છે, પણ આ ભય જ્યારે ને ત્યારે જૈનસમાજના માથા પર લટકી રહ્યો છે. કારણ કે જૈનસમાજ ધનવાન છે, તથા ધાર્મિક ભાવનાવાળો છે, એટલે તેને રંજાડીને કે તેના પર ટેકસો નાખીને જેમ બને તેમ પૈસો વધુ ને વધુ તેની પાસેથી ભેગો થઇ શકે તેમ છે, તેવું આજે જાણે કોંગ્રેસીતંત્રના અધિકારી વર્ગનાં માનસમાં ઉંડે-ઉંડે બેઠું લાગે છે. આ પહેલાં તલાજા, ઘોઘા, કંબોઇ, ભોયણીજી આદિ તીર્થસ્થળોમાં પણ ત્યાંની ગ્રામપંચાયતોએ યાત્રાળુવર્ગ પાસેથી યાત્રાવેરો લેવાની જાહેરાત કરી હતી. એટલે અમે જૈનસમાજના આગેવાનોને તથા સેવાભાવી કાર્યકરોને એ સૂચન કરીએ છીએ કે, એક વખત ટેસ્ટ કેસ કરીને આ પ્રકરણને અંગે જરૂર કોર્ટમાં જઈને સ્પષ્ટતા કરવાની આવશ્યકતા છે.

અમારા જાણવામાં આવ્યું છે તે મુજબ દ્વારકામાં હિંદુયાત્રાળુવર્ગ પાસેથી યાત્રાવેરો લેવાનું ત્યાંની મ્યુનિસિપાલિટીએ નકકી કરેલું, તેની સામે એક હિંદુયાત્રિકે કોર્ટમાં કેસ કરેલો, ને કોર્ટે સ્પષ્ટપણે ચૂકાદો આપ્યો હતો કે, 'આ રીતે યાત્રાવેરો લેવાનો મ્યુનિસિપાલિટીને કે ગ્રામપંચાયતને અધિકાર નથી.' આ રીતના ચૂકાદાથી દ્વારિકાના મંદિરનો યાત્રાવેરો રદ થયો હતો. તો તે તે સ્થળની જૈન તીર્થની પેઢીએ કે જૈન સંઘોએ આવા યાત્રા વેરાનો કોઇ પ્રસંગ આવે ત્યારે આ રીતે ધાર્મિક હકક તથા અધિકારની રક્ષા માટે કાયદેસર કરવાનું અનિવાર્ય જણાય ત્યારે હિમ્મત તથા નીડરતાપૂર્વક કરવા જેવુ છે. આજનો યુગ બોલતાનો છે, માટે જ્યારે જ્યારે ધાર્મિક અધિકાર તથા ધાર્મિક માન્યતાઓ પર હસ્તક્ષેપ થતો હોય, ત્યારે ત્યારે કર્તવ્યધર્મ બજાવવા માટે કોઇની પણ શેહ, લાગવગ કે શરમથી નિરપેક્ષ રહી, પોતાના શક્તિ, સામર્થ્ય તથા તાકાતનો સદુપયોગ કરવા કટિબદ્ધ રહેવું જોઇએ. તેમાંજ શાસન, સમાજ તથા ધર્મની સેવા છે.

એ સર્વ કોઈએ ધ્યાન રાખવું આવશ્યક છે.

આજે રાષ્ટ્રીયતા નામે કોંગ્રેસીતંત્રમાં જે કાંઈ ધર્મ વિરૂદ્ધ ચાલી રહ્યું છે, તેને મૂંગે મોઢે ચલાવી લેવાનું તથા તેમાં સહકાર આપવાનું આપણને ઘણી વખતે આપણા સમાજના, કે સંઘના આગેવાનો કહેતા હોય છે, પણ આવા આગેવાનો પોતાના સ્વાર્થ ખાતર સરકારની સામે રહીને ગેરકાયદેસર કરવું હોય તો કરી શકે છે. ને સરકાર સામે કોર્ટે ચડવું હોય તો હિમ્મતપૂર્વક ચડી શકે છે ને ધર્મની તથા જૈન ધર્મના સિદ્ધાંતની કોઈ બાબત આવે ત્યારે કોંગ્રેસી તંત્રની સામે નહિ થવાની તેમજ કોંગ્રેસ જે કાંઇ કરે તેને મૂંગે મોંઢે ચલાવી લેવાની વાતો રાષ્ટ્રીયતાના નામે કરે છે, પણ તે લોકો ભૂલી જાય છે કે જૈન સમાજને તો પહેલો પોતાનો ધર્મ, પોતાના સિદ્ધાંત તથા પોતાના દેવ. ગુરૂ તથા ધર્મની વફાદારી, તેમાં વિશ્વનું કલ્યાણ, વિશ્વનું મંગલ તથા સમસ્ત સંસારનું શ્રેય રહેલું છે. માટે ધર્મના સિદ્ધાંતનો કે ધાર્મિક હકક કે અધિકારની રક્ષાની વાત આવે ત્યારે કોંગ્રેસીતંત્રની શરમ રાખ્યા વિના નિર્ભિકપણે ચતુર્વિધસંઘે કટિબધ્ધ રહેવું જોઇએ.

## એ મોહથી દૂર રહેવું ઘટે !

જૈન સમાજમાં હમણાં હમણાં ઉદ્દ્ઘાટનોનો વાયુ ચોમેર ફેલાતો જાય છે. તેમાંએ ઘેર કોઇ પ્રસંગ હોય કે વ્યવહારિક કોઇ પ્રસંગ હોય ત્યાં ઉદ્દ્ઘાટનોના બ્હાને પ્રધાનો, રાજ્યપાલો કે અધિકારીને આમંત્રણ આપવાનો પ્રસંગ ઉભો કરવો એ જુદી વાત છે. પણ ધાર્મિક અનુષ્ઠાનો કે ધાર્મિક વિધિવિધાનોના પ્રસંગોમાં આજના કોંગ્રેસી તંત્રના સત્તાસ્થાને રહેલા વર્ગને ખુશ રાખવાના પ્રયત્નો કરવા એ કેટલીક વખતે આપણને આપણા મૂળ મુદ્દા પરથી ખસેડી નાંખવામાં નિમિત્ત બને છે. કેમકે આજકાલ પ્રધાનો કે રાયજપાલોને ખાતાવાર માણસોની લાંબી લંગાર હોવાથી તેઓ બધા નિવૃત્ત જેવા હોય છે, એટલે ગમે ત્યાં ઉદ્દ્ઘાટનોના પ્રસંગોમાં તમે તેમને આમંત્રણ આપી આવો એટલે તેઓ જરુર તમારૂ આમંત્રણ પાછું ભાગ્યેજ વાળે અને તમારા આમંત્રણને સ્વીકારીને આવ્યા પછી તમે તેમને બોલવાનું કહો. એટલે કેટલીક વખતે તેઓ શું બોલે છે ? તે તમને સાંભળતાં–સાંભળતાં વિચાર થઈ જાય છે. તેઓની માન્યતા સિદ્ધાંત કે તેઓની શ્રદ્ધા તમારા તે પ્રસંગને અનુરૂપ કે અનુકૂળ હોતી નથી, તમે તેમને બોલાવો એટલે તેઓ આવે, પણ તેમના વિચારો કોઇ જુદી દિશાના હોય; તેઓ જીવદયા પરિષદનું ઉદ્દ્ઘાટન કરે ને ત્યાં માછલા તથા ઇંડા ખાવાની વાત કરે, ને તમારે તેમના મોભાને સાચવવા મૂંગે મોઢે આ બધું સાંભળવું પડે. ને કદાચ તેમને સદ્બુધ્ધિ સૂચે ને તેઓ જીવદયા વિષે બે શબ્દો સારા બોલે તો તમારે તેમને જીવદયા પ્રેમી માનવાની ભૂલ ન કરવી.

મુંબઈમાં વિશ્વશાંતિ પરિષદનું ઉદ્દ્ઘાટન મહારાષ્ટ્ર રાજ્યના રાજ્યપાલે કરીને, જૈન ધર્મના અહિંસા, સંયમ, તપ, ત્યાગની પ્રશંસા કરેલી ને બીજી વખતે મરઘા–બતક ઉછેર કેન્દ્રનું ઉદ્દઘાટન કરતાં તેમણે જણાવ્યું હતું કે, ‘જનતાએ ઈંડા ખાવા જોઈએ ને ખાવાની બાબતમાં કેટલીક આદતો લોકોએ સુધારવી જોઇએ, જેમ પશુઓનુ દુધ પીવાય છે, તેમ મરઘા તથા બતકના ઈંડા ખાવામાં શું વાંધો છે ?’ જેઓ વિશ્વશાંતિ પરિષદમાં સર્વ જીવો પ્રત્યે ભાતૃભાવ રાખવાની ફીલોસોફી સમજાવતાં હતાં, તેજ રાજ્યપાલ બીજી જગ્યાયે ઈંડા ખાવાની સલાહ આપે. આ બધુ શું વદતો વ્યાઘાત જેવું નથી ? જે રાજકારણી પુરૂષો હોય છે, તેમના વિચારો કે તેમના વકતવ્યોનો કશો મેળ હોતો નથી. રાજકારણનું વાતાવરણ જ એવું હોય છે, કે તેમાં હંમેશા રાચ્યા–માચ્યા રહેનારના વિચારો, વાણી સમયે સમયે પ્રસંગે પ્રસંગે કાચંડાની પીઠની જેમ જુદા જુદા રંગ બદલે છે. એટલે કોઈ પણ રાજ્યકારી

આગેવાન કોઈ પણ ધાર્મિક કે સામાજિક સમારંભમાં ઉદ્દઘાટન માટે કે વક્તવ્ય કરવા માટે આવે તેથી આપણે એવું માનવાની ભૂલ ન કરવી કે તેઓ આપણા પ્રસંગ માટે માન કે સદ્દભાવ અંતરનો ધરાવે છે! તેઓ તો કેવળ શોભા માટે અવસરને દીપાવવા તમારૂં આમંત્રણ હોવાથી આવે છે, તેમને તમારા ધર્મ માટે કે સિદ્ધાંત માટે બહુમાનભાવ હોય છે એવું ઓછું બને છે. તેઓ તો આજે અહિંસાની વાત કરશે ને કાલે ઈંડા, માછલાં તથા માંસ ખાવાની વાત કરશે.

આ હકીકત આજે દીવા જેવી દેખાતી હોય, છતાં આપણા સમાજમાં રાજકારણી પુરૂષો પ્રત્યેનો મોહ દિન પ્રતિદિન કોણ જાણે કેમ વધતો જતો હોય છે કે તેઓને આપણા ધાર્મિક સમારંભોમાં ખાસ મહત્ત્વનો કાર્યક્રમ તેઓનાં હસ્તે યોજવામાં આવે છે. અમને આ પરિસ્થિતિ પ્રત્યે અવશ્ય દુઃખ થાય છે, ને અમારી ગંભીર છતાં અવસરોચિત વિનમ્ર સૂચના છે કે, ભલે રાજકારણી પુરૂષો આપણા પ્રસંગે તેમનું દિલ હોય ને આવે તો તેમનું ઔચિત્ય જાળવવું તે જુદી વાત છે, પણ ધાર્મિક સમારંભો કે તેના જેવા પ્રસંગોમાં તેમની હાજરી હોય તોજ પ્રસંગ શોભે, નહિતર પ્રસંગની શોભા ન રહે આ માન્યતા બિલકુલ ઉચિત નથી.

ધર્મશીલ ત્યાગી, વ્રતધારી, તથા શ્રદ્ધાલુ વ્યક્તિઓ જ ધાર્મિક પ્રસંગોને જે રીતે દીપાવે છે, ને જે પ્રભાવ પાડે છે તે આ બધા રાજકારણી બહુરૂપી પુરૂષો પ્રભાવ નથી પાડતા તે હકીકત તદ્દન સાચી અને વાસ્તવિક છે. માટે સમાજના આગેવાનોએ આવા પ્રકારનો મોહ મૂકી દેવો તે વ્યાજબી છે. એમ અમને આજે જરૂર લાગે છે.

## વિદ્યાર્થીઓ માટે અમૂલ્ય તક

છેલ્લા ૬૪ વર્ષથી જૈન ધાર્મીક શિક્ષણનો બહોળો પ્રચાર કરતી, તથા ધાર્મીક શિક્ષકો, જૈન પંડિતો પ્રચારકો તૈયાર કરનાર શ્રીમદ્દ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા, મહેસાણામાં સ્કૂલોના વેકેશન દરમ્યાન વિદ્યાર્થીઓ દાખલ કરવામાં આવશે. ભોજન લવાજમ લેવામાં આવતું નથી. દરેક પ્રકારની ઉત્તમ સગવડ સંસ્થા પૂરી પાડે છે પરિમીત સંખ્યા દાખલ કરવાની છે. તો તા. ૩૧-૫-૬૨ સુધીમાં ફોર્મ મંગાવી ભરી મોકલવા સૂચના છે.

### —: જોઈએ છે :—

ગુજરાતી ભાષાના સારા જાણકાર, ઓછામાં ઓછા મેટ્રીક પાસ થયેલા, સારા સંસ્કારી પ્રૌઢ, અનુભવી શિક્ષકની જરૂર છે. પગાર યોગ્યતા મુજબ આપવામાં આવશે માટે પોતાની યોગ્યતાના પ્રમાણપત્ર સાથે તારીખ ૩૧-૫-૬૨ સુધીમાં અરજી કરવી.

લી.-ઓનરરી સેક્રેટરી,

ડો. મગનલાલ લીલાચંદ શાહ * વકીલ ચીમનલાલ અમૃતલાલ શાહ

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ : મહેસાણા

# દેશ અને દુનિયા

શ્રી સંજય

'કલ્યાણ'ના વિવિધ વિભાગોની જેમ આ વિભાગ પણ 'કલ્યાણ'ના શુભેચ્છકોને પ્રિય થયો છે. અમારા પર આવતા અનેક પત્રો પરથી અમે તે હકીકત જાણી શકયા છીએ. દેશ તથા દુનિયામાં બનતા બનાવો 'કલ્યાણ'ની સારગ્રાહી વેધક શૈલીયે અહિં સંક્ષિપ્ત રીતે રજૂ થતા રહે છે. આ વિભાગને અંગે 'કલ્યાણ'ના શુભેચ્છકો, વાચકો અમને ઉપયોગી સૂચનો આપતા રહે તે માટે અમારી આ પ્રસંગે વિનમ્ર સૂચના છે.

⊙

બ્રીશ કાઉન્સીલ ઓફ ચર્ચીસે લંડન ખાતે એક ઠરાવ પસાર કરીને ફાંસીની સજાને નાબુદ કરવાનો અથવા તો કાંઇ નહિ તો અજમાયશ તરીકે તેને ચોક્કસ સમય સુધી મોકુફ રાખવાનો અનુરોધ કર્યો છે. ફાંસીની સજાને બદલે સરકારને આ સંસ્થાએ સૂચન કર્યું છે કે, ગુહનેગારને દાખલારૂપ કેદની સજા કરવી અને કેદી પોતાના કામ દ્વારા જે કાંઇ કમાય તેમાંથી ખૂનનો ભોગ બનેલાઓના કુટુંબીજનોને અથવા તેના પર આધાર રાખનારાઓને બદલો આપવાની પણ સૂચના કરાઇ છે. વાત પણ સાચી છે કે, ખૂનના ગુહનેગારને પશ્ચાતાપ કરવાની તક મળે તેમ જ તેનાં જીવનને સુધરવાનો મોકો મળે તે માટે તેને પ્રાણાંતદંડ સિવાય અન્ય કોઈ હળવી સજા કરવી જોઈએ અને કાયદો કે ન્યાય કરવાનું કામ અટપટું છે. આજે ગુહનેગાર સાબીત થાય, કાલે નવા સંયોગો ઉભા થતા તે નિર્દોષ જણાય તો તેને ફાંસીની સજા થયા પછી શું ? માટે આજે જે જે દેશોમાં ફાંસીની સજા થઇ રહી છે, તે જરૂર સુધારો માંગે છે.

લંડન ખાતે તાજેતરમાં વિશ્વની સહુથી આગળ વધેલી ને વાયુથી ચાલતી ટર્બાઇનવાળી બ્રિટનની રોવર–ટી ૪ મોટરગાડી પત્રકારોને બતાડવામાં આવેલી. આ આધુનિક દેખાવવાળી મોટરમા હાંકનારને ગતિવર્ધક તેમજ ગતિરોધક બેજ સાધનો પર લક્ષ્ય આપવાનું છે. આ મોટર જમીનથી અદ્ધર ચાલે છે. રોવર ટી–૪ આ મોટર ગાડીનું શકિતયંત્ર ૧૪૦ અશ્વ શકિતવાળું છે, તે ગેલનમાં ૧૭થી ૨૦ માઇલ આપે છે. રોવર પેઢીએ ઔદ્યોગિક ઉદ્યોગ માટે પણ વાયુથી ચાલતી ૫૦૦ જેટલી ન્હાની ટર્બાઇનો પૂરી પાડી છે. આધુનિક વિજ્ઞાન કેટ–કેટલું યાંત્રિક બનતું જાય છે, તેનું આ પ્રતીક છે. પણ માનવતાને ઢંઢોળીને જગાડે તેવું આજના વિજ્ઞાન પાસે કાંઇ છે ?

યૂરોપમાં સોલ્ટલેકસીટી શહેરમાં જાહેર સ્થળોએ ૨૧ વર્ષની અંદરની વયવાળા કોઇપણ યુવાનને ધૂમ્રપાન કરતાં પકડાતાં તેને તરત જ દંડ ભરવો પડે છે. આ શહેરમાં મોટા ભાગનાં જાહેર સ્થળોએ ધૂમ્રપાનની બંધી કરાઇ છે. દુનિયાના દરેક સુધરેલા કે સંસ્કૃત દેશો વ્યસનોથી ઉગતી પ્રજાને દૂર રાખવા આ કાયદાઓ કરે તે દરેક દ્રષ્ટિએ જરૂરી છે.

આફ્રિકાના નકુરૂ ( કેન્યા ) ખાતે પોલીસ ખાતાના એક કૂતરાને મારી નાંખવા માટે મેજીસ્ટ્રેટે એક આફ્રિકનને ત્રણ વર્ષની સજા કરતાં જણાવ્યું હતું કે, 'પોલીસખાતાના કુતરાઓ કેટલીક બાબતમાં આ ખાતાના બીજા સભ્યો જેટલા જ મહત્ત્વના છે.' આ કુતરાએ કુલ ૪૬૬ ગુહનેગારોને પકડયા હતા. આ કુતરાને કોઇ આફ્રિકન ગુહનેગારે મારી નાંખ્યો હતો–આજકાલ કુતરાઓને મારી

નાંખવા માટેનો ભારતમાં જે ચેપી રોગ ફેલાયો છે, એ ખરેખર ખતરનાક છે. માણસને જેટલો જ જીવવાનો અધિકાર છે, તે કરતાં વધારે કુતરાને જીવવાનો અધિકાર છે. માણસ કરતાં કુતરા કેટલીક વખતે વધુ નીમકહલાલ તથા ઉપયોગી છે, એ ભૂલવા જેવું નથી.

ગુજરાતના કટોસણ ગામે રાજેન્દ્રકુમાર ઠરતારચંદ નામના ભાઈએ સાપના ઝેરને ઉતારવા માટે પીંપળાના પાનનો પ્રયોગ કરવાથી સાપનું ઝેર ઉતરી ગયાના સમાચાર બહાર આવ્યા છે. તાજા લીલાં પીપળાના (પીપળના નહિ) ડાંડી સાથેના બે પાંદડાં લઈને ડાંડી (હાલ્લાં)ને ઝેર જેને ચઢયું હોય તેના બન્ને કાનની અંદર એક-એક ઇંચ ઘાલી રાખીને તે પાંદડાની દાંડીને એના બન્ને કાનની અંદર દસ મિનીટ સુધી રાખવી, જ્યાં સુધી સાપનું ઝેર ન ઉતરે ત્યાં સુધી દશ દશ મિનીટે પાંદડા બદલીને પ્રયોગ ચાલુ રાખવો. આ રીતે કરવાથી ભાઈ રાજેન્દ્રકુમારે એક માણુસના સાપના ઝેરને ઉતારેલ. પ્રયોગ પૂર્ણ થયા બાદ તે પાંદડાઓને જમીનમાં ખાડો ખોદીને દાટી દેવાના રહે છે. ઝેર ઉતર્યું ન હોય ત્યાં સુધી સાપ કરડનારને આઠ-દશ માણુસો પાસે ખૂબ જોરથી પકડી રાખવો જોઈએ. આપણા પ્રાચીન ભારતવર્ષમાં મણિમંત્ર તથા ઔષધિઓનો પ્રભાવ જે અચિંત્ય કહ્યો છે, તે યથાર્થ છે. ખરી વાત એ કે એના પ્રત્યે શ્રદ્ધા હોવી જોઈએ.

ત્રીજી પંચવર્ષીય યોજનામાં જણાવાયું છે કે, બે પંચવર્ષીય યોજનાના દશ વર્ષના ગાળામાં ભારતની રાષ્ટ્રીય આવક વધીને રૂા. ૧૪૫૦૦ કરોડની થઇ છે. અને ૩જી યોજનાના અંતે તે રૂા. ૧૯૦૦૦ કરોડની થશે એ રીતે માથાદીઠ આવક દશ વર્ષમાં ૩૩૦ થઈ તે વધીને ૩૮૫ની થશે. આમ આજે ભારત સરકાર પ્રજા આગળ આંકડાની કેવળ ઈંદ્રજાળ રચે છે, પણ વાસ્તવિકતા એનાથી જુદી છે.

આજે ભારતની છેલ્લામાં છેલ્લી પરિસ્થિતિ એ છે કે, આ દેશમાં ચાર ક્રોડ લોકો એવા છે કે, જેની સરેરાશ આવક માત્ર બે આના જેટલી છે, બીજા અઢાર ક્રોડ લોકો એવા છે કે જેમની સરેરાશ આવક આઠ આના જેટલી છે અને દેશની વસતિનો લગભગ અડધા ઉપરનો ભાગ બેકાર અવસ્થામાં જીવે છે. આ હકીકત ભારતના સુપ્રસિદ્ધ અર્થશાસ્ત્રીઓએ આંકડા તથા નકકર હકીકતોથી પુરવાર કર્યું છે. આજે ખુરશી પર બેઠેલા વર્ગને પ્રજાની સાચી પરિસ્થિતિનો કેવળ પાનાઓ કે કાગળો ચિતરવામાં ખ્યાલ ન આવે તે બરાબર છે.

તાજેતરમાં લંડનના વિકટોરીયા મ્યુઝીયમે એ જાહેરાત કરી છે કે, તેમણે શહેનશાહ શાહજહાનનો સફેદ રંગનો પ્યાલો ૮૯૫૦ પૌંડમાં ખરીદ્યો છે. નિષ્ણાતોનું કહેવું છે કે, આ પ્યાલો ભારતમાં સૌથી સુંદર કલાકૃતિ છે. અને તેના પર શાહજહાનની ૩૧ મી રાજ્ય જયંતિનું લખાણ છે, ભારતમાં પૂર્વકાલમાં કેવી કેવી કલાકૃતિઓ હતી તેની આ વાત સાક્ષી પૂરે છે.

બ્રિટીશ પ્રજાને કુતરા, બિલાડી તથા પ્રાણીઓ પાળવાનો ગજબનો શોખ છે. અત્યારે બ્રિટનમાં પાળેલા કુતરાઓ ૩૭ લાખની સંખ્યામાં છે. અને પાળેલી બિલાડીઓની સંખ્યા ૫૦ લાખની છે, આ પ્રાણીઓના ખોરાક પાછળ બ્રિટીશરો લગભગ ૫૨ ક્રોડ રૂા. નું ખર્ચ કરે છે. કુતરા-બિલાડાઓ માટેના ખાદ્યપદાર્થોને એરકન્ડીસન ડબ્બાઓમાં પેક કરીને વેચવા માટે તૈયાર કરનાર કેટલાયે કારખાનાઓ બ્રિટનમાં અસ્તિત્વમાં આવ્યા છે. સૌથી મોટી કંપની એક અઠવાડીયામાં દશ લાખ કરતાં વધુ ડબ્બાઓ વેચે છે. રે શોખ! આના કરતાં જીવદયા હોત તો લાભ થાત.

૧૯૬૨-૬૩ ના બજેટ વખતે એ સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, ભારતનું આજે દેવું ૫૨૭૭ ક્રોડનું છે, ને તે આગામી વર્ષ સુધી

૫૯૧૪ ક્રોડ એટલે આશરે ૬૦૦ અબજનું, દેવું ભારતના માથે પરદેશી સરકારનું રહેશે. દેવા અંગે જાણવા જેવું એ છે કે ભારતનું ૧૯૩૯ માં દેવું ૯૪૯ ક્રોડ ૭૭ લાખનું હતું. જે હાલ હવે ૬૦૦ અબજનું થવા જાય છે. જેમાં સૌથી વધુ દેવું અમેરિકાનું છે, જે ૫૦૨ ક્રોડનું છે; રશિયાનું ૧૨૬ ક્રોડનું છે. બ્રિટનનું ૧૪૯ ક્રોડનું છે. જર્મનીનું ૧૨૯ ક્રોડનું છે. એકંદરે ભારતનું દેવું દિનપ્રતિદિન વધતું જાય છે. સડકો નહેરો, બંધો તથા અન્યાન્ય જગાઓ પાછળ અબજો ખર્ચવા છતાં હજુ ભારત અન્ન જેવી બાબતમાં પણ સ્વાવલંબી બની શકતું નથી. તે કેટલું આશ્ચર્ય કહેવાય! આ દેવામાં ૧૬૦૦ ક્રોડો જુદા–જુદા રાષ્ટ્રોનું દેવું છે, ને ૪૩૯૩ ક્રોડ ચાલુ લોનો, ટ્રેઝરી બીલો, ખાસ લોનો તથા મુદત પૂરી થયે ભરપાઈ નહિ થયેલી લોનોની રકમોની છે. રે ભારત તારી આજની દશા!

ખોરાક અને ખેતીવડી ખાતાના નાયબ પ્રધાન શ્રી એ. એમ. થોમસે લોકસભામાં એક પ્રશ્નનો જવાબ આપતાં જણાવેલ કે, વનસ્પતિ ( વેજીટેબલ છે ) માટે અનુકૂળ રંગ મળવાની શકયતા ઓછી છે. તેમણે જણાવ્યું હતું કે સૈદ્ધાંતિક રીતે એનો સ્વીકાર કરવામાં આવ્યો છે કે, જો અનુકૂળ રંગ મળી આવે તો વનસ્પતિમાં ફરજીયાત રંગ ભેળવવો, પરંતુ અત્યારસુધી અનુકૂળ રંગ મળી આવ્યો નથી. હજુ સંશોધન ચાલી રહ્યું છે. ૧૯૬૦ માં રચવામાં આવેલી અગ્રણી વૈજ્ઞાનિકોની સમિતિ પણ હજુ સુધી અનુકૂળ રંગની ભલામણ કરી શકી નથી'–ખરેખર ભારત જેવા દેશની એ કમનશીબી છે કે, ભારતમાં આજના વૈજ્ઞાનિક યુગમાં આટ–આટલા સંશોધનો થવા છતાં કેવળ વનસ્પતિ ઘીના માટે રંગ નથી મલતો. કુદકે ને ભૂસકે વેજીટેબલ ઘીના કારખાનાઓ વધી રહ્યા છે, લાખો ટન વનસ્પતિ ઘી ભારતમાં વપરાઈ રહ્યું છે, સાચાં ઘીનાં દર્શન દુર્લભ થતા જાય છે. છતાં ભારતની સરકારને હજુ વનસ્પતિ ઘીની ઓળખાણ માટે અનુકૂળ રંગ મલતો નથી. કયારે મલશે? શું આવતા સો વર્ષ સુધીમાં રંગ મલશે ખરો કે નહિ?

ઝેકોસ્લાવેક વિજ્ઞાન એકાદમીએ તાજેતરમાં અર્થશાસ્ત્રના નિષ્ણાતોના અંદાજો પ્રસિદ્ધ કર્યા છે. તેમાં જણાવાયું છે કે, 'આજે પશ્ચિમ દેશોની તથા યૂરોપના દેશોની શસ્ત્રદોડના પરિણામે તથા સત્તાની હરિફાઈએ જાલીમ ખર્ચાઓ વધી રહ્યા છે. દુનિયાના તમામ દેશો આજે વરસે ૧૨૦ અબજ ડોલર કેવલ શસ્ત્રો તથા દારૂગોળા પાછળ ખર્ચે છે. આ રકમ દુનિયાભરમાં ઉદ્યોગો, ખેતીવાડી વગેરેમાં રોકાયેલી કુલ મૂડીના રોકાણથી અડધી છે. અને લગભગ દુનિયાના વ્યાપારની રકમ જેટલી છે.' જ્યાં સુધી સત્તા અને સંપત્તિની પાછળ આંધળીયા કરવાની પાગલ મનોદશામાં આજના માંધાતા દેશો રહ્યા છે, ત્યાં સુધી કેવલ નાશના માર્ગે આ રીતે દર વર્ષે અબજો રૂા. નું આંધણુ થવાનું એ નિશ્ચિત છે.

અંજાર [કચ્છ] શહેરમાં ચૈત્ર વદિ ૧૨ ની રાત્રે ૧૦ વાગે શહેરના પૂર્વભાગમાં ધરતીકંપનો એક આંચકો જોરથી આવ્યો હતો. લોકો ગભરાઈને બહાર નીકળી ગયા હતા, ને ચોરે ને ચૌટે ધરતીકંપના આંચકાની વાતો કરતા હતા. નુકશાન કશું થયું નથી. પણ ૨૦૧૨ ના અસાડ સુદિ ૧૪ ના દિવસે જે ગોઝારો ધરતીકંપ થયેલ તે જ જગ્યાયે ફરી આ વખતે ધરતીકંપનો આંચકો આવેલ. ખરેખર તે ક્ષેત્રના કોઇ દેવની આ અકલલીલા હોવાનું જાણે લોક જીભે બોલાઈ રહ્યું છે. ધર્મના પ્રભાવે આ વેળા કશીજ નુકશાની આવી નથી.

અમેરિકા જેવા દેશમાં કે જ્યાં ક્રોડોની સંપત્તિ ઉછળી રહી છે. છતાં લોભનો થોભ નથી. અમેરિકાના લોકોની આર્થિક સ્થિતિ વિષે લખતા શીલાઓન કૈસરલીંગ નામના અર્થશાસ્ત્રી જણાવે છે કે, 'અમેરિકામાં દર અઠવાડિયે રૂા. ૧૮૦ થી ઓછી રકમની કમાણી કરનાર માણસ

ગરીબ ગણાય છે. કુટુંબ ધરાવનાર માણસ દર અઠવાડીયે રૂા. ૩૫૪ થી ઓછી કમાણી કરે તો તે કુટુંબ ગરીબ ગણાય. દર અઠવાડીયે રૂા. ૫૨૦ કમાણી કરનાર નાગરિક પૂરતી આવક ન ધરાવનાર નાગરિક તરીકે ગણી શકાય. અમેરિકામાં ૩૮૦૦૦૦૦ આવા પૂરતી આવક ન ધરાવનાર નાગરિકો છે. અમેરિકાને સમૃધ્ધ દેશ ગણનારા આ વાંચે ને વિચારે કે, અમેરિકા પણ આજે પોતાને દુઃખી ગણે છે, કારણ કે લાભ તેમ લોભ વધારે; પૈસો તેમ ખર્ચો વધારે.

ભારત સરકારનું ૧૯૬૨–૬૩ નું બજેટ બહાર પડી ગયું જેમાં વરસ દિવસે રેલ્વે બજેટ દ્વારા ૨૮ ક્રોડ રૂા. નો બોજો અને નાણાપ્રધાને રજુ કરેલ બજેટ દ્વારા ૭૧ ક્રોડનો બોજો વરસ દિવસે પ્રજા પર વધી રહ્યો છે. એકંદરે આ રીતે એક અબજ રૂા. નો કર ભારત દેશ પર વધ્યો છે. દેશની સામાન્ય વર્ગની પ્રજા પર પણ આ કર ભારણ આજની પરિસ્થિતિમાં અસહ્ય બનતું જાય છે, ને છતાં પ્રજાને કોંગ્રેસીતંત્રના ૧૫–૧૫ વર્ષના ગાળામાં જીવનની ન્હાનામાં ન્હાની જરૂરીયાતની વસ્તુમાં કોઈ રાહત નથી રહી, તે ખરેખર ભારતદેશની કમનશીબી કહેવી કે ખુશનશીબી કહેવી એનો કોઇ જવાબ આપશે કે? આના કરતાં તો જીવનમાં અનાવશ્યક ગણાતી વસ્તુઓ પર કરવેરા નંખાય તો મધ્યમવર્ગ કે નોકરીયાત વર્ગને રાહત રહે.

વીસમી સદીના ઈતિહાસમાં પહેલી જ વાર માણસે પોતાની શકિતના બળે આકાશમાં ઉડ્ડયન કરીને વિક્રમ નોંધાવ્યો છે. બ્રિટનની રોયલ એરોનોટીકલ સોસાયટીએ તાજેતરમાં જાહેર કર્યું હતું કે, ઈતિહાસમાં પહેલી જ વાર મનુષ્ય પોતાની શકિત દ્વારા આકાશમાં અર્ધો માઈલનું ઉડ્ડયન કરી શકયો છે. માનવશકિત વિમાની કલબના પ્રમુખ શ્રી વીમ્બેનીએ 'વફીન' યંત્રમાં બુધવારે કલાકના ૧૯ાા માઇલની ઝડપે આકાશમા ઉડ્ડયન કર્યું હતું. જૈન ઈતિહાસમાં જંઘાચારણ તથા વિદ્યાચારણ મુનિઓ પોતાની શકિતના બળે, વિદ્યાધરો મંત્ર–વિદ્યા શકિતના બળે આકાશમાં હજારો–લાખો માઈલનું અંતર કાપતાં હતા, ને આકાશમાં વગર યંત્રે ઉડ્ડયન કરતા હતા. એ દૃષ્ટિએ તો હજુ આજનો સુધરેલો માણસ ગર્ભાવસ્થામાં પણ નથી.

બીજા વિશ્વયુદ્ધમાં વારસેર્ઝામ નજીકના (રોમ દેશના) માસા ખાતેની ૭૨ વર્ષની એક સ્ત્રીના જમણા ખભામાં ફસાઇ ગયેલી બંદુકની ગોળી હમણાં સુધી અંદર શરીરમાં હતી. તે તાજેતરમાં તેને ઉધરસ ખાતાં નીકળી પડી છે. આયુષ્ય બળવાન હોય ત્યારે બંદુકની ગોળી કાંઈ કરતી નથી, ને જયારે આયુષ્ય તૂટી ગયું હોય ત્યારે ઠેસ વાગતાં માણસ મરે છે.

ભારતની લોકસભામાં તાજેતરમાં દેહાંતદંડ–મૃત્યુની સજાને નાબુદ કરવાની માગણીના જવાબમાં ગૃહપ્રધાન શ્રી એન. બી. દાતારે જણાવ્યું હતું કે, 'દર વર્ષે ભારતમાં ૧૦ હજાર જેટલાં ખૂનો થતાં હોય છે, આ પરિસ્થિતિમાં જો દેહાંતદંડની સજા રદ્દ કરવામાં આવે તો આ સંખ્યા ઘણી વધી જશે.'–આની સામે આપણે પ્રધાનશ્રીને પૂછીએ છીએ કે, ખૂન સામે કાયદેસરનું ખૂન કરવાથી આ પરિસ્થિતિમાં છેલ્લા ૧૫ વર્ષનો ઈતિહાસ તપાસી જૂઓ કે કોઇ ફેરફાર થયો છે? ફાંસીના સજા ચાલુ રહેવા છતાં ખૂનની સંખ્યા વધતી જ રહી છે, તો શા માટે હવે ખુનીઓના માનસપરિવર્તનને કરવા માટે તે ઉપદ્રવી ન બને તે રીતે તેને એકાંતવાસ આપીને કેળવવામાં કેમ ન આવે? બાકી આ કોઈ પ્રામાણિક જવાબ નથી કે ખૂનોને આકાળવા માટેનો આ વ્યવહારૂ માર્ગ નથી એમ કોઈ પણ સંસ્કૃતપ્રેમી ભારતવાસીને લાગ્યા વિના નહિ રહે?

પાકીસ્તાનમાં મુલતાન જીલ્લાના બાનેવાલ તહસીલમાં ગ્રામપંચાયતે એક ઠરાવ કરીને તે ગામમાં જન્મેલા દરેક પુત્ર દીઠ તેના પિતાને બે રૂા. નો ટેકસ રાખ્યો છે. આ પંચાયતે લીધેલા બીજા નિર્ણયોમાં એક ઠરાવ દ્વારા એવું

જાહેર કર્યું છે કે, દર લગ્ન દીઠ દરેક વરરાજાએ બે રૂ. નો કર આપવો પડશે તેમજ દરેક મહેફીલ દીઠ યજમાને બે રૂ. નો મહેફીલ વેરો આપવાનો રહે છે. આપણે ત્યાં તીર્થસ્થળોની યાત્રાએ જનારા યાત્રિકો પર ધર્મભાવનાને આઘાત પહોંચે તે રીતે યાત્રાવેરો જે રીતે ગ્રામપંચાયતો નાંખી રહી છે તે કરતાં આવા વેરા નાંખીને લોકોની ધર્મભાવનાને આઘાત પહોંચે તેવું કાર્ય કરતાં અટકે તો કેવું સારૂં ? જો ટેકસો લેવા જ હોય અને આવક જ ઉભી કરવી હોય તો ભારતની પ્રજાની ધાર્મિક ભાવનાને આઘાત પહોંચે તેવા ટેકસો કરતાં મોજશોખ કે આવા પ્રસંગો પર કર નાંખવા એ વધારે પડતું ન ગણાય !

અમદાવાદ ખાતે છેલ્લા એક વર્ષમાં રોજગાર વિનિમય કચેરીમાં નોકરી માટે નામ રજીસ્ટર કરાવ્યા પછી હજુ સુધી એટલે એપ્રીલ ૬૨ સુધી નોકરી ન મળી હોય તેવા ભણેલા બેકારોનો આંકડો ૧૦ હજાર ઉપરનો થયો છે. આ સિવાય હજારો વગર ભણેલા ને રોજગાર વિનિમય કચેરીમાં નામ નહિ નોંધાવેલા બેકારોની સંખ્યા તો જુદી ! આ છે આજના પ્રગતિમાન કહેવાતા ભારતની વર્તમાન દશા !

પતીયાળા ( પંજાબ ) ખાતે હમણાં હોસ્પીટાલમાં ઓપરેશન કરીને ૨૪ વર્ષની એક ગ્રામ નારીના ગર્ભાશયમાંથી ૪૫ રતલ જેટલું વજન ધરાવતી એક ગાંઠ કાઢવામાં આવી છે. તે સ્ત્રીના શરીરમાં ઘણા લાંબા સમયથી આ ગાંઠ જામી હતી. તેની તકલીફનો કોઇ પાર ન હતો. તેના પર થયેલી શસ્ત્રક્રિયા સફલ થઈ છે. ખરેખર કર્મની વિચિત્રતાનો કોઇ પાર નથી.

અમેરિકાના સંરક્ષણ ખાતા માટે સભાગૃહની કમિટિએ શાંતિ સમય માટેનું સૌથી મોટામાં મોટું બીલ પાસ કર્યું છે. આ બીલથી ૪૭૮૩૯૪૯૧૦૦૦ ડોલરના ખર્ચની બહાલી મળે છે. જો કે પ્રમુખ કેનેડીએ માગેલા કરતાં આ જોગવાઈમાં ૬૭ કરોડ ડોલર ઓછા છે. આ રકમમાંથી અમેરિકા વધુ ને વધુ મોટા બોમ્બર વિમાનો, સબમરીનો, લડાયક વિમાનો, જહાજો અને તમામ પ્રકારનો લશ્કરી સરંજામ બનાવશે. પાપનો પૈસો પાપમાં જાય તે ઉક્તિ સાચી છે. આ રીતે અબજો રૂા. કેવળ દારૂ ગોળાને વિનાશની શસ્ત્રસામગ્રી વાપરવામાં ખર્ચાશે એ કેટલું દુઃખદ છે. યૂરોપની ભુમિ આજે નૈતિક વિનાશના આરે ઉભી છે તેમ ખરેખર કહેવું પડે છે.

અમદાવાદ જીલ્લાના ધંધુકા ગામે બારેક વર્ષની વયનો કિશોર રસ્તા ઉપર સોડાવોટરની રેકડી પાસેથી પસાર થતો હતો, ત્યારે અચાનક સોડાવોટરની બાટલી ફુટતાં તેમાંની ગોળી તે કિશોરના ગળા ઉપર ફરી વળતા તેના શરીરમાં લોહીની ધારા વહેતી થઇ, ને તે નીચે ઢળી પડેલ. આ કીશોરને સારવાર માટે તુરત જ સરકારી દવાખાને દાખલ કરવામાં આવેલ, પરંતુ રાતના સમયે તેનું પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું ખરેખર મોત કયારે કયા નિમિત્તથી ને કયાં આવી પડશે તે અકલ્પનીય છે, છતાં માનવ ફીકર વિનાનો ને બેપરવા બનીને આજે અમન-ચમન કરી રહ્યો છે ને ધર્મથી દૂર-દૂર થઇને તપ, ત્યાગ, સંયમ સદાચાર તથા આલોક-પરલોકને ભૂલી રહ્યો છે તે કેવી નફટાઈ!


કબજીઆતની રોજની ફરિયાદ છે? તો

**સત-સુધા**

નું સેવન કરો. જાણીતા લક્ષ્મી છાપ સત ઇસબગુલની સુસ્વાદમય વિશેષ ગુણકારી ઉત્તમ ઔષધી:

વિક્રેતા :

**સુરેન્દ્રનગર : રાઘવજી ડી. દોશી**
**મે. બી. કે. પટેલની કું.**
**રાજકોટ : શ્રી રતિલાલ લલ્લુભાઇ**
**મુંબઈ : મે. બી. અમૃતલાલની કું.**
૩૦૫, કાલબાદેવી રોડ
**અમદાવાદ : પારેખ મેડીકલ સ્ટોર્સ–**
ફતાસા પોળ પાસે.

# સમાચાર સાર

'કલ્યાણ'ના અનેક વિભાગોની જેમ આ સમાચાર વિભાગ કલ્યાણની આગવી વિશિષ્ટતા છે. 'કલ્યાણ' માસિક હોવા છતાં પણ સમાજ તથા શાસનને અંગેના ઉપયોગી સમાચારો જે અમારા પર આવે છે તેને તારવીને અમે અહિં કાળજીપૂર્વક રજૂ કરીએ છીએ. આ વિભાગને વધુ ને વધુ સમૃદ્ધ કરવા અમે સતત પ્રયત્નશીલ છીએ. સર્વ કોઈ અમને 'કલ્યાણ'ને ઉપયોગી સમાચારો જે સમાજ તથા શાસનને અંગેના મહત્વપૂર્ણ હોય તે સમાચારો જરૂર મોકલાવે. અમને તા. ૩૦ સુધી મળેલા સમાચારોને અમે અવશ્ય 'કલ્યાણ'માં સ્થાન આપીશું. હિંદી વિભાગ પણ 'કલ્યાણ'ના સમાચાર વિભાગ માટે અમે શરૂ કરવા વિચારી રહ્યા છીએ. તો હિંદીભાષી ભાઈઓ 'કલ્યાણ'ને ઉપયોગી સમાચારો ટુંકમાં સારભૂત રીતે મોકલવા અવશ્ય કૃપા કરે! સમાચાર વિભાગ સમાજમાં સર્વ કોઇને માટે ખૂલ્લો છે. સમાચારો ટુંકમાં મુદ્દાસરના મોકલવા સહુ કોઈ લક્ષ્ય રાખે!

⊙

**ભાગવતી દીક્ષા મહોત્સવ :** અમદાવાદ ખાતે ધર્મીજવાળા શાહ મહાસુખરામ મુલચંદના સુપુત્ર ભાઇ વાડીલાલભાઇના સુપુત્રી બાલબ્રહ્મચારિણી કુ. હીરાબેનની ભાગવતીદીક્ષાનો મહોત્સવ ચૈત્ર વદિ ૧ થી શરૂ થયો હતો. ચૈત્ર વદિ ૬ ના ભાગવતી દીક્ષાનો વરઘોડો ચઢેલ. ને હઠીભાઇ શેઠની વાડીમાં ભવ્ય સમારોહપૂર્વક પૂ. આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજય રામસૂરીશ્વરજી મહારાજશ્રીનાં વરદ હસ્તે દીક્ષા થઇ હતી. મહોત્સવના આઠે દિવસો દરમ્યાન વિવિધ પૂજાઓ, અંગરચના તથા ભાવનાઓ થતી હતી. જેમાં ધર્મઆરાધક મંડળ, સંયુક્ત મંડળ આદિના ભાઇઓ તેમજ બ્હેનોના મંડળો ભક્તિરસની સુંદર જમાવટ કરતા હતા.

**જન્મકલ્યાણકની ભવ્ય ઉજવણી :** નવસારી ખાતે જૈનવાડીમાં ભગવાન શ્રી મહાવીરદેવનાં જન્મ-કલ્યાણકની ભવ્ય ઉજવણી ચૈત્ર સુદિ ૧૩ ભોમવાર રાતે ૮ાા વાગ્યે સુરતના સુપ્રસિદ્ધ વ્યાપારી અને જૈન સમાજના આગેવાન શેઠ દલીચંદ વીરચંદ શ્રોફના પ્રમુખપદે થઇ હતી. આ પ્રસંગે સુરતના જૈન સમાજના અગ્રણીઓ નગરશેઠ બાબુભાઇ, ડો. શ્રી અમીચંદ છગનલાલ, વકીલ ઠાકોરભાઈ આદિ પધારેલ. સંઘના પ્રમુખ શ્રી ચુનીલાલ જે. શાહે પ્રમુખ શેઠ દલીચંદભાઇનો પરિચય આપેલ. આ પ્રસંગે જૈન પાઠશાળાની બાલિકાઓએ ગરબા આદિ પ્રોગ્રામ કરેલ. પાઠશાળાના અધ્યાપક શ્રી અંબાલાલભાઈએ ધાર્મિક પરીક્ષાઓનાં પરિણામ તથા સંસ્થાની અન્યપ્રવૃત્તિઓનો પરિચય આપેલ. પ્રમુખશ્રીનાં ધર્મપત્ની શ્રી રૂક્ષ્મણીબેનના વરદહસ્તે અભ્યાસકોને ઇનામો–પ્રમાણપત્રો અર્પણ થયેલ. પ્રમુખશ્રીએ ભ. શ્રી મહાવીરદેવના ગુણાનુવાદ કરેલ ને પાઠશાળાની પ્રગતિ માટે ધન્યવાદ આપ્યો હતો. તેઓએ જૈનપાઠશાળાને રૂા. ૫૦૧, ની રકમ ભેટ આપેલ તેમજ ઇનામો પણ પોતાના તરફથી આપવાની જાહેરાત કરેલ. આ પ્રસંગે સંઘના ટ્રસ્ટી કેસુરભાઇ રામચંદ સુરતના વકીલ ઠાકોરભાઇ, હાઇસ્કુલના પ્રિન્સીપાલ શ્રી જે. જે. શુકલે પણ ભ. શ્રી મહાવીરદેવના ગુણાનુવાદ કરેલ. અંતે સંઘના ટ્રસ્ટી શેઠ ઠાકોરભાઇએ પ્રમુખશ્રી આદિ આમંત્રિત સજ્જનોનો આભાર માન્યો હતો.

**સૂરિપદની રજત જયંતિ** પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજશ્રીના સૂરિ-પદાર્પણના ૨૫ વર્ષના રજત મહોત્સવ પ્રસંગે ઘાટ-કોપર જૈન સંઘ તરફથી જિનેંદ્રભક્તિ તથા ગુણાનુ-વાદનો ભવ્ય સમારોહ ઉજવાયો હતો. ચૈત્ર વદિ ૫ થી વદિ ૧૦ સુધી દરરોજ વિવિધ પ્રકારની પૂજાઓ, પ્રભુજીને ભવ્ય આંગીઓ તથા રાત્રે ભાવનાઓ ભારે ઠાઠપૂર્વક થતા હતા. ચૈત્ર વદિ ૧૦ના સિદ્ધચક્રપૂજન શેઠ કાંતિલાલ મગનલાલ તથા શેઠ પ્રાગજીભાઇ ઝવેર-ચંદ તરફથી થયેલ. સાંજે પૂ. આચાર્યદેવશ્રીના ગુણા-નુવાદનો પ્રોગામ થયેલ જેમાં સમાજના પ્રસિધ્ધ આગેવાનો, વિદ્વાનો, સાહિત્યકારો અને સંગીતકારોએ

ભાગ લીધો હતો. વિધિવિધાનો ડભોઈવાળા ક્રિયાકારક શેઠ હીરાલાલ ચુનીલાલની મંડળીએ કરાવેલ. આ પ્રસંગે બહારગામથી આવેલ પૂ. પાદ સૂરિદેવશ્રીના સૂરિપદ રજત મહોત્સવને અંગે સંદેશાઓ વાંચી સંભળાવવામાં આવેલ.

**વિહારના અવનવા :** પૂ. પન્યાસજી મહારાજ શ્રી પ્રવીણવિજયજી ગણિવર, પૂ. પં. મ. શ્રી પદ્મવિજયજી ગણિવર, પૂ. પંન્યાસજી મ. શ્રી મહિમાવિજયજી મહારાજ આદિ ઠા. પાંચની શુભ નિશ્રામાં પાલીતાણા ખાતેના ચાતુર્માસ દરમ્યાન શ્રી સિધ્ધગિરિજીની શુભ છત્રછાયામાં અનેકવિધ ધર્મપ્રભાવના થયેલ. કડીથી શા. કસ્તુરચંદ ચીમનલાલ તથા સરીયદથી શા. રીખવચંદ પુનમચંદ બસ દ્વારા બે સંઘો લઈને આવતાં તેઓને તીર્થમાળ પૂ. પંન્યાસજી મહારાજશ્રીનાં વરદ હસ્તે શ્રી ગિરિરાજ પર પહેરાવાયેલ. સંઘવીઓને માલા પહેરવાની ઉછામણી થતાં રૂા. ૩ હજારની ઉપજ થયેલ. પૂ. પંન્યાસજી મહારાજશ્રીએ સપરિવાર ફા. વદિ ૫ નો પાલીતાણાથી વિહાર કર્યો. તેઓશ્રી મહુવા, દાઠા, તલાજા, ઘોઘા આદિની યાત્રા કરી. પૂ. પંન્યાસજી મહારાજશ્રી મહિમાવિજયજી મ. ની તબીયતના કારણે ચૈત્ર સુદિ ૭ ના દાદાસાહેબના ઉપાશ્રયે ભાવનગર પધારતાં રોજ વ્યાખ્યાનો થતા હતા. લોકો સારી સંખ્યામાં લાભ લેતા હતા. ચૈત્ર સુદિ ૧૩ ના ભગવાન શ્રી મહાવીરદેવના જન્મ કલ્યાણકનો ઉત્સવ ઠાઠથી ઉજવાયેલ. પૂ. પંન્યાસજી મહારાજશ્રીએ ભ. શ્રી. મહાવીરદેવનાં જીવન પર સુંદર પ્રકાશ પાડેલ. તેઓશ્રી ચૈત્ર વદિ ૭ ના ભાવનગરથી વિહાર કરી, કુંભણુમાં વૈશાખ સુદિ ૬ ની પ્રતિષ્ઠા હોવાથી ત્યાં પધાર્યા છે. ત્યાંથી તેઓશ્રી સપરિવાર શ્રી સિધ્ધગિરિજીની યાત્રાર્થે પધારનાર છે. ચાતુર્માસ માટે તેઓશ્રીને કુંડલા, ભાણવડ તથા લીંબડી સંઘની આગ્રહભરી વિનંતીઓ છે લાભનું કારણ જાણી લીંબડી ખાતે ચાતુર્માસનું નકકી થયેલ છે. તેઓશ્રી જેઠ સુદિમાં પ્રવેશ કરનાર છે.

**નવપદજીની સુંદર આરાધના :** ફાલના (રાજસ્થાન) ખાતે પાર્શ્વનાથ ઉમેદ જૈન બાલાશ્રમમાં શ્રી નવપદ ભગવંતની આરાધના સુંદર રીતે ઉજવાઈ હતી. ક્રિયાની વિધિપૂર્વક આયંબિલની ઓળીમાં વિદ્યાર્થીઓએ સારી સંખ્યામાં ભાગ લીધો હતો. પહેલા ને છેલ્લા દિવસે બધા વિદ્યાર્થીઓએ આયંબિલ તપ કર્યો હતો. સંસ્થામાં દરરોજ બે વિદ્યાર્થીઓ આયંબિલ કરે છે. બાળકોમાં ધાર્મિક સંસ્કાર તથા સચ્ચારિત્ર્યના ઘડતર માટે અધ્યાપક શ્રી કનકરાજ સારી કાળજી રાખે છે. ચૈત્ર સુદિ ૧૩ ના ભ. શ્રી મહાવીરદેવના જન્મ કલ્યાણકનો ઉત્સવ સુંદર રીતે ઉજવાયેલ. સવારે રથયાત્રા નીકળેલ બાદ હાઈસ્કુલના વિશાળ હૉલમાં ભ. શ્રી. મહાવીરદેવનાં જીવન પર વકતવ્યો થયેલ. કૉલેજ પ્રીન્સીપાલ શ્રી શ્યામલાલજી શર્માની અધ્યક્ષતામાં સભાનું આયોજન થયેલ. અધ્યાપક મથુરાપ્રસાદ અ. દવે, ધર્માધ્યાપક કનકરાજજી આદિએ પ્રાસંગિક વક્તવ્ય કરેલ. અધ્યક્ષશ્રીએ પણ યોગ્ય વક્તવ્ય કરેલ.

**વિંછીયા :** પૂ. મુનિરાજશ્રી માનતુંગવિજયજી મહારાજ અત્રે પધારેલ. દરરોજ વ્યાખ્યાન ચાલુ રહેતા. ચૈત્રી ઓળીની આરાધના સારી રીતે થયેલ. ભ. શ્રી મહાવીર જન્મકલ્યાણક સુંદર રીતે ઉજવાયેલ. ચૈત્રી પૂર્ણિમાના દિવસે શત્રુંજય પટના દર્શનાર્થે શ્રી સંઘ સાથે ગયેલ. તે દિવસે બપોરના પૂજા, પ્રભાવના થયેલ. તેઓશ્રી વિહાર કરી બોટાદ પધારતાં ભાવનગરથી શેઠ ત્રિભોવનદાસ ભાણજીના પુત્રવધુ વેણીબેન દર્શનાર્થે આવતાં પ્રભાવના આંગી આદિ તેમના તરફથી થયેલ. પૂ. મહારાજશ્રી વિહાર કરી સુરેન્દ્રનગર તરફ પધારશે.

**ટ્રસ્ટ બીલ રદ થયું :** ભારતની ચાલુ લોકસભાનું વિસર્જન થયું હોવાથી લોકસભામાં રજુ થવા માટે એજન્ડા પર રહેલ બીલો હવે આપોઆપ રદ થતા હોવાથી ધર્માદા ટ્રસ્ટો માટે જે નવું બીલ લોકસભામાં રજુ થનાર હતું, જે બીલથી ધર્માદા ટ્રસ્ટો પર અમર્યાદિત નિયંત્રણો આવનાર હતા તે બીલ પણ હવે આપોઆપ રદ થાય છે.

**યાત્રાવેરો માફ રહ્યો :** શ્રી ભીલડીયાજી જૈન તીર્થની યાત્રાએ જનાર જૈન યાત્રિકો પર જે

યાત્રા વેરો ત્યાંની ગ્રામ પંચાયતે નાંખવાનું નક્કી કરેલ તે યાત્રા વેરો જૈન સમાજના સખ્ત વિરોધના કારણે હાલ મોકુફ રહ્યો છે.

**ભુજમાં ધર્મપ્રભાવના :** પૂ. પાદ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવર પોતાના શિષ્ય પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજ આદિ પરિવારની સાથે ફાગણ વદિ ૧૦ ના ભુજ શહેરમાં પધારતા સંઘ તરફથી સામૈયું થયેલ. વ્યાખ્યાન બાદ પ્રભાવના થયેલ. વંડામાં તેઓશ્રીનાં પ્રવચનો દરરોજ થતાં જેનો જૈન-જૈનેતર વર્ગ સારી સંખ્યામાં લાભ લેતો હતો. ચૈત્ર સુદિ ૩ શનિવારના રોટરી કલબમાં 'સાધનાનો માર્ગ' એ વિષય પર મનનીય પ્રવચન સાંભળીને પોતાનો અનહદ આનંદ વ્યક્ત કરેલ. ભુજ તપગચ્છ સંઘના આગેવાનો તરફથી પૂ. મહારાજશ્રીને ચાતુર્માસ માટેનો ખૂબ આગ્રહ થયેલ. પૂ. પંન્યાસજી મહારાજશ્રીનો વિહાર ચૈત્ર સુદિ ૫ નો નક્કી થતાં મૂર્તિપૂજક સંપ્રદાયના ૩ ગચ્છોએ તથા સ્થાનકવાસી સંપ્રદાયના ૩ ગચ્છોએ પૂ. મહારાજશ્રીને સ્થિરતા કરવા અતિશય આગ્રહ કર્યો હતો, પણ પૂ. મહારાજશ્રીનો વિહાર નક્કી થતાં તેઓશ્રીએ ચૈત્ર સુદિ ૫ ના સપરિવાર બપોરે માધાપર બાજુ વિહાર કર્યો હતો. જૈન સંઘના બધા આગેવાનો તથા જૈન-સમાજના સંખ્યાબંધ ભાઇ-બ્હેનો પૂ. મહારાજશ્રીને વળાવવા આવેલ. પૂ. મહારાજશ્રીએ મંગલાચરણ સંભળાવેલ. સંઘ તરફથી પ્રભાવના થયેલ. પૂ. મહારાજશ્રી માધાપર પધારતાં ત્યાં પ્રવચન થયેલ. સુદિ ૬ ના તેઓશ્રી કુકમા પધાર્યા. ને સુદિ ૭ ના શીતલાએ પધાર્યા. ભુજ સંઘના આગેવાનો બન્ને સ્થળોએ પૂ. મહારાજશ્રીનાં વંદનાર્થે આવેલ. પૂ. મહારાજશ્રી સુદિ ૮ ના અંજાર શહેર પધાર્યા હતા. પૂ. મહારાજશ્રીને વર્ષીતપ ચાલે છે. ગત વૈશાખ મહિનામાં તેઓશ્રીના વર્ષીતપનું પારણું શંખેશ્વરજીમાં થયેલ બાદ ફા. વદિ ૮ થી તેઓશ્રીએ પાંચમો વર્ષીતપ શરૂ કર્યો છે.

**માંડવીના વર્તમાન :** માંડવી (કચ્છ) શહેરમાં શ્રી તપગચ્છ સંઘના દેરાસરનો જીર્ણોદ્ધાર હજારોના ખર્ચે સુંદર થઇ રહ્યો છે. સંઘના આગેવાન ભાઇઓના સહકાર તથા પરિશ્રમથી દેરાસરનું કાર્ય પદ્ધતિપૂર્વક થઇ રહ્યું છે. સંઘના ટ્રસ્ટી શ્રી ઝુમખલાલ મહેતા તથા ભાઇ નાનાલાલ ગોળવાળા આદિની દેખરેખથી જીર્ણોધ્ધારનું કાર્ય આગળ વધી રહ્યું છે.

**વિશ્વભારતી વિદ્દન્મંડલી દ્વારા સન્માન :** બિકાનેર (રાજસ્થાન)ની વિશ્વભારતી વિદ્દન્મંડલીના ઉપક્રમે હીન્દી વિશ્વભારતી સંસ્થા તરફથી પૂ. મુનિરાજ શ્રી ભવ્યાનંદવિજયજી મહારાજને સાહિત્યકાર ધર્મોપદેશક તરીકે સન્માનપત્ર અર્પણ થયેલ. અને તેઓશ્રીની નિશ્રામાં સંસ્કૃત વિદ્દદ્‌ગોષ્ઠીનું આયોજન કર્યું હતું, જે સફળ થયેલ.

**વેલુરમાં આરાધના :** પૂ. મુનિરાજ શ્રી ચિદાનંદવિજયજી મહારાજ આદિ ઠા. ની નિશ્રામાં વેલુરમાં શ્રી નવપદજીની આરાધના સુંદર રીતે થયેલ તથા ભ. શ્રી મહાવીર દેવના જન્મકલ્યાણકની ઉજવણી સારી રીતે થયેલ. સકલ સંઘે બજાર બંધ રાખેલ.

**ભરૂચમાં ઉજવણી :** ભરૂચ ખાતે ચૈત્ર સુદિ ૧૩ના રાત્રે નવ વાગ્યે શેઠ ચુનીલાલ રાયચંદભાઈના અધ્યક્ષસ્થાને શ્રી મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી થયેલ. પ્રારંભમાં પાઠશાળાની બાળાઓએ પ્રાર્થના કરી હતી. ત્યાર બાદ ધાર્મિક શિક્ષક શ્રી એન. બી. શાહે પ્રભુ શ્રી મહાવીર દેવના જીવન પ્રસંગો પર વિવેચન કર્યું હતું. બાળાઓએ ભક્તિ ગીતો તથા ગરબાઓ ગાયા હતા.

**સિદ્ધચક્ર પૂજન :** અમદાવાદ ખાતે પૂ. પંન્યાસજી મહારાજ શ્રી પ્રતાપવિજયજી ગણિવર આદિની શુભ નિશ્રામાં નવપદજી ભગવંતની સુંદર આરાધના થઇ હતી. તેમજ સિદ્ધચક્રપૂજન ઠાઠથી થયેલ.

**મદ્રાસમાં જન્મકલ્યાણક મહોત્સવ :** મદ્રાસના સમગ્ર જૈનસંઘે ભ. શ્રી મહાવીરદેવના જન્મકલ્યાણક મહોત્સવની ઉજવણી શાનદારરીતે કરી હતી. તે દિવસે બજારો બંધ રહ્યા હતા. સવારે ભ. શ્રી મહાવીરદેવની રથયાત્રા નયા જિનમંદિરમાંથી નીકળી હતી. જેમાં જૈનમીશન એલીમેન્ટ્રી સ્કુલ, જૈનમીશન

સ્નાત્રમંડલ, જૈનમીશન સંગીત મંડળ, ચંદ્રપ્રભુજિન સંગીત મંડળ, જૈનબોર્ડીંગ આદિ અનેક સંસ્થાઓએ સુંદર સહકાર આપ્યો હતો. ચારે સંપ્રદાયની ગુજરાતી, મારવાડી, સમાજની અગ્રગણ્ય વ્યક્તિઓએ ભાગ લીધો હતો. સવારે ૧૦।। વાગ્યે જૂનામંદિરજીનાં સાધારણ ભુવનમાં શ્રીમતી રૂક્ષ્મણીદેવી એરન્ડલની અધ્યક્ષતામાં સભા યોજવામાં આવી હતી. જૈનમીશન સોસાયટીના માનદ કાર્યકર્તા ડૉ. જે. રીખવદાસ જૈને સ્વાગત ભાષણ કર્યું હતું. જૈનમીશન પાઠશાળાના વિદ્યાર્થી અનોપચંદ જૈન (બી. કોમ) ઈંગ્લીશ ભાષામાં ભગવાન શ્રી મહાવીર સ્વામીનાં જીવન પર સુંદર વિવેચન કર્યું હતું. તેમજ એસ. એસ. ભંડારી, મોહનમલજી ચોરડીયા, આદિ વક્તાઓએ ભગવાનના ગુણાનુવાદ કર્યા હતા. અંતમાં પ્રમુખશ્રીએ ભગવાન શ્રી મહાવીરદેવને સર્વોત્તમ પુરૂષ તરીકે ઓળખાવી તેમના આદર્શોને જીવનમાં ઉતારવા ભલામણ કરેલ. મહોત્સવના આયોજનમાં અગ્રગણ્ય કાર્યકર શ્રી જશવંતલાલ કુમઠે આભારદર્શન કરેલ. બપોરે નયા મંદિરજીમાં ઠાઠથી પંચકલ્યાણકપૂજા ભણાવવામાં આવેલ સાંજે ૭।। વાગ્યે ભજન-કીર્તનનો કાર્યક્રમ યોજવામાં આવેલ તેમાં જે જે સંસ્થાઓએ ભાગ લીધેલ, તે તે સંસ્થાઓને શ્રી જશવંતમલજી કુમઠ તરફથી ઇનામો અપાયા હતા. સમગ્ર દિવસ ભ. શ્રી મહાવીરદેવના ગુણાનુવાદમાં પૂર્ણ થયેલ.

**અંજારમાં નવપદજીની આરાધના :** અંજાર (કચ્છ) ખાતે પૂ. પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવરશ્રીની શુભ નિશ્રામાં નવપદજી ભગવંતની આરાધના ભવ્યરીતે ઉજવાઇ હતી. પૂ. મહારાજશ્રી દરરોજ નવપદજીના મહિમા પર મનનીય પ્રવચન આપતા હતા. ચૈત્ર સુદિ ૧૩ ના ભગવાનશ્રી મહાવીરદેવના જન્મ કલ્યાણકની ઉજવણી ભવ્યરીતે થયેલ. સવારે સમસ્ત જૈન સંઘ તરફથી રથયાત્રાનો વરઘોડો નીકળેલ, વરઘોડામાં અંજાર જૈનસંઘના સમસ્ત ભાઇ-બ્હેનોએ ભાગ લીધેલ, દુકાનો તથા બજાર બંધ રાખેલ. સંઘ તરફથી લાડવાની પ્રભાવના થઈ હતી. બપોરે દશાશ્રીમાલીની વાડીમાં પૂ. મહારાજશ્રીના શુભ નિશ્રામાં જાહેર સભા યોજાયેલ જેમાં જૈન-જૈનેતરભાઇ-બ્હેનોની હાજરી સારી હતી. પૂ. મહારાજશ્રીએ ભગવાન શ્રી મહાવીરના જીવનપ્રસંગો પર ૧।। કલાક સુધી મનનીય પ્રવચન આપેલ, બાદ અન્યાન્ય પૂ. મુનિવરોએ પણ ભગવાન શ્રી મહાવીરદેવનાં જીવન પર સુંદર પ્રકાશ પાડેલ. જન્મકલ્યાણક મહોત્સવની ઉજવણી ભવ્ય રીતે અંજાર શહેરમાં થઇ હતી. દેરાસરમાં પૂજા ભણાવાયેલ. ધ્વજા-પતાકા મંડપરચના આદિથી દેરાસર તથા ચોકને સુશોભિત કરેલ. ચૈત્ર સુદિ ૧૫ ના શ્રી શત્રુંજય તીર્થનાં પટ દર્શને પૂ. મહારાજશ્રી સપરિવાર વાજતે-ગાજતે પધાર્યા હતા. ભુજસંઘના આગેવાનો શેઠ દામજીભાઇ, કેશવલાલભાઇ, માણેકલાલભાઈ, ચીમનલાલ વસા, બાબુભાઇ ઝવેરી, સાકરચંદભાઇ બટુકભાઇ ઝવેરી આદિ ભાઇઓ પૂ. મહારાજશ્રીને ચાતુર્માસાર્થે વિનંતિ કરવા આવેલ. પહેલાં ભુજ સંઘના ભાઇઓ પૂ. પાદ આચાર્ય મહારાજ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીની સેવામાં ગુજરાત ખાતે ધોલાસન તથા બીજી વખત કલોલ મુકામે જઇને પૂ. આચાર્યદેવશ્રી પાસેથી આજ્ઞાપત્ર લઇને આવેલ, એટલે પૂ. પાદ ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રીની આજ્ઞાનુસાર ભુજ સંઘની વિનંતિનો સ્વીકાર કરી, ભુજખાતે ચાતુર્માસનો નિર્ણય લેવાયો હતો. વઢવાણ સંઘની ચાતુર્માસ માટે વિનંતિ હોવા છતાં ભુજ સંઘનો અતિશય આગ્રહ હોવાથી ભુજસંઘની વિનંતિ માન્ય રહી હતી.

**હીસ્ટીરીયા તથા વાઇ માટે :** હીસ્ટીરીયા તથા વાઇ જેવા હઠીલા રોગો માટે અકસીર તથા ચમત્કારરીતે ફાયદાકારક દવા પૂ. સાધુ મહારાજ તથા પૂ. સાધ્વીજી મહારાજના માટે જોઇતી હોય તે ગામના સંઘે અથવા શ્રાવકભાઇએ ૧૦।। આનાના પોષ્ટેજ ખર્ચ (સ્ટેમ્પ) મોકલાવી નીચેના ઠેકાણેથી મંગાવવી. શાહ રસિકલાલ મફતલાલ ઠે. પંપવાળો માઢ, મુ. માલણ [ઉ. ગૂ.) (જી. બનાસકાંઠા)

**જૈનપૌષધશાળાનો જિર્ણોદ્ધાર :** બીકાનેર (રાજસ્થાન) ખાતે રાંગડીચોક જૈનપૌષધશાળાનો જિર્ણોદ્ધાર પૂ. મુનિરાજ શ્રી ભદ્રાનંદવિજયજી મહારાજશ્રીના સદુપદેશથી રૂા. ૩૫ હજાર ઉપરના ખર્ચે

સુંદર થયેલ છે. જેનું ઉદ્ઘાટન શ્રમણોપાસક વયોવૃદ્ધ શેઠશ્રી મંગળચંદજી ઝાબકના શુભ હસ્તે ચૈત્ર સુદિ ૧૫ના થયેલ ને તે પ્રસંગે જૈનસમાજના સેવાભાવી કાર્યકર શ્રી પ્રસન્નચંદજી કોચરને સન્માનપત્ર સમર્પિત કરવામાં આવેલ. શ્રી જૈનસંઘ તરફથી માનપત્ર અર્પણ કરવામાં આવેલ.

**માંડવલામાં જન્મ કલ્યાણક સમારોહ :** પ્રત્યેક વર્ષની જેમ માંડવલા (રાજસ્થાન)માં મહાવીર જૈનસભાના ઉપક્રમે ભગવાન શ્રી મહાવીરદેવના જન્મ કલ્યાણક મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાયો હતો. ચૈત્ર સુદિ ૧૩ ના કાર્યાલયમાંથી રથયાત્રાનો વરઘોડો નીકળ્યો હતો. વરઘોડાની શોભા સુંદર હતી. બપોરે સંગીતગોષ્ઠી હતી. અને સાંજે શ્રી મોતીલાલ પુરોહિત પ્રધાન અધ્યાપકના પ્રમુખપણા નીચે સભા થયેલ. જેમાં સંસ્થાના પ્રધાનમંત્રી શ્રી હીરાચંદજી જૈન, સુખદેવ ભારદ્વાજ, લક્ષ્મીનારાયણ, તથા રણજીતસિંહજીએ ભ. શ્રી મહાવીર પ્રભુના ગુણાનુવાદ કર્યાં હતા. મુનિવર્ય શ્રી પદ્મસાગરજીએ ભગવાન શ્રી મહાવીરદેવના ગુણોને જીવનમાં ઉતારવા અનુરોધ કર્યો હતો.

**ભદ્રેશ્વરજી તીર્થની છત્રછાયામાં :** કચ્છદેશના સુપ્રસિદ્ધ ભદ્રેશ્વરજી તીર્થની યાત્રાયે હજારો યાત્રિક ભાઇ-બ્હેનો આવે છે. ભદ્રેશ્વરજીમાં ચૈત્ર વૈશાખ તથા જેઠ મહિનાની અતિશય ગરમીમાં પણ જાણે માથેરાન કે મહાબલેશ્વર હોય તેવી શીતલ હવા, અને ઠંડકમય વાતાવરણમાં ગરમીનું નામ જણાતું નથી. અક્ષયતૃતીયાના પ્રસંગે ભ ેશ્વરજીના મુનીમ વોરા નેમચંદ કસ્તૂરચંદના ધર્મપત્ની રંભાબ્હેનના વર્ષીતપની નિર્વિઘ્ન પૂર્ણાહુતિનો પ્રસંગ હોવાથી તેમના તરફથી મહોત્સવનું આયોજન થયેલ. તે નિમિત્તે તેમની આગ્રહપૂર્વકની વિનંતિથી પૂ. પાદ પંન્યાસજી મહારાજશ્રી કનકવિજયજી ગણિવરશ્રી સપરિવાર ચૈત્ર વદિ ૧૪ના અત્રે પધારેલ છે. પૂ. સાધ્વીજીઓ અને શ્રાવિકાઓમાં વર્ષીતપના પારણા છે. દરરોજ વ્યાખ્યાન ચાલે છે, વોરા નેમચંદ કસ્તુરચંદ તરફથી દરરોજ પૂજા, ભાવના તથા પ્રભાવના અને ઓળી થાય છે. બહારગામથી આ પ્રસંગ પર સેંકડો ભાઈ-બ્હેનો આવ્યા છે. તથા યાત્રિક પણ સારી સંખ્યામાં આવે છે એથી સારી સંખ્યામાં ભાઇ-બ્હેનોની વસતિ આ તીર્થક્ષેત્રમાં રહે છે. યાત્રાલુઓ દરરોજ સારી સંખ્યામાં આવતા રહે છે. વાહનવ્યવહારની સગવડ સારી છે. ગમે તેવી ગરમીમાં પણ દરિયાકાંઠો હોવાથી શીતલતા તથા સુખદ હવા રહે છે. વૈશાખ સુદિ ૩ ના સવારે રથયાત્રાનો વરઘોડો નીકળ્યો હતો. બાદ વ્યાખ્યાન થયા પછી વર્ષીતપના તપસ્વીઓના પારણા શાન્તિપૂર્વક થયા હતા. પૂ. આ. મ. શ્રી વિજય ભક્તિસૂરીશ્વરજી મહારાજશ્રીના શિષ્યરત્ન તપસ્વી પૂ. મુનિરાજ શ્રી દર્શનવિજયજી મહારાજશ્રીને પણ વર્ષીતપનું પારણું થયેલ. વોરા કસ્તુરચંદના સુપુત્રો તરફથી નવકારશીનું જમણ હતું. બપોરે નવાણુંપ્રકારી પૂજા લીંચવાલા નાથાલાલભાઇ તથા પોપટલાલભાઇ તરફથી હતી. આંગી તથા પ્રભાવના તેમના તરફથી હતી. પૂ. પંન્યાસજી મહારાજશ્રી વૈશાખ સુદિ ૧૫ સુધી અત્રે ભદ્રેશ્વરજી ખાતે સ્થિરતા કરવા વકી છે.

**જૈન સંસ્કૃતિની મહત્તા :** દિલ્હીખાતે સુભાષમેદાન પર મહાવીર જન્મ કલ્યાણક ઉત્સવ સમિતિ તરફથી ભ. શ્રી મહાવીરદેવના ગુણાનુવાદ માટે વિશાલ સભા યોજવામાં આવેલ. જેમાં લોકસભાના સભ્ય જયપુરના મહારાણી ગાયત્રીદેવીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે 'જૈનસંસ્કૃતિ અમર છે, ગમે તેવા સંઘર્ષો વચ્ચે તે શાશ્વત રહી છે, એટલુંજ નહિ પણ તે બીજી સંસ્કૃતિને માટે પ્રેરણારૂપ છે. ભગવાન શ્રી મહાવીરદેવનો સંબંધ કેવળ જૈન સમાજની સાથે નથી, પણ તેઓશ્રીએ ફરમાવેલ અહિંસા અને સત્યના સિદ્ધાંતો સર્વ કોઇને માટે લાભદાયી છે. ભૂતપૂર્વ દેશી રજવાડાઓ પર જૈનોના પ્રભાવ વિષે બોલતા ગાયત્રીદેવીએ કહ્યું હતું કે, 'જયપુર તો જૈનોનું નગર કહેવાય છે. જયપુરમાં ભવ્ય જિનમંદિરો છે તેની સ્થાપત્યકલા અદ્વિતીય છે. જો પુરાતત્ત્વ સંપત્તિમાંથી જૈનમંદિરોની ગણના બાદ કરવામાં આવે તો ભારતદેશ પુરાતત્ત્વની દૃષ્ટિથી બિલકુલ દરિદ્ર બની જાય.' દીલ્હીમાં ભગવાન શ્રી મહાવીરદેવના જન્મકલ્યાણક નિમિત્તે મહોત્સવ થયેલ જેના ઉદ્ઘા-

ટન સમારોહમાં ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી અધ્યક્ષપદે રહ્યા હતા. મહોત્સવનો કાર્યક્રમ ૩ દિવસ સુધી ચાલેલ જૈન-જૈનેતર પ્રજાએ સારો લાભ લીધો હતો.

**અમદાવાદમાં જન્મકલ્યાણક મહોત્સવઃ-** અમદાવાદ ખાતે ચૈત્ર સુદિ ૧૩ સોમવારના દિવસે ભ. શ્રી મહાવીર જન્મકલ્યાણક નિમિત્તે બેંકો, સરકારી ઓફીસો બંધ રહેલ. તેજ રીતે સ્થાનિક મસ્કતી માર્કીટ, પાંચકુવા મહાજન, રતનપોળ, માણેકચોક, બંધ રહેલ. સવારે નવ વાગ્યે સ્વ. શેઠ જેશીંગભાઇ કાલીદાસના સુપુત્રો શેઠ સારાભાઇ તથા શેઠ મનુભાઇ તરફથી ભવ્ય રથયાત્રાનો વરઘોડો પાંજરાપોળથી નીકળેલ. ઠેર ઠેર રસ્તામાં ભગવાનને વધાવવામાં આવેલ. કેટલાક રસ્તામાં ટ્રાફીક પણ બંધ થયેલ. સવારે ૯-૩૦ વાગ્યે મસ્કતી મારકીટમાં વ્યાપારીભાઇઓ તરફથી પૂજા ભણાવવામાં આવેલ ને પ્રભાવના થયેલ. પાંચકુવા મહાજન તરફથી રીચીરોડના મહાવીરસ્વામિના દેરાસરે બપોરે પૂજા ભણાવાઈ હતી. પ્રભાવના થયેલ આંગી પણ થયેલ. રાત્રે ૮-૩૦ વાગ્યે જૈનોની જાહેર સભા નગરશેઠના વંડે રાખેલ જેમાં ભગવાનના ગુણાનુવાદ થયેલ.

**ચૈત્રી પૂનમના દેવવંદનઃ-** અમદાવાદ ખાતે નાગજી ભૂધરનીપોળના નવા ઉપાશ્રયમાં પૂ. મુનિરાજ શ્રી કંચનવિજયજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં ચૈત્રી પૂર્ણિમાના દેવવંદન વિધિ વિધાનપૂર્વક શ્રી ચતુર્વિધ સંઘે કરેલ હતા. ૫૦૦-૬૦૦ ભાઇ બ્હેનોએ લાભ લીધો હતો. શ્રાવક-શ્રાવિકાઓ પૂજાના કપડાં પહેરીને આવેલ. પ્રદક્ષિણા, ધુપ, દીપ, ખમાસમણા, દેવવંદન ૧૦, ૨૦, ૩૦, ૪૦, ૫૦, ના ક્રમ પૂર્વક પૂજા વગેરે ધામધૂમથી થયેલ. ઉછામણી સારી થઇ હતી. પૂ. મુનિરાજ શ્રી કંચનવિજયજી મહારાજશ્રીના ઉપદેશથી આરાધના સારી થઇ હતી. રાત્રે ભાવનામાં રાજનગર સંયુક્ત મંડલે પ્રભુભક્તિ કરી હતી. પોળના દેરાસરમાં પ્રભુજીને આંગી થયેલ. નાગજી ભુદરની પોળમાં દેવવંદન આ રીતે પ્રથમવાર જ થયેલ છે. ચૈત્રી ઓળીની આરાધના પોળમાં સારી રીતે થયેલ હતી.

**જૈન વિદ્યાર્થીભવન-કડીઃ-** કડી વિદ્યાર્થીભવન સંસ્થાની ધાર્મિક પરીક્ષા શ્રી જૈન શ્રેયસ્કર મંડળના પરીક્ષક શ્રી કાંતિભાઇએ લીધેલ. પરિણામ ૬૬ ટકા આવેલ. વિદ્યાર્થીઓની સ્વેચ્છાયે થતી તપશ્ચર્યા, શ્રી નવકાર મહામંત્ર પ્રત્યેની ભક્તિ-આરાધના વગેરે જોઇને પરીક્ષકે સંતોષ વ્યકત કરેલ. પરીક્ષામાં ઉત્તીર્ણ વિદ્યાર્થીઓ તથા અત્રે યોજેલ નિબંધ હરિફાઇમાં પ્રથમ આવેલ તથા તપશ્ચર્યા આદિમાં સારૂં પરિણામ લાવેલ વિદ્યાર્થીઓને પારિતોષિક સમર્પણનો કાર્યક્રમ સાણંદવાળા શેઠ ચુનીલાલ પદમશીભાઈના પ્રમુખસ્થાને યોજાયેલ. રૂા. ૩૫૦ ના ધાર્મિક ઉપકરણો આદિના ઇનામો અપાયેલ. પ્રમુખશ્રીએ સંસ્થાની પ્રગતિ માટે આનંદ વ્યકત કરેલ, તથા સંસ્થાને ૧૦૧) રૂા. ભેટ આપેલ. સંસ્થા તરફથી ભોયણીજી તીર્થમાં શ્રી નવકાર પ્રદર્શન યોજાયેલ. સંસ્થામાંથી ૩ વિદ્યાર્થીઓ લાખ નવકારમંત્રના જાપ માટે શ્રી શંખેશ્વરજી ગયેલ. તાજેતરમાં આબુજી ખાતે યોજાનાર આધ્યાત્મિક શિબિરમાં સંસ્થા તરફથી શિક્ષક શ્રી દલપતભાઇ સી. શાહ સાથે આઠ વિદ્યાર્થીઓ ગયેલ છે. સંસ્થામાં શ્રી નવકાર મંત્રની આરાધનાનો તાલીમ વર્ગ ચાલુ છે.

**મહેસાણા પાઠશાળા :** મહેસાણા પાઠશાળાના ૨૧ વિદ્યાર્થીઓ રાજનગર ધાર્મિક ઇનામી પરીક્ષામાં બેઠા હતા. અને રૂા. ૧૪૧ ના ઇનામો મેળવ્યા હતા. પરીક્ષક ભાઇશ્રી વાડીલાલભાઇએ પાલીતાણા જૈન શ્રાવિકાશ્રમ તથા જૈન બ્રહ્મચર્યાશ્રમની ધાર્મિક પરીક્ષા લઇ માર્ગદર્શન આપ્યું હતું. પરીક્ષક શ્રી કાંતિલાલ બી. શાહે બનાસકાંઠામાં પરીક્ષાઓ લીધેલ. સંસ્થાના ૨૭ વિદ્યાર્થીઓએ શ્રી નવપદજીની ચૈત્રી ઓળી વિધિ સહિત કરી હતી. હાલમાં પાઠશાળાના વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષા લેવાઇ છે. ચૈત્રી સુદિ ૧૩ ના ભ. શ્રી મહાવીરદેવના જન્મકલ્યાણકના વરઘોડામાં વિદ્યાર્થીઓએ તથા શિક્ષકવર્ગે લાભ લીધો હતો. ફા. સુદિ ૧૩ ના છ ગાઉની પ્રદક્ષિણામાં સિદ્ધવડ મુકામે સંસ્થા તરફથી રૂા. ૭૦૦ નું ભાડુ આપવામાં આવેલ. પરીક્ષક શ્રી વાડીભાઇ મગનલાલની પ્રેરણાથી

સીતાબેન બુલાખીદાસે રૂા. ૫૦૧] સંસ્થાને સહાય આપી લાભ લીધો છે.

'કલ્યાણ માટે': 'કલ્યાણ'ને અંગે જે કાંઇપણ ફરિયાદ કે સૂચના યા કાંઇપણ જણાવવા જેવું લાગે તો કૃપા કરીને અમને એક કાર્ડ લખીને તરત જણાવશો. 'કલ્યાણ'ના હિતૈષી તરીકે તમારી સલાહ સૂચનાનો તાત્કાલિક અમલ કરવા અમે પ્રયત્નશીલ રહીશું.

**શ્રી સંઘના સદ્ભાગ્યે :** પૂ. પાદ આચાર્ય-દેવશ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રી વિશાલ શ્રમણ સમુદાયના પરિવાર સાથે અમદાવાદ ખાતે ચૈત્ર વદિ ૩ના ભવ્ય સામૈયા સાથે પધાર્યા હતા. તેઓશ્રીની પુણ્યપ્રકૃતિ અસ્વસ્થ થવાના સમાચારથી પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. શ્રી તેઓશ્રીને વંદન કરવા તથા શાતા પૂછવા ખંભાતથી વિહાર કરી અમદાવાદ પધાર્યા હતા. અનેક સંખ્ય સાધુ સમુદાયનું સુભગ મિલન થયું હતું. શ્રી સંઘ તથા શાસનના સદ્ભાગ્યે જે કેટલાક વર્ષોથી અંતરાય ખડો થવા પામ્યો હતો, તે દૂર થયો હતો અને ચૈત્ર વદિ ૫ બુધવારના મંગળ દિવસે પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રીએ પોતાના સમુદાયની સંધાયેલી એકતાની શુભ જાહેરાત કરી હતી. જેથી સકલ સંઘમાં ભારે આનંદની લાગણી પ્રગટી હતી.

**અશુભ અકસ્માત :** અમદાવાદ ખાતે શેઠ શ્રી રતિલાલ નાથાલાલ તથા શેઠ શ્રી મોહનલાલ જમનાદાસ તરફથી અંજનશલાકા-ઉધાપન મહોત્સવ, બહારની શેઠ હઠીભાઈની વાડીમાં ઉજવવામાં આવનાર, હતો તે સ્થળે ઉધાપનના ભવ્ય મંડપનું ઉદ્ઘાટન શેઠ શ્રી કસ્તુરભાઇનાં હસ્તે ચૈત્ર વદિ ૯ના બપોરના થયા પછી સાંજે અકસ્માત ઇલેકટ્રીકનો શોટ લાગતાં આગ લાગેલ, જેથી મંડપ નાશ પામેલ. શાસનદેવ તથા ધર્મના પ્રભાવે કોઇને કશી જ ઇજા થઈ નથી. ભવિતવ્યતાયે સાંભળવા પ્રમાણે વીમા એજન્ટના આગ્રહથી શેઠ રતિભાઇએ વીમાના રૂા. ૫૦૦ ભરીને રૂા. ૧ લાખનો વીમો ઉતરાવેલ હતો. તેઓનો ઉત્સાહ-ઉમંગ ધર્મભાવનાના કારણે એવો જ અખંડ રહ્યો હતો.

**અંજનશલાકા મહોત્સવ :** શેઠ હઠીભાઈની વાડીમાં પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીની વરદ છત્રછાયામાં અંજનશલાકા મહોત્સવ શેઠ રતિભાઈ તથા શેઠ મોહનલાલ ભાઇ તરફથી ખૂબ જ ભવ્ય તથા સુંદર સમારોહપૂર્વક આનંદથી ઉજવાયેલ છે. અમદાવાદની જૈન-જૈનેતર જનતાએ સારા પ્રમાણમાં આ મહોત્સવનો આનંદપૂર્વક લાભ લીધો હતો.

**શ્રી સિદ્ધક્ષેત્રની પુનિત છત્રછાયામાં :** શ્રી સિદ્ધક્ષેત્રતીર્થની પુનિત છત્રછાયામાં વર્ષીતપના તપસ્વીઓના પારણાનો સુભગ પ્રસંગ આનંદપૂર્વક તાજેતરમાં અક્ષયતૃતીયાના પુણ્યદિવસે ઉજવાઈ ગયો. ગરમી ઘણી પડવા છતાં તપસ્વીઓ ઉલ્લાસમાં હતા. પારણાવાળા તપસ્વી ભાગ્યશાળી ભાઇ-બ્હેનોની સંખ્યા ૫૭૫ની હતી. આ પ્રસંગે બહારગામના યાત્રાળુ વર્ગની સંખ્યા લગભગ ૬ હજાર જેટલી હતી. ઠેરઠેર તપસ્વી ભાગ્યશાળીઓના નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવો ચાલુ હતા. તીર્થાધિરાજ શ્રી ઋષભદેવ પ્રભુના ઇક્ષુરસપ્રક્ષાલનું ઘી ૭૫૧ મણ, થયેલ. પૂ. સાધુ સાધ્વીજી સમુદાયમાં વર્ષીતપની તપશ્ચર્યા ૨૦ સંખ્યામાં હતી.

**પારમેશ્વરી પ્રવ્રજ્યા મહોત્સવ :** પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજશ્રીની છત્રછાયામાં તેઓશ્રીના વરદહસ્તે અલાઉ (સૌરાષ્ટ્ર) ખાતે ભાઇ મણિલાલ મૂળચંદ ભીમજીભાઇ કોઠારી ભાગવતી દીક્ષા અંગીકાર કરવાના હોવાથી તે નિમિત્તે જિનેંદ્ર ભકિત પંચકલ્યાણક મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયેલ છે. વૈ. સુદિ ૬ના મંગલ દિવસે પૂ. પાદ આચાર્યદેવશ્રીના વરદ હસ્તે ભાઇ મણિલાલની દીક્ષા થયેલ. મહોત્સવના દિવસોમાં પૂજા, ભાવના તથા પ્રભુજીને ભવ્ય અંગરચનાઓ થતી હોવાથી વાતાવરણ ભકિતમય રહેતું હતું. આંબા ગામે પ્રતિષ્ઠા હોવાથી પૂ. પાદ આચાર્યદેવશ્રી પોતાના શિષ્ય-પ્રશિષ્ય પરિવાર સહ તે બાજુ વિહાર કરી પધાર્યા છે.

## પૂ. પાદ આચાર્યદેવ વિજય લક્ષ્મણ-સૂરીશ્વરજી મહારાજના આચાર્યપદ પ્રાપ્તિના ૨૫ વર્ષની પૂર્તિ નિમિત્તે ઘાટકોપરમાં ઉજવાયેલ શ્રી જિનેન્દ્ર – ભક્તિ મહોત્સવ –

જૈન શાસન પ્રભાવક દક્ષિણ દેશોદ્ધારક પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ વિજય લક્ષ્મણ સૂરીશ્વરજી મહારાજના આચાર્યપદ પ્રાપ્ત થયાં ચૈત્ર વદ પાંચમના તા. ૨૫ એ ૨૫ વર્ષ પૂરા થતાં તે નિમિત્તે ઘાટકોપર ખાતે શ્રી તપગચ્છ જૈન સંઘ તરફથી અજવાળીબાઇ જૈન ઉપાશ્રયમાં તા. ૨૫ થી તા. ૨૯ સુધી પાંચ દિવસનો શ્રી જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. શેઠ ચીનુભાઇ જેસીંગભાઇ શેર દલાલ, શેઠ પનાલાલ નાગરદાસ, શેઠ રાયસીભાઇ છેડા, શેઠ જેઠાલાલ દુર્લભજી વિ. તરફથી વિવિધ પૂજાઓ–પ્રભાવનાઓ અને સુંદર અંગરચનાઓ રચાવાઇ હતી, પૂજા ભણાવવા ભાંડુપ અને વીલેપાર્લેનું મહિલા મંડળ વિ. આવવાથી અનેરો રંગ જામ્યો હતો, રાત્રે ભાવનામાં સંગીતરત્ન શાંતિલાલ શાહ તથા દેવેન્દ્રવિજય શાની, રવિના આવવાથી ભાવનામાં માનવ મહેરામણ ખૂબ જ ઉમટયો હતો. તા. ૨૯ ની સવારે વિશાળ વ્યાખ્યાન હોલમાં શ્રી સિદ્ધચક્ર પૂજન શેઠ શાંતિલાલ મગનલાલ ઝવેરી તથા શેઠ પ્રાગજીભાઇ ઝવેરચંદ તરફથી શરૂ થતાં ડભોઈના શા. હીરાભાઇ તથા શેઠ દામજી જેઠાભાઇએ મંગળ વિધિ શરૂ કરી હતી, છેલ્લે લાડુની પ્રભાવના શ્રી સંઘ તરફથી થઈ હતી.

બપોરે ૩ાા વાગે ઊભા કરેલા વિશાળ મંડપમાં એક વિરાટ સભા યોજાઇ હતી, જેમાં જૈન–જૈનેતરો આગેવાનો અને દૂર દૂરથી આવેલા ભાવિકોનાં–ઘણી મોટી સંખ્યામાં દર્શન થતાં હતાં. પૂ. પાદ આચાર્યદેવે પ્રારંભમાં મંગળાચરણ શરૂ કર્યું હતું. બાદમાં શા. ભોગીલાલભાઇએ બહારથી આ પ્રસંગને અનુમોદન અને અભિવાદન કરતાં અનેક સંદેશાઓનો નામ નિર્દેશ કર્યો હતો પૂ. આચાર્ય શ્રી વિજય ભુવનતિલકસૂરીશ્વરજી મ. તથા પૂ પં. શ્રી કનકવિજયજી ગણિવર અને શેઠ રતીલાલ નાણાવટીના સંદેશાઓ મહત્વપૂર્ણ હોઇ ખાસ તેનું વાંચન કરવામાં આવ્યું હતું.

મુંબઈ પારસી એસોસીએશનના પ્રમુખ મેજર બામજીએ પારસી હોવા છતાં મુક્ત કંઠે જૈન ધર્મ અને જૈનાચાર્યના ગુણગાન કરી ગુરુદેવને ભાવભર્યા પ્રણામ કર્યા હતા, બાદમાં ન્યાયમૂર્તિ શ્રી સેવકલાલ કરાણીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે આજે પ્રથમજ હું આચાર્યશ્રીનાં દર્શન કરી પાવન બનું છું. મેં તેઓશ્રી વિષે ઘણું સાંભળ્યું છે તેઓશ્રીમાં વાણી, વિદ્યા અને વ્યક્તિત્વ આ ત્રિવેણીનો સુંદર સમન્વય થયો છે. પોતાના સામર્થ્યભર્યા ઉપદેશથી લાખો લોકોને ધર્મના માર્ગે વાળ્યા છે, અને તેમણે જૈન શાસનની અપૂર્વ સેવા કરી વિજય ધ્વજ ફરકતો મૂકયો છે. ત્યાર બાદ શ્રી મુક્તિલાલ વીરવાડિયા, પાર્લાના આગેવાન શ્રી હીરાલાલ જી. શાહ વિ. ના વક્તવ્યો થયા હતાં.

શ્રી. ચીનુભાઇ જેસીંગભાઈ શેર દલાલે પોતાના વક્તવ્યમાં ગુરુદેવ તરફથી પ્રસિદ્ધ થયેલ આત્મ તત્વ વિચાર ભા. ૧–૨ વાંચવા સૌને ભારપૂર્વક ભલામણ કરી હતી અને સુંદર શબ્દોમાં અભિવાદન કર્યું હતું.

શ્રી. જમનાદાસ ઉદાણી કે જેઓ સ્થાનકવાસી સમાજના આગેવાન અને અર્થશાસ્ત્રી છે. તેઓએ સભાનું સંચાલન ખૂબ જ કુશળતાપૂર્વક કર્યું હતું. એમણે પોતાના ભાષણમાં આવા મહાન જૈનાચાર્યના ગુણગાન અને અભિવાદન કરવાનો સુપ્રસંગ શ્રી ઘાટકોપરના આંગણે ઉજવાઇ રહ્યો છે આથી સૌના હૈયા ખરેખર હર્ષથી નાચી ઉઠે છે. સૂરિદેવના ગુણગાન એટલે દિવસે ફાનસ દ્વારા સૂર્યને બતાવવા જેવું છે, એમનું અનોખુ વ્યકિતત્વ

પ્રતિભા, વિદ્વત્તા વિ. ગુણોજ જૈન તેમજ જૈનેતર વર્ગને આકર્ષી રહ્યાં છે, ભારતભરમાં પગ પાળા ઘૂમીને જનતાને જેમણે સુંદર માર્ગ-દર્શન કર્યું છે. એમનાં જેટલા ગુણગાન કરીએ તેટલા ઓછા છે, હજી પણ પરમાત્મા પ્રત્યે આપણે પ્રાર્થીએ છીએ કે દીર્ઘાયુ જીવી વધુ ને વધુ જૈન શાસનની પ્રભાવના કરતા રહે. છેલ્લે પં. શ્રી કીર્તિવિજયજી ગણિવરે ટૂંકમાં પણ જોસીલી શૈલીથી અંગ્રેજીમાં પ્રવચન કર્યું હતું. ત્યાર બાદ શેઠ ગુલાબચંદ ગફલભાઈએ ગદ્ગદ્ કંઠે ભકિતભાવભર્યા હૃદયે, ખુબજ સુંદર વકતવ્ય કર્યું હતું. તેમણે કહ્યું હતુ કે ગુરુદેવે અત્રેની સમસ્ત જનતાને જે જ્ઞાનામૃત પાન કરાવ્યું છે. કર્મતત્વજ્ઞાન જેવા ગહન વિષય પર સરળ અને સાદી રીતે જે સમજાવ્યું છે તે તેમનો ઉપકાર ભૂલી શકાય તેમ નથી. અમારા ઘાટકોપર સંઘના ઉપર તેમનો અથાગ ઉપકાર છે. આવા પ્રભાવક સૂરિદેવ વધુ ને વધુ શાસનને દીપાવે એજ પ્રભુ પ્રત્યે પ્રાર્થના, તેમજ અત્રેના ઉપ પ્રમુખ શા. છોટાલાલ ભાઈચંદે સૌનો આભાર માની ગુરૂદેવનુ સુંદર અભિવાદન કર્યું હતું. છેલ્લે પૂ. ગુરૂદેવે પોતાના વકતવ્યમાં જણાવ્યું હતુ કે આચાર્યપદના ગુણ ગાન કરી રહ્યા છો તેથી મારાથી અંતરાય પણ ન થાય બાકી સાધુઓને માન કે અપમાન સમાન હોય છે. અમને એમાં ખુશી કે નારાજી નથી પણ જનતા આવા અનુપમ જૈન શાસનની આરાધના કરી જીવનને સફળ કરે, વાણીને જીવનમાં ઉતારે અને અંતે શિવગામી બને વિ. વિ. સુંદર શબ્દોમાં તેઓશ્રીએ પ્રવચન આપ્યું હતું છેલ્લે બહારથી પધારેલા સેંકડો મહેમાનોની શ્રી સંઘ તરફથી ભકિત કરવામાં આવી હતી. ઘાટકોપરના આંગણે ઉજવાયેલ આ પ્રસંગ ઈતિહાસના પાને ચિરસ્મરણીય બની રહેશે. શેઠ બાબુભાઈ સેક્રેટરી શ્રી ચીનુભાઈ, ગુલાબચંદભાઈ, શ્રી જયંતીલાલ વોરા વિ. એ તેમજ સ્થાનકવાસી અગ્રગણ્યભાઈઓએ આ પ્રસંગને દીપાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

મુનિ શ્રી નેમવિજયજી તથા મુનિ શ્રી રાજવિજયજી તેમજ પં. શ્રી અશોકવિજયજી ગણિ વિ. તેમજ અત્રે પૂ. આચાર્યશ્રીની સાથે બિરાજતા પં. કીર્તિવિજયજી ગણિ. મુનિરાજ શ્રી ભાસ્કરવિજયજી આદિ. ૧૧ ઠાણા તેમજ પ્રતિષ્ઠિત નાગરિકોની હાજરી ખાસ ધ્યાન ખેંચનારી હતી.

અત્રેથી પૂ. આચાર્યશ્રી વિહાર કરી ભાયખલા થઈ કોટમાં પધારશે.



**સુરતના શાસન સેવાના મુંગા સેવક શ્રીયુત ખીમચંદ કલ્યાણચંદ નાણાવટી**

જેઓનું સો વર્ષે અવસાન થયું છે.

સુરેન્દ્રનગર : કલ્યાણના સેવાભાવી પ્રચારક માસ્તર શ્રી ચંપકલાલ ચુનીલાલ (વનાળાવાળા) પોતાના સ્વસ્તિક સોસાયટીના બંગલે વાસ્તુ પ્રસંગે પ્રભુજીને લઈ ગયેલ અને ત્યાં બપોરે શ્રી વાસ્તુકપૂજા વાસુપૂજ્ય મિત્રમંડળે ભણાવેલ. રાત્રે ભાવના થયેલ.

નાસિક તરફ : પૂ. આ. દેવશ્રી વિજય લબ્ધિ-સૂરિશ્વરજી મ. ના શિષ્ય મુનિ શ્રી નેમવિજયજી આદિ ઠા. ૨ મહા શુદ ૧૩ના મુંબઈ લાલબાગથી નાસિક તરફ વિહાર કરેલ છે. વચમાં પરામાં મલાડમાં શ્રી નવપદજીની આરાધના કરાવેલ અને રવિવારે સામુદાયિક સ્નાત્રપૂજા તેમજ ભ. શ્રી મહાવીરપ્રભુના જન્મ કલ્યાણકનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો.

**શ્રી નવકાર મહામંત્રનો સુંદર ચાર્ટ**

શ્રી નવકાર મહામંત્રનો સુંદર, ભવ્ય તથા વિવિધ-રંગી ચાર્ટ મોટી સાઈઝનો સારા આર્ટપેપર ઉપર આકર્ષક રીતે છપાવીને નિપાણી (મહારાષ્ટ્ર) નિવાસી શાહ રેવચંદ તુલજારામે પોતાના ધર્મપત્નીનાં પુણ્ય-સ્મરણાર્થે પ્રસિદ્ધ કર્યો છે. નવકાર મહામંત્ર પ્રત્યે ભક્તિ ધરાવનાર સર્વ કોઈને માટે આ ચાર્ટ ખૂબજ ઉપયોગી તથા આલંબનરૂપ છે. મઢાવીને દેર દીવાનખાનામાં કે યોગ્ય સ્થાને રાખી મૂકવા જેવો ઘરના અલંકાર રૂપ છે. શ્રી રેવચંદભાઈએ સારી મહેનત લઈને કાળજી પૂર્વક લાગણીથી આ ચાર્ટ પ્રસિધ્ધ કર્યો છે. તેમના નવકાર મહામંત્ર પ્રત્યે ભક્તિભાવથી તેમણે પ્રસિદ્ધ કરેલ આ ચાર્ટનો સર્વ કોઈ લાભ લે તે જરૂરી છે.

મુનિવિહાર : પૂ. મુનિ શ્રી વિજય ચન્દ્ર-વિજયજી મ. આદિ પાલીતાણાથી વિહાર કરી જાઝમેર ગામ પધારતાં ત્યાં બે દિવસ સ્થિરતા કરી ચૈત્ર વ. ૬ ને રોજ તેઓશ્રીની જન્મતીથી હોવાથી શેઠ શ્રી ઠાકરશી માવજી તરફથી પૂજા પ્રભાવના તથા સંઘ તરફથી નવકારશી જમણ થયેલ. પૂ. આ. શ્રી વિજય ઉદયસૂરિ મ. ને વંદન કરવા મહુવા પધાર્યા છે.

ઈડોદરા : પૂ. આ. શ્રી. વિજય ભક્તિસૂરિ મ. ના શિષ્ય પૂ. પંન્યાસજી તપસ્વી શ્રી મહિમાવિજયજી મ. ૭ માસના આયંબીલ ઉપર ૧૬ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા કરેલ, તેમનું પારણું વૈશાખ શુદ ૩ નુ હોવાથી સંઘ તરફથી અઠ્ઠાઈ મહોત્સવ ઉજવવામાં આવેલ. પૂ. મહારાજશ્રીના પારણાની ઉછામણીનો લાભ શેઠ બબલદાસ સ્વરૂપચંદભાઈએ ૫૦૧ મણ ઘી બોલીને લીધો હતો. આઠ નોકારશીઓ જુદી જુદી વ્યક્તિઓ તરફથી થઈ હતી. આ પ્રસંગે પૂ. આ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ મ. ના પ્રશિષ્ય મુનિ શ્રી લક્ષ્મી-સાગરજી મ. તથા મુનિ શ્રી કસ્તુરસાગરજી મ. પધારેલ.

જુન્નર : (પુના) શ્રી મહારાષ્ટ્રીય જૈન વિદ્યા-ભુવનના વિદ્યાર્થીઓની ધાર્મિક પરીક્ષા લેતા પરિણામ ૯૭ ટકા આવેલ છે. ધાર્મિક શિક્ષક શ્રી મણિલાલ બી. દોશીનો પ્રયત્ન સફળ થયો છે.

ચરમ તિર્થંકર શ્રી મહાવીર જન્મ દિન પ્રસંગે સંઘે ભવ્ય વરઘોડો કાઢયો હતો. સંઘ તરફથી સાકર પાણી અપાયા હતા. તેજ દિવસે વિદ્યાભવનના વિદ્યાર્થીઓનો બપોરે ત્રણ વાગે નિરોપ સમારંભ રાખેલ. તેમાં વકતાઓએ પ્રવચનો કરેલ. છેવટે સમુહ પ્રાર્થના થયા બાદ સહુ છૂટા પડયા હતા.


## દહેરાસરના ટ્રસ્ટીઓ તેમજ વ્યાપારી બંધુઓને !

નિવેદન કે, દહેરાસરના વપરાશ માટે ઉત્તમ તેમજ સ્વચ્છ વસ્તુ જેવી કે, **અગરબત્તી કેશર, સુખડ, દશાંગધુપ, વાસક્ષેપ, સોના-ચાંદીના વરખ, બાદલું, કટોરી, નવકારવાળી તેમજ અમારી સ્પેશ્યલ સુગંધરાજ નં. ૩૩૩ અને ૫૫૫ અગ-રબત્તી** વગેરે કિફાયત ભાવે ખરીદવાનું એક ભરોસાપાત્ર સ્થળ.

**બી. એમ. સરૈયા** ઠે. ભાગા-તળાવ. **સુરત.**

વધુ વિગત માટે પત્રવ્યવહાર કરો !

**ગ્રાહકોનો સંતોષ એ જ અમારો મુદ્રાલેખ છે.**

**દુઃખદ સ્વર્ગવાસ :** વઢવાણ શહેર નિવાસી જૈનસંઘના આગેવાન સેવાભાવી કાર્યકર દોશી જયંતિલાલ વાડીલાલભાઈ માત્ર રા મહિનાની કેન્સરની બિમારીમાં તા. ૬–૫–૬૨ વૈશાખ સુદિ ૩ રવિવાર બપોરે સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે. તેમના દુઃખદ અવસાનની નોંધ લેતાં અમે આઘાતની લાગણી અનુભવીએ છીએ. સ્વ. વઢવાણ જૈન સંઘમાં પ્રતિષ્ઠિત તથા સેવા ભાવી સજ્જન હતા. વઢવાણ જૈન સંઘની વહિવટદાર શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનાં સ્વ. જયંતિલાલભાઈ મુખ્ય કાર્યકર્તા હતા. જૈન સંઘના જૂના સેવાભાવી આગેવાન કાર્યકર્તા સ્વ. શેઠ જગજીવન લલ્લુભાઇ ('કલ્યાણ'ના સંપાદકના પૂ. પિતાશ્રી) કે જેઓએ જૈનસંઘમાં અનેક રીતે નિઃસ્વાર્થભાવે શાસન અને સમાજ સેવા કરી હતી. તેમના સાથે રહી, આયંબલ ખાતામાં પણ સ્વ. શ્રી જયંતિલાલભાઈએ પોતાની સેવાઓ આપી હતી. સ્વ. દોશી જયંતિલાલભાઇના અવસાનથી જૈનસંઘને મોટી ખોટ પડી છે. તેમના માનમાં સંઘે શોકસભા ભરી ઠરાવ પસાર કર્યો હતો, શહેરમાં અડધો દિવસ જૈનસંઘે તેમના માનમાં કામકાજ બંધ રાખેલ શાસનદેવ સ્વ.ના પુણ્ય આત્માને એ જ્યાં હો ત્યાં શાંતિ આપો! અમે સ્વ.ના પુણ્યાત્માની શાંતિ ઇચ્છવા સાથે તેમના કુટુંબીજનો પર તેમના દુઃખદ અવસાનથી આવી પડેલી આપત્તિ માટે સમવેદના વ્યક્ત કરવાપૂર્વક ઇચ્છીએ છીએ કે, શાસનદેવ તેમને સ્વ.ના મૃત્યુના આઘાતને સહવાનું બળ આપે!



સંપાદક


# श्री जिन मन्दिरों के उपयोगी

रथ, हाथी, इन्द्रधजा, गाडी, पालखी, भन्डारपेटी, सुपनाजी, सिंहासन, पांच धातु की प्रतिमाजी बनाने वाला प्रसिद्ध फर्म

## मीस्त्री वृजलाल रामनाथ

पालीताणा : ( सौराष्ट्र )



યશેન્દ્ર પ્રકાશન દ્વારા પૂજ્ય આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજય "રત્નશેખરસૂરી વિરચિત"

## "સિરિ સિરિ વાલ કહા"

નું ટૂંક સમયમાં પ્રકાશન થશે.

જેમાં મૂળ પ્રાકૃત શ્લોકો સંસ્કૃત અવચૂર્ણી, સટિપ્પણ, મૂળ શ્લોકોના ભાષાન્તર સહિત પ્રતાકાર રૂપે ગ્રંથ પ્રગટ થશે. અગાઉથી ગ્રાહક થનારને કિંમત રૂા. ૭) સાત.

લખોઃ- યશેન્દ્ર પ્રકાશન વતી
પારેખ કાંતીલાલ મગનલાલ
૩૮૭, રવીવાર પેઠ પુના સીટી.

**KALYAN** **Regd. No. G. 128**

# કલ્યાણ માટે અમે નહિ, શુભેચ્છકો શું કહે છે ?

વાર્ષિક લવાજમ
રૂા. ૫-૫૦
પરદેશ માટે ૬-૫૦

જૈનસમાજમાં વિવિધ વિષયસ્પર્શી સંસ્કાર, શિક્ષણ તથા શ્રદ્ધાપ્રેરક મનનીય વાંચનસામગ્રીનો રસથાળ આપતા 'કલ્યાણ' માટે કલ્યાણપ્રેમી શુભેચ્છકો પોતાની શુભ ભાવનો વ્યકત કરી, અમને અનેક રીતે ઉત્સાહિત કરી રહ્યા છે.

## અમારા પર આવેલા અનેક પત્રોમાંથી કેટલાય આ રહ્યા :

'કલ્યાણ' નો અંક મલ્યો. કામ પ્રશંસનીય થયું છે. જે માટે અભિનંદન રસસામગ્રી સારી સંગ્રહિત થાય છે.

તા. ૨૮-૩-૬૨. શેઠ મણિલાલ વી. બી. એ. કલકત્તા

'આપની સેવા અભિનંદનને પાત્ર છે,

તા. ૨૨-૩-૬૨. ડૉ. ભોગીલાલ મહેતા વીરમગામ

'આ વખતનું 'કલ્યાણ' ઘણું સરસ છે. વાંચન ઘણુ સુંદર આવે છે.

તા. ૨૮-૩-૬૨. સેવંતીલાલ વી. જૈન મુંબઇ

'કલ્યાણ' ના દરેક વ્યવહારમાં ઝડપી ગતિ જોઇને અમને આનંદ થયો છે. 'કલ્યાણ' ને અંગે સૌજન્યપૂર્ણ સ્વભાવ માટે આપનો ખૂબ જ આભાર'

તા. ૨૦-૩-૬૨. કાંતિલાલ મોહનલાલ ત્રિવેદી અમદાવાદ

**દરેક મહિને વિવિધ વિષયસ્પર્શી મનનીય સાહિત્ય સામગ્રીથી સમૃદ્ધ 'કલ્યાણ' ના આજે જ ગ્રાહક બનો !**

'કલ્યાણ' તમારો જીવનસાથી છે, એ ભૂલશો નહિ.

આજે જ લખો : **કલ્યાણ પ્રકાશન મંદિર** : વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)

સંપાદક, મુદ્રક અને પ્રકાશક : કીરચંદ જગજીવન શેઠ : મુદ્રણસ્થાન : શ્રી જશવતસિંહજી પ્રિન્ટીંગ વર્કસ વઢવાણ શહેર : કલ્યાણ પ્રકાશન મંદિર માટે પ્રકાશિત કર્યું.